અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

27 NOVEMBER-2025 THURSDAY | Vol. : 17 | Issue : 146 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

દિલ્હીમાં પ્રદૂષણ ચિંતાજનક, ઉકેલ શોધવો પડશે, સુપ્રીમ કોર્ટમાં વર્ચ્યુઅલ સુનાવણી કરવા પર વિચાર

4

એક નરસિંહ જ છે જેની સાથે ત્રણ ત્રણ જયંતી જોડાયેલ છે, અને આજે પણ ઉજવાય છે.

6

ગંભીરનો અંદાજ પસંદ નથી આવી રહ્યો; 93 વર્ષમાં પહેલીવાર 400થી વધુ રનથી હાર મળી

7

8મું પગારપંચ લાગુ ન થાય ત્યાં સુધીમાં DA વધશે? : તેનાથી સંબંધિત વિગતો જાણો, નવું આયોગ 1 જાન્યુઆરી 2026...

### ગુજરાત માટે ઐતિહાસિક ક્ષણ : સ્કોટલેન્ડના ગ્લાસગોમાં થયેલી બેઠકમાં લેવાયો નિર્ણય, નાઈજીરિયાને પછાડી મેળવી યજમાની

# કોમનવેલ્થ- 2030 અમદાવાદમાં રમાશે

**અમદાવાદ, તા.26**

ગુજરાત માટે આજનો દિવસ ખૂબ જ ઐતિહાસિક રહ્યો છે. કોમનવેલ્થ ગેમ્સની 2030ની યજમાની અમદાવાદનો નિર્ણય લેવાઈ ચૂક્યો છે. સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં થયેલી મિટિંગમાં અમદાવાદના નામ પર મહોર લગી ગઈ છે. ગ્લાસમોમાં આ ગર્વીલી ક્ષણના સાક્ષી બનવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ભારત તરફથી એક ડેલિગેશન પહોંચ્યું છે. કોમનવેલ્થ સ્પોર્ટ એ એવી સંસ્થા છે, જે કોઈ દેશને યજમાની આપવાનો નિર્ણય લે છે.

કોઈપણ દેશ માટે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવું એ માત્ર રમતગમતના દૃષ્ટિકોણથી જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે એની સમૃદ્ધિ, વિઝન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રીતે પણ મહત્ત્વનું માનવામાં આવે છે.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, 'આ ગુજરાત અને ભારત માટે ગર્વની ક્ષણ છે. કોમનવેલ્થ ગેમ્સને 100 વર્ષ થઈ રહ્યા છે ત્યારે તેનું આયોજન કરવું એ અમારા માટે સન્માનની વાત છે. અમદાવાદ વિશ્વને આવકારવા માટે તૈયાર છે. આ ગેમ્સ ફક્ત આપણા માળખાગત સુવિધાઓ અને પ્રતિભાને જ નહીં પરંતુ આપણી એકતા અને શ્રેષ્ઠતાનું પણ પ્રદર્શન કરશે.'

અત્યારસુધી ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈંગ્લેન્ડ, ભારત, ન્યૂઝીલેન્ડ વગેરે સહિત નવ અલગ-અલગ દેશો કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી ચૂક્યા છે. એમાં ઓસ્ટ્રેલિયાએ 5 વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું છે.

ભારતે અત્યારસુધીમાં 3 મલ્ટીસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન કર્યું છે, જેમાં 1951 અને 1982 એશિયન ગેમ્સ અને 2010ની કોમનવેલ્થ ગેમ્સનો સમાવેશ થાય છે. આ ત્રણેય રમતોનું આયોજન દિલ્હીમાં જ થયું હતું.



હવે કોમનવેલ્થ ગેમ્સ-2030ની યજમાની અમદાવાદને મળી ચૂકી છે. એટલે પહેલીવાર એવું બનશે કે કોઈ ઈન્ટરનેશનલ લેવલની મલ્ટીસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન દિલ્હી બહાર થશે. એટલું જ નહીં, 2030માં જ્યારે અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાશે ત્યારે એક સંયોગ એવો પણ છે કે કોમનવેલ્થ ગેમ્સના આયોજનની 100મી વર્ષગાંઠ પણ હશે.

આમ તો છેલ્લાં ત્રણેક વર્ષથી અમદાવાદમાં ઓલિમ્પિક યોજવા માટેની તૈયારીઓમાં સરકાર લાગી ગઈ હતી. કારણ કે કોમનવેલ્થ ગેમ્સના આયોજનને એક ટેસ્ટ ઈવેન્ટ તરીકે જોવામાં આવી રહ્યું છે. અમદાવાદમાં કોમનવેલ્થ યોજાય એટલે વડાપ્રધાન મોદીથી માંડીને કેન્દ્રીય ખેલ મંત્રાલય તેમજ ગુજરાત સરકાર ઘણા સમયથી પ્રયાસરત હતા. આ મહેનત હવે રંગ લાવી છે.

અમદાવાદને 2030ની કોમનવેલ્થ ગેમ્સની યજમાની મળે એ માટે લાંબા સમયથી મિટિંગ અને મુલાકાતોનો દોર ચાલતો રહ્યો, જેમાં કોમનવેલ્થની ટીમ બે વખત ગુજરાતની મુલાકાતે આવી અને તેમણે માળખાકીય સુવિધાઓ તેમજ તૈયારીઓની સમીક્ષા કરી હતી. આ સિવાય લંડનમાં ત્રણ વખત પ્રેઝન્ટેશન પણ થયાં હતાં.

23 સપ્ટેમ્બર, 2025નો એ દિવસ હતો. અમદાવાદમાં 2030ની કોમનવેલ્થ ગેમ્સનું આયોજન થાય એ માટે લંડનમાં મહત્ત્વની બેઠક મળી રહી હતી. ભારત તરફથી એની આગેવાની એ સમયના ગુજરાતના રમતગમત મંત્રી (હાલના નાયબ મુખ્યમંત્રી) હર્ષ સંઘવી કરી રહ્યા હતા. કેનેડા અને ઓસ્ટ્રેલિયા જેવા દેશ 2030ની યજમાનીમાંથી બહાર થઈ ગયા બાદ અમદાવાદ અને નાઈજીરિયાના અબુજા શહેરમાંથી કોને મેજબાની મળવી જોઈએ એના પર ચર્ચા ચાલી રહી હતી. સવાલ ઊઠ્યો, અમદાવાદમાં એવું તો શું છે જેના કારણે તેને કોમનવેલ્થની મેજબાની મળવી જોઈએ?

વૈશ્વિક મંચ પર થયેલા આ સવાલનો જવાબ ભારતના ડેલિગેશનનું પ્રતિનિધિત્વ કરી રહેલા હર્ષ સંઘવીએ આપવાનો હતો. તેમણે કહ્યું, અમે એવું આયોજન કરવા માગીએ છીએ, જે લાંબા ગાળાની અસર ઊભી કરે, નહીં કે ટૂંકા ગાળાનો તમાશો. અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય ધોરણનાં સ્ટેડિયમ્સ, નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ છે. આગામી સરદાર વલ્લભભાઈ પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ જેવી સુવિધાઓ ઊભી કરવાની તૈયારી છે.

કોમનવેલ્થ ગેમ્સ ફેડરેશનને સોંપવામાં આવેલી બિડમાં અમદાવાદને એક કોમ્પેક્ટ અને આધુનિક ગેમ્સ ફૂટપ્રિન્ટ તરીકે રજૂ કરવામાં આવ્યું છે, જે ખેલાડીઓ, અધિકારીઓ અને દર્શકો માટે એકદમ અનુકૂળ અને સુવિધાપૂર્ણ હોય. આમ, હોસ્ટ સિટી તરીકે અમદાવાદ ઘણા પેરામીટર્સ પર ખરું ઊતરે એમ છે. મિટિંગમાં હાજર કોમનવેલ્થ ગેમ્સના પ્રતિનિધિઓ અને અધિકારીઓ તેમજ અન્ય દેશથી આવેલા લોકોને પણ આ વાત ગળે ઊતરી. આમ, વૈશ્વિક પટલ પર અમદાવાદની દાવેદારી મજબૂત બની.

## અમેરિકાની શાંતિ સમજૂતી વચ્ચે રશિયાનો યુક્રેન પર હુમલો : 6નાં મોત

### રશિયાએ 22 મિસાઈલો અને 460 ડ્રોનથી હુમલો કરતા કીવમાં વીજળી અને પાણી પુરવઠો ખોરવાયો : હીટ સિસ્ટમમાં અવરોધ

**કીવ, તા.26**

રશિયાએ સમગ્ર રાત યુક્રેનની રાજધાની કીવની ઈમારતો અને એનર્જી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર કરેલા હુમલામાં ઓછામાં ઓછા છ લોકોનાં મોત થયા છે. બીજી તરફ યુક્રેને કરેલા હુમલામાં દક્ષિણ રશિયામાં ત્રણ લોકોનાં મોત થયા છે અને મકાનોને નુકસાન થયું છે તેમ સત્તાવાળાઓએ એક નિવેદનમાં જણાવ્યું છે.

આ હુમલા એવા સમયે થઈ રહ્યાં છે જ્યારે અમેરિકા લગભગ ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા અને અમેરિકાની શાંતિ યોજના પર મંત્રણા માટે ફરીથી પ્રયત્ન કરી રહ્યું છે.

એક અમેરિકન અધિકારીએ પત્રકારોને જણાવ્યું હતું કે આર્મી સેક્રેટરી ડેન ડ્રિસ્કોલે અબુ ધાબીમાં રશિયન અધિકારીઓ સાથે કલાકો સુધી મંત્રણા કરી હતી.

ઉલ્લેખનીય છે કે ડ્રિસ્કોલ બે સપ્તાહથી પણ ઓછા સમય પહેલા



અમેરિકાની મંત્રણા માટેની ટીમમાં સામેલ થયા હતાં. જો કે હવે તે શાંતિ સમજૂતી સાથે જોડાયેલી શરતો અંગેની મંત્રણાનું નેતૃત્ત્વ કરી રહ્યાં છે.

યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીએ સોમવાર મોડી રાતે જણાવ્યું હતું કે જિનિવામાં રવિવારે અમેરિકા અને યુક્રેનનાં ડેલિગેટ્સ વચ્ચે થયેલી મંત્રણા પછી યુદ્ધનો અંત લાવવા માટે જરૂરી પગલાઓની યાદી બનાવવી શક્ય બની છે. તેમણે જણાવ્યું હતું કે તે બાકીના સંવેદનશીલ મુદ્દાઓ પર ટ્રમ્પ સાથે વાત કરવાની યોજના બનાવી રહ્યાં છે. ઝેલેન્સ્કીએ ટેલિગ્રામ પર જણાવ્યું હતું કે રશિયાએ સમગ્ર કરેલા હુમલામાં ૨૨ મિસાઈલો અને ૪૬૦ ડ્રોન છોડયા હતાં. આ હુમલાઓને કારણે કીવનાં કેટલાક વિસ્તારોમાં પાણી અને વીજળી પુરવઠો ખોરવાઈ ગયો હતો. જેના કારણે શહેરની હીટ સિસ્ટમમાં પણ અવરોધ ઉભો થયો હતો.

યુક્રેનના ઉર્જા મંત્રાલયના જણાવ્યા અનુસાર રશિયાના હુમલાથી એનર્જી ઈન્ફ્રાસ્ટ્રકચરને મોટા પ્રમાણમાં નુકસાન થયું છે. જો કે તેમણે આ અંગેની વધુ વિગતો આપી ન હતી.

**રાષ્ટ્રપતિએ 9 નવી ભાષાઓમાં બંધારણ બહાર પાડ્યું**

## ત્રણ તલાક ખતમ કરવું ઐતિહાસિક પગલું, GSTથી દેશમાં આર્થિક એકતા મજબૂત થઈ

**નવી દિલ્હી, તા.26**

દેશમાં સંવિધાન દિવસ ઊજવવામાં આવી રહ્યો છે. આ અવસરે સંસદના સેન્ટ્રલ હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સમારોહની અધ્યક્ષતા રાષ્ટ્રપતિ કરી રહ્યા છે. કાર્યક્રમમાં ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, લોકસભા અધ્યક્ષ, કેન્દ્રીય મંત્રી અને બંને ગૃહોના સાંસદો સામેલ છે.

લોકસભા અધ્યક્ષ અને ઉપરાષ્ટ્રપતિએ સભાને સંબોધિત કરી, જેના પછી હવે રાષ્ટ્રપતિ સંબોધન આપી રહ્યા છે અને સંવિધાનની પ્રસ્તાવના પણ વાંચશે. આ દરમિયાન સંવિધાનને 9 નવી ભાષાઓમાં જાહેર કર્યું છે. સાથે જ સંસ્કૃતિ મંત્રાલયની સ્મારક પુસ્તિકા "ભારતના સંવિધાનમાંથી કલા અને કેલિગ્રાફી"ના હિન્દી સંસ્કરણનું વિમોચન પણ થશે.

ભારતનું સંવિધાન હવે 9 નવી ભાષાઓ મલયાલમ, મરાઠી, નેપાળી, પંજાબી, બોડો, કાશ્મીરી, તેલુગુ, ઓડિયા અને આસામીમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. આનાથી દેશના વધુ લોકોને પોતાની ભાષામાં સંવિધાન વાંચવા અને સમજવામાં મદદ મળશે.

## દેશભરમાં બે કરોડ લોકોના આધાર નંબર બંધ

**નવી દિલ્હી, તા.26**

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) આધાર કાર્ડ મુદ્દે મહત્ત્વની માહિતી આપી છે. ઓથોરિટીએ કહ્યું છે કે, દેશભરમાં બે કરોડ મૃત વ્યક્તિઓના નામ ડેટામાંથી હટાવી દેવાયા છે. કોઈપણ છેતરપિંડી ન થાય કે પછી આધાર કાર્ડનો દુરુપયોગ ન થાય, તે હેતુથી ઓથોરિટીએ મૃતક વ્યક્તિઓના આધાર નંબર નિષ્ક્રિય કરી દીધા છે.

મૃતક વ્યક્તિઓની ચોક્કસ માહિતી મેળવી શકાય તે માટે UIDAIએ રજિસ્ટ્રાર જનરલ, રાજ્યો-કેન્દ્રશાસિત પ્રદેશો, જાહેર



વિતરણ વ્યવસ્થા, રાષ્ટ્રીય સામાજિક સહાય કાર્યક્રમ અને અનેક સરકારી વિભાગો પાસેથી ડેટા મેળવ્યા હતા. આ ઉપરાંત ડેટા મેળવવા માટે બેંકો અને અન્ય સંસ્થાઓની પણ મદદ લીધી હતી.

UIDAIએ સ્પષ્ટ કહ્યું છે કે, 'કોઈપણ મૃતક વ્યક્તિનો આધાર નંબર કોઈ અન્ય વ્યક્તિને જારી કરવામાં આવતા નથી. જોકે સુરક્ષાની દ્રષ્ટિએ આ નંબરો નિષ્ક્રિય કરવા પણ જરૂરી છે. જો ફરી આ નંબરો અન્યને આપવામાં આવે તો સરકારી યોજનાઓનો દુરુપયોગ થવાની અને ગેરકાયદે લાભ લેવાની સંભાવના વધી જાય છે, તેથી આ નંબરો કાયમ માટે નિષ્ક્રિય કરવા ખૂબ જરૂરી છે. યુઆઈડીએઆઈએ નવી સુવિધા શરૂ કરી છે, જેમાં પરિવારના સભ્યો 'myAadhaar' પોર્ટલ પર પોતાના દિવંગત વ્યક્તિના આધાર અંગે રિપોર્ટ નોંધાવી શકે છે. આ સુવિધા હાલ 25 રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં શરૂ છે. ચોક્કસ માહિતી મેળવ્યા બાદ જ ઓથોરિટી મૃત વ્યક્તિનો આધાર નંબર નિષ્ક્રિય કરી દે છે.

## મમતા બેનરજીના નિવેદન પર ભડકી ભાજપ સાંસદ કંગના, પાકિસ્તાન પર પણ સાધ્યું નિશાન

**મુંબઈ, તા.26**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ મતદાર યાદી સઘન સુધારણા કાર્યક્રમ (SIR) મામલે ભાજપ અને ચૂંટણી પર પર નિશાન સાધ્યા બાદ ભાજપ સાંસદ કંગના રણૌતે રોષ વ્યક્ત કર્યો છે. મમતાએ આક્ષેપ કર્યો છે કે, 'ચૂંટણી પંચ હવે ભાજપ કમિશનમાં ફેરવાઈ ગયું છે. 2026ની બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા બે મહિનાની અંદર બળજબરીથી SIR કવાયત ઉતાવળમાં શા માટે પૂર્ણ કરાઈ રહી છે?' તો કંગનાએ પણ કહ્યું છે કે, દેશ તેમની ધમકીઓથી ડરવાનો નથી. આ સાથે કંગનાએ પાકિસ્તાન પર પણ નિશાન સાધ્યું છે. મમતા નિવેદન બાદ કંગનાએ કહ્યું છે કે, 'મમતા બેનરજીની ધમકીઓથી દેશ ડરવાનો નથી. આખો દેશ ઘૂસણખોરોને હટાવવા માંગે છે. જે રીતે શરીરમાં કેન્સર હોય છે, તેવી જ રીતે દેશમાં આ ઘૂસણખોરો હોય છે, તેથી આખો દેશ તેમને હાંકી કાઢવા માંગે છે.'

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રામ મંદિરમાં ધ્વજા આરોહણ કરાયા બાદ પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હતો. પાકિસ્તાની વિદેશ મંત્રાલયે ધ્વજા આરોહણ અંગે



પ્રતિક્રિયા આપ્યા બાદ ભાજપ સાંસદ કંગનાએ કહ્યું કે, 'પાકિસ્તાન ગભરાઈ ગયું છે, કારણ કે તેમનો દેશ દિવસેને દિવસે ડુબી રહ્યો છે, ભીખ માંગી રહ્યું છે. આપણો દેશ વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર છે અને ટૂંક સમયમાં સૌથી મોટું અર્થતંત્ર બની જશે.'

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ 25 નવેમ્બરે મતદાર યાદીમાં ચાલી રહેલા એસઆઈઆર માટે ચૂંટણી પંચની ટીકા કરી હતી અને દાવો કર્યો હતો કે રાજ્યના મતુઆ બહુમતીવાળા વિસ્તારોના મતદારો જો નાગરિકતા સંશોધન એક્ટ હેઠળ પોતાને વિદેશી જાહેર કરે છે તો તેમને તરત જ ડિલિસ્ટ કરી દેવામાં આવશે. લોકોને સંબોધતા મમતાએ વચન આપ્યું હતું કે, જો બંગાળમાં તેમને પડકારવામાં આવશે તો સમગ્ર દેશમાં ભાજપના પાયાને હચમચાવી નાખવામાં આવશે. માનવીનાં પ્રાણ ખૂબ જ મૂલ્યવાન છે. તેમણે લોકોને અપીલ કરી હતી કે એસઆઈઆરના ભયથી આત્મહત્યા ન કરે. તેમણે દાવો કર્યો હતો કે વોટર રિવિઝન પ્રોસેસ અંગે ફેલાયેલા ભયને કારણે અગાઉ જ 35-36 મોત થઈ ગયા છે જેમાં આત્મહત્યા પણ સામેલ છે. ડ્રાફ્ટ યાદીઓ ચૂંટણી પંચ અને ભાજપ દ્વારા સર્જાયેલી વિનાશક પરિસ્થિતિ દર્શાવશે. ચૂંટણી સંસ્થા ભાજપ કમિશનમાં ફેરવાઈ ગઈ છે જે દિલ્હીના સૂચનો પર કાર્ય કરી રહી છે અને તે એઆઈને હેરફેરના સાધન તરીકે ઉપયોગ કરશે.



# ભાવનગરમાં ધાર્મિક સ્થળ સહિત 60 કરોડના 30 દબાણો દૂર કરાયા

## 3000 ચોમી જગ્યા ખુલ્લી કરાઈ, 5 જેસીબી અને 2 ડમ્પરો સાથે અધિકારીઓ અને 100થી વધુ પોલીસ જવાનો તૈનાત





**ભાવનગર, તા.26**

ભાવનગરમાં તંત્રનું દબાણ મુક્તિ અભિયાન અકવાડા મદરેસા બાદ આજે નવાપરા કબ્રસ્તાન પાસે આવેલી સરકારી જમીન પરના દબાણો પર બૂલડોઝર ફર્યું છે. કેટલાંક વર્ષોથી ચાલતા ગેરકાયદેસર ગેરેજ, ભંગારની દુકાનો અને એક ધાર્મિક સ્થાન સહિત કુલ 25થી 30 દબાણો પર કાર્યવાહી કરાઈ છે.

સીટી સર્વે દ્વારા આપવામાં આવેલી આખરી નોટિસ બાદ વહેલી સવારે સીટી મામલતદાર અને 100થી વધુ પોલીસ કાફલા સાથે ડીમોલેશન થયું હતું. આ કામગીરી દરમિયાન અંદાજે 60 કરોડની 3 હજારથી 3,500 ચોરસ મીટર જેટલી સરકારી જગ્યા ખુલ્લી કરાઈ છે.

ભાવનગર શહેરમાં તંત્ર દ્વારા દબાણો પર તવાઈ બોલાવવાનું શરૂ કર્યું છે, બે દિવસ પૂર્વે અકવાડા મદરેસાના રસ્તા પર કરેલ બાંધકામ પર મહાનગર પાલિકા દ્વારા ડીમોલેશન કર્યું ત્યાર બાદ આજરોજ શહેરના નવાપરા કબ્રસ્તાનવાળી જગ્યા તરીકે ઓળખાતી સરકારી જમીનમાં લાંબા સમયથી ગેરકાયદેસર રીતે ઓટો ગેરેજ અને ભંગાર સહિત દબાણો ખડકાયેલા હતા.

જેમાં 25થી 30 જેટલા દબાણકારોને દબાણ ખુલ્લું કરવા આપેલી અંતિમ તારીખ 18 નવેમ્બરથી 25મી નવેમ્બર સુધીમાં દબાણો ખુલ્લા કરવા સીટી સર્વે દ્વારા આખરી નોટિસ આપવામાં આવી હતી. જેમાં આજરોજ સરકારી જગ્યા પર કરેલ દબાણ ગેરેજ, ભંગારની દુકાનો અને 1 ધાર્મિક સ્થાન અને ઓફિસ સહિતની 25થી 30 બાંધકામો પર સીટી મામલતદાર, 100 પોલિસ કર્મીઓના કાફલા સાથે વહેલી સવારે ડીમોલેશન હાથ ધરવામાં આવ્યું છે અને 3 હજારથી 3500 ચોરસ મીટર જેટલી જગ્યા ખુલ્લી કરવામાં આવી છે.

અંગે સીટી સર્વે વિભાગના સુપ્રિટેન્ડેટ શિવાંગી ખરાડીએ જણાવ્યું હતું કે, અહીંયા કોઈ મકાનો હતા નહીં રેસીડેન્સીયલ વિસ્તાર હતો નહીં કોમર્શિયલ વિસ્તાર હતો જેમાં ગેરેજ અંદાજિત 25થી 30 જેટલા ગેરેજો અને એક બે બીજા પાકા કન્સ્ટ્રકશન હતાં.

સીટી DYSP આર.આર. સિંધાલ એ જણાવ્યું હતું કે, શહેરના ગંગાજળિયા પોલીસ સ્ટેશનનો જે નવાપરાનો વિસ્તાર છે, ત્યાં 3,000 સ્કવેર ફીટનું જેમાં અંદાજિત 25થી 30 જેટલી દુકાન હતી, જેમાં એક ઓફિસ હતી અને એક ધાર્મિક દબાણ પણ હતું.

આ અંગે કલેક્ટર મનીષકુમાર બંસલે જણાવ્યું હતું કે, આજે ભાવનગર શહેરના નવાપરા વિસ્તારમાં અમુક કાચા પાકા દબાણો હતા એમાં શરૂઆતમાં રેવન્યુ તરફથી 28 એપ્રિલ 2025ના દિવસે નોટિસ આપવામાં આવેલી હતી પછી જે એનો નિર્ણય છે આ 14 ઓગસ્ટના કરીને દબાણ હટાવવા કીધું હતું પછી આ લોકો હાઈકોર્ટમાં ગયા હતાં. હાઈકોર્ટે જીઆરટી માટે કીધું જીઆરટીમાં એટલે કે 19 ઓગસ્ટનું હાઈકોર્ટનો ઓર્ડર હતો પછી ત્રણ મહિનાનું કાઉન્ટ કરીએ તો 19 નવેમ્બરે તેની મુદત પૂરી થતી હતી અને સાત દિવસનો ટાઈમ આપીને કાલે 25 નવેમ્બરના દિવસે આખી મુદત પૂરી થઈ હતી. આજે 26 નવેમ્બરે ભાવનગર એસડીએમની અધ્યક્ષતામાં અને પોલીસની હાજરીમાં જે ટીમ છે એને દબાણ હટાવવાની કામગીરી બીએમસીના સહયોગથી પૂરી કરી છે.

# તાપી પર નવા બેરેજથી 50 વર્ષ સુધી પાણીની ચિંતાનો અંત....

## DPR મંજૂર, 974 કરોડના ખર્ચે ત્રણ વર્ષમાં બનશે નવો બેરેજ, 80 લાખની વસ્તી માટે જળ-સુરક્ષા કવચ બનશે

**સુરત, તા.26**

દક્ષિણ ગુજરાતના લાખો લોકોને પીવાના પાણીની સમસ્યામાંથી રાહત આપવા માટે ગુજરાત સરકારે તાપી નદી પર નવો ગેટેડ બેરેજ બાંધવાની મહત્વાકાંક્ષી યોજનાને મંજૂરી આપી દીધી છે. અંદાજે રૂ. 974 કરોડના ખર્ચે તૈયાર થનારા આ પ્રોજેક્ટનો ડીટેલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ તાજેતરમાં મંજૂર થઈ ચૂક્યો છે, અને મેયરના જણાવ્યા અનુસાર આ પ્રોજેક્ટનું કામ એક જ ફેઝમાં શરૂ કરવામાં આવશે. આ યોજના રાજ્ય અને કેન્દ્ર સરકારના સહયોગથી આકાર લેશે. કુલ ખર્ચના 60 ટકા રકમ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવશે, જ્યારે બાકીના 40 ટકા ખર્ચ રાજ્ય સરકાર અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વહન કરવામાં આવશે. DPR મંજૂર થતા



હવે ટૂંક સમયમાં જ બાંધકામની કામગીરી શરૂ થવાના સંકેતો છે. આ બેરેજનું કામ આશરે ત્રણેક વર્ષ સુધી ચાલશે.

તાપી નદી ઉપર હાલ ઊકાઈ ડેમ, કાકરાપાર વિયર અને સિંગણ વિયર આવેલા છે, પરંતુ દરિયાની ભરતીનું પાણી વિયર-કમ-કોઝવે સુધી આવવાથી આજુબાજુના 10 કિલોમીટરના વિસ્તારમાં જમીનમાં ખારાશ ભળી ગઈ છે.

મીઠા પાણીનો સંગ્રહ: મીઠા પાણીનું સરોવર બનાવી સુરત શહેરની પીવાના પાણીની સમસ્યાનું નિવારણ કરવું.

આ યોજનાના કારણે સુરત શહેરને પીવા માટે 19.60 મિલિયન ક્યૂબિક મીટર પાણી ઉપલબ્ધ થશે. આ બેરેજની લંબાઈ 1035 મીટર અને ઊંચાઈ 5 મીટર જેટલી રહેશે.

આ બેરેજ યોજનાના ભાગરૂપે રાજ્યના સિંચાઈ વિભાગ દ્વારા તાપી નદીના જમણે કાંઠે અંદાજે રૂ. 120 કરોડના ખર્ચે લિફ્ટ ઈરિગેશનનો અમલ પણ શરૂ કરવામાં આવ્યો છે. આનાથી ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના 15 ગામોની 2365 હેક્ટર જમીનને સિંચાઈ માટે પાણી મળી શકશે.

# વડોદરાના સાંસદનો રાહુલ ગાંધીને યુનિટી માર્ચમાં જોડાવા પત્ર : હેમાંગ જોશીએ કહ્યું કે, રાહુલ ગાંધી આવશે તો સમગ્ર કોંગ્રેસ ગુંગળામણમાંથી બહાર આવશે

**વડોદરા, તા.26**

વડોદરાના સાંસદ ડો. હેમાંગ જોશીએ લોકસભા વિપક્ષ નેતા રાહુલ ગાંધીને યુનિટી માર્ચમાં જોડાવવા અંગે પત્ર લખ્યો છે. તેઓને સરદાર પટેલની 150 મી જન્મજયંતિને લઈ કરમસદથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધી નિકળેલ યાત્રામાં જોડાવવા માટે પત્રમાં ઉલ્લેખ કર્યો છે. એક વિપક્ષ નેતા તરીકે નહીં પણ એક ભારતીય તરીકે પદયાત્રામાં ચાલીને દેશને એકતાનો સંદેશો આપો તેવું નિવેદન કર્યું છે. હેમાંગ જોશીએ કહ્યું કે, રાહુલ ગાંધી યુનિટી માર્ચમાં જોડાવા આવશે તો સમગ્ર કોંગ્રેસ ગુંગળામણમાંથી બહાર આવશે. જેને લઈ રાજકારણમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. આ અંગે ડૉ. હેમાંગ જોશીએ જણાવ્યું હતું કે, ગુજરાત અને સમગ્ર દેશના નાગરિકોને અપીલ કરું છું કે સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી નિમિતે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આહવાનથી રાષ્ટ્રીય



એકતા પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય એકતા પદયાત્રામાં 150 યુવાનો કરમસદથી કેવડિયા સુધી જોડાવાના છે. આજે દેશના વડાપ્રધાન વર્ચ્યુઅલ માધ્યમથી ફ્લેગ ઓફ કરવાના છે જેમાં મુખ્યમંત્રી જોડાવવાના છે. ત્યારે તેમાં સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સંગઠનો જોડાવવાના છે. વધુમાં કહ્યું કે, આ યાત્રાનો સૌથી વધારે રૂટ વડોદરાથી પસાર થવાનો છે ત્યારે લોકસભાના વિપક્ષના નેતા અને કોંગ્રેસના આગેવાન ચૂંટણીના સમયે વિવિધ યાત્રાઓ કરવા માટે ખૂબ જાણીતા છે. રાજકીય રીતે તેઓ ચાલતા નથી તેવા રાહુલ ગાંધીને આજે મેં પત્ર લખ્યો છે.

# ડિજિટલ એરેસ્ટ બાદ રાજ્યમાં પહેલી આત્મહત્યા કેસમાં બે આરોપી દબોચાયા

## કંબોડિયાથી ચાલતા કૌભાંડમાં સુરતથી સીમકાર્ડ સપ્લાય કરતા, એક જ ગેંગે બેંગલોરના વૃદ્ધ પાસેથી પણ 50 લાખ પડાવ્યા

**વડોદરા, તા.26**

રાજ્યમાં પ્રથમ ડિજિટલ એરેસ્ટ દ્વારા ખેડૂતને કરોડો રૂપિયાના ફ્રોડની ધમકીથી આપઘાત કેસમાં પોલીસે બે આરોપીને દબોચી લીધા છે. ડભોઈના કાયાવરોહણ ગામે રહેતા 65 વર્ષીય અતુલભાઈ હિરાભાઈ પટેલે આપઘાત કરી લીધો હતો. ખેડૂતને રૂપિયા 40 કરોડનું ફ્રોડની ધમકી આપી ડરાવ્યા હતા. આ મામલે ડભોઈ પોલીસે આખરે ફરિયાદ નોધી બે આરોપી એવા નિકુંજ પાનશેરિયા અને હેનિલ પાનશેરિયાને પકડી લીધા છે. આ અંગે જિલ્લા એસ.પી. સુશીલ અગ્રવાલે જણાવ્યું હતું કે, ડભોઈ પોલીસ મથકમાં ગત 18 નવેમ્બરે એક અકસ્માતે મોત અંગેનો ગુન્હો દાખલ કરવામાં આવ્યો હતો. જેમાં મરણ જનારે દવા પીને આત્મહત્યા કર્યાનું સામે આવ્યું હતું. આ કેસમાં તપાસ માટે મૃતકનો મોબાઈલ FSLમાં તપાસ માટે મોકલતા તેના વિશે ઘણી માહિતી મળી છે અને અમુક અજાણ્યા નંબર્સ મળ્યા છે અને મેસેજીસ મળ્યા છે. આ માહિતી પરથી એવુ સામે આવ્યું છે કે, મૃતક ભૂતકાળમાં ડિજિટલ અરેસ્ટનો શિકાર બન્યો હતો અને તેના કારણે મૃતકે સુસાઈડનું જીવલેણ પગલું ભર્યું છે. આ ટ્રેલને શોધતા પોલીસ પાસે આરોપીનો એક નંબર જેના દ્વારા મૃતકનો સંપર્ક કરવામાં આવ્યો હતો, તે નંબર કંબોડિયાની અંદર એક્ટિવ છે.

મૃતકના મોબાઈલનું ફોરેન્સિક કરતા જાણવા મળ્યું કે, આ ડિજિટલ એરેસ્ટનો ભોગ બનેલ છે. ડભોઈ પોલીસે આ કેસમાં તપાસ કરતા સુરતના પિતરાઈ ભાઈઓ સંડોવાયેલ હોવાનું સામે આવ્યું છે. આ કેસમાં સુરતના પિતરાઈ ભાઈ નિકુંજ પાનસુરીયા અને કેનિલ પાનસુરીયાની સંડોવણી બહાર આવી છે. આ આખું ડિજિટલ એરેસ્ટનું કૌભાંડ કંબોડિયાથી ચાલે છે, પરંતુ સીમ કાર્ડ સુરતનું વપરાયું હોવાનું પોલીસ તપાસમાં બહાર આવ્યું છે.



ફોરેન્સિક એનાલિસિસ કરતા અન્ય એક નંબર પણ મળ્યો હતો. આ નંબર બેંગ્લોરની અંદર એક્ટિવ હતો. તે નંબરની તપાસ કરતા આ જ ડિજિટલ એરેસ્ટના બીજા વિક્ટિમ મળ્યા છે. 65 વર્ષીય રિટાયર્ડ શખસનું પણ આ જ ગેંગ દ્વારા ડિજિટલ એરેસ્ટ કરવામાં આવ્યુ હતું અને જે દિવસે પોલીસ પહોંચી છે, તેના એક દિવસ અગાઉ જ એ શખસ ડિજિટલ એરેસ્ટથી છૂટ્ટા પડ્યા છે. તેમની સાથે કુલ 50 લાખનું ડિજિટલ ફ્રોડ થયું હોય એવી ફરિયાદ બેંગ્લોરની અંદર રજિસ્ટર્ડ થઈ છે. આ ફરિયાદના ફાયનાન્સિલ ટ્રેઈલ હાલ પોલીસ શોધી રહી છે.

વધુમાં કહ્યું કે, હાલમાં પોલીસે સુરતથી બે આરોપીની ધરપકડ ધરપકડ કરી છે. આ કેસમાં આરોપીઓ દ્વારા મોબાઈલ સીમકાર્ડ પ્રોવાઈડ કરાયું હોવાનું સામે આવ્યું છે. જેમાં આરોપીઓ આંતર રાજ્ય તેમજ વિદેશમાં સીમકાર્ડ આપતા હતા. બંને આરોપીઓએ 538 સીમકાર્ડ્સની વાત અન્ય આરોપી સાથે કરી હતી. આ 538 સીમકાર્ડમાંથી 438 સીમકાર્ડ તેમના દ્વારા ડિલીવર કરવામાં આવ્યા હતા. આ 438માંથી જ એક સીમકાર્ડ દ્વારા આરોપીએ આ કૃત્ય આચર્યું હતું. બીજા નામ તપાસની અંદર પોલીસ દ્વારા શોધખોળ કરવામાં આવ્યા છે. જે આરોપીઓ વિદેશમાં છે તેમના વિરુદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર જાહેર કરવામાં આવ્યુ છે.હાલમાં ઝડપાયેલા બંને આરોપીઓના રિમાન્ડ લેવાની તજવીજ ચાલી રહી છે. આ કેસમાં અન્ય બે નામ ખુલ્યા છે તેની તપાસ ચાલી રહી છે.

સતત દબાણ અને ભયને કારણે અતુલભાઈએ સોમવારે(17 નવેમ્બર) વહેલી સવારે 5 વાગ્યે ઘરે જ ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. પરિવારજનોને આ ઘટનાની પાછળ કોઈ મોટી છેતરપિંડી થઈ હોવાની શંકા થતાં તેમણે અતુલભાઈના ફોનમાં આવેલા નંબર પર સંપર્ક કર્યો હતો. ભેજાબાજે આઈકાર્ડ મોકલી પોતે એન્ટી ટેરરિસ્ટ સ્કવોડ(ATS)નો ઈન્સ્પેક્ટર ગૌરવ ગ્રોવર હોવાનો દાવો કર્યો હતો. પરિવારજનોનું કહેવું છે કે ATS અને 40 કરોડના ફ્રોડની ધમકીએ અતુલભાઈને ભયભીત કરી દીધા હતા. આ ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસે તપાસ શરૂ કરી હતી.

મૃતકના ભત્રીજા અંશ પટેલે જણાવ્યું હતું કે હું કાયાવરોહણ ગામમાં રહું છું. અમારા કાકા આજે અમારી વચ્ચે નથી રહ્યા, તેઓ ખેતી કરતા હતા. ત્રણ દિવસથી તેઓ બેચેન રહેતા હતા. કોઈને કશું કહેતા નહોતા. અમારા લાખ પૂછવા છતાંય તેમણે કોઈને કશું કીધું નહોતું. તેમના મિત્રોએ પણ બહુ પૂછ્યું, તેમને પણ કશું ના કીધું. પછી સોમવારે સવારે 5 વાગ્યે તેમણ દવા પી લીધી હતી, જેથી અમે તેમને દવાખાને લઈ ગયા હતા. મંગળવારે સવારે તેમનું મોત થયું હતું. સાયબર ક્રાઈમનો ફ્રોડ બહુ જ વધી ગયો છે. મારા કાકાએ જે પ્રકારે આત્મહત્યા કરી છે એ પ્રકારે કોઈ આત્મહત્યા ન કરે, એવી લોકોને હું અપીલ કરું છું.

# 'રેપ કરનારાના હાથ કાંપવા જોઈએ અને ફાંસીની સજા આપવી જોઈએ'

## મહારાષ્ટ્ર માલેગાંવ 4 વર્ષની બાળકી રેપ-મર્ડર કેસના પડઘા સુરતમાં, કેન્ડલ માર્ચ-ન્યાય યાત્રા કાઢી આરોપીને ફાંસીની સજાની માંગ

**સુરત, તા.26**

મહારાષ્ટ્રના નાસિક જિલ્લાના માલેગાંવમાં 4 વર્ષની માસૂમ બાળકી પર થયેલા ઘૃણાસ્પદ રેપ અને ક્રૂર હત્યાના બનાવના પડઘા સુરત શહેરમાં પણ પડ્યા છે. આ અમાનવીય કૃત્યના વિરોધમા, બાળકીને ઝડપી ન્યાય અપાવવા, આરોપીને ફાંસીની માગ સાથે સુરતના ઉધના વિસ્તારમાં વિશાળ કેન્ડલ માર્ચ અને ન્યાય યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. સુરતની સ્થાનિક યુવતીએ જણાવ્યું હતું કે,'રેપ કરનારાના હાથ કાંપવા જોઈએ અને ફાંસીની સજા આપવી જોઈએ'.

માલેગાંવમાં ગત શુક્રવારે એક 4 વર્ષની બાળકી પર બળાત્કાર ગુજાર્યા બાદ તેને પથ્થર વડે મારી નાખીને નિર્મમ હત્યા કરવામાં આવી હતી, જેના પગલે લોકોમાં આક્રોશ ફેલાયો છે. સુરતમાં આ બનાવનો સખત વિરોધ કરવા અને આરોપીને કડકમાં કડક સજાની માંગ કરવા માટે ઉધના વિસ્તારમાં લોકો રસ્તા પર ઉતર્યા હતા. આ કેન્ડલ માર્ચ અને ન્યાય યાત્રા રાજે ચોકથી શરૂ થઈને છત્રપતિ શિવાજી મહારાજ ચોક સુધી યોજવામાં આવી હતી.

યાત્રામાં મોટી સંખ્યામાં નાની બાળકીઓથી લઈને મહિલાઓ,



યુવાનો અને સ્થાનિક નાગરિકો જોડાયા હતા. તમામ લોકોના હાથમાં મીણબત્તીઓ હતી અને તેઓ પીડિત બાળકી માટે ન્યાયની માંગ કરતા પ્લેકાર્ડ્સ લઈને ચાલી રહ્યા હતા. પ્રદર્શનકારીઓએ એક અવાજે આ કૃત્યના આરોપીને તાત્કાલિક ફાંસીની સજા થાય તેવી પ્રબળ માંગ કરી હતી.

આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે, પરંતુ જનતાની માગ છે કે આવા હેવાનિયતભર્યા ગુના માટે કાયદાકીય પ્રક્રિયા ઝડપી બનાવીને તેને વહેલી તકે ફાંસી આપવામાં આવે જેથી સમાજમાં દાખલો બેસે. ઉપસ્થિત મહિલાઓએ જણાવ્યું હતું કે આવી ઘટનાઓ અટકાવવા માટે આરોપીઓને તાત્કાલિક અને કડક સજા આપવી અનિવાર્ય છે. સમગ્ર સુરત શહેરમાં આ ઘટનાને લઈને શોક અને ગુસ્સાનો માહોલ છે, અને દરેક ખૂણેથી પીડિત બાળકી માટે ન્યાયની માંગ ઉઠી રહી છે.

પ્રીતિસિંગ રાજપૂત (સ્થાનિક યુવતી) એ જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રમાં હાલમાં જ એક ચાર વર્ષની માસૂમ બાળકીનો રેપ થયો છે. એ માત્ર ચાર વર્ષની હતી. એની ભૂલ શું હશે? શું એણે નાના કપડાં પહેર્યા હશે? કે પછી એ કોઈને છેડવા ગઈ હશે? ઈન્સ્ટાગ્રામ પર કંઈકને કંઈક ચલાવી રહી હશે, આ ભૂલ હશે? એ માત્ર ચાર વર્ષની હતી. ભૂલ ચાર વર્ષની બાળકીમાં નહીં, ભૂલ એ નરાધમની છે જેનું દિમાગમાં લોહી નથી દોડતું. આવા લોકોનું લોહી કોઈ બીજી જગ્યાએ ચાલે છે. અને આ બધા લોકો ન મા-દીકરીને જુએ છે ના કંઈ. એમને માત્ર હવસની આગ હોય છે. અમે આ હવસીને સળગાવ્યો છે. આવા હવસી એક નથી હોતા, આવા હવસી રોજ પેદા થાય છે.

**ભરૂચના યુવકનું અપહરણ અને ખંડણી કેસ**

# આરોપી સસ્પેન્ડેડ પોલીસકર્મીને ગોધરા જેલમાં અને આફતાબ પઠાણને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલાયો

**વડોદરા, તા.26**

વડોદરા શહેરમાંથી ભરૂચના યુવકનું અપહરણ કરીને ખંડણી વસુલનાર પોલીસકર્મી સહિત બે આરોપીના રિમાન્ડ પૂરા થતા કોર્ટના આદેશ બાદ જેલમાં મોકલી આપવામાં આવ્યા છે. પોલીસકર્મી યાજ્ઞિક ચાવડાને ગોધરા જેલમાં મોકલવામાં આવ્યો છે. અને આફતાબ પઠાણને વડોદરા સેન્ટ્રલ જેલમાં મોકલી આપવામાં આવ્યો છે. આ કેસમાં હજુ એક પોલીસ સહિત અન્ય એક આરોપી વોન્ટેડ છે. જ્યારે યુવતી સામે પણ વોરંટ ઈસ્યુ કરવામાં આવ્યું છે. ભરૂચ જિલ્લાના શેરપુરા



રોડ પર આવેલી મદીના પાર્ક સોસાયટીમાં રહેતા અફાન ઉસ્માન કાનીનું અમદાવાદ એસઓજી પોલીસ હોવાની ઓળખ આપીને અપહરણ કર્યું હતું અને અમદાવાદ ખાતે લઈ ગયા હતા, ત્યારબાદ 50 લાખની માગણી કરી હતી. 50 લાખ આપવા પડશે, નહી તો તારા પર ખોટા કેસ કરી ફસાવી દઈશુ તેવી ધમકી આપી હતી. યુવકની પાસેથી સાડા ચાર લાખ રૂપિયા બળજબરીથી પડાવી લીધા હતા. જેમાં પોલીસ દ્વારા પોલીસે સેન્ટ્રલ જેલમાં હવાલદાર તરીકે ફરજ બજાવતા યાજ્ઞિક ચાવડા અને કે. ડી. કુંભાર તેમજ આફતાબ પઠાણ અને અન્ય એક મળી સહિત ચાર લોકો સામે અપહરણ તથા ખંડણીનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં ડીસીપી ઝોન -3 અભિષેક ગુપ્તા દ્વારા અલગ અલગ ટીમો બાવીને અપહરણ કારો પૈકીના બે આરોપી યાજ્ઞિક ચાવડા(સસ્પેન્ડેડ જેલ હવલદાર) તથા આફતાબ નઈમખાન પઠાણ ધરપકડ કરી લેવામાં આવી હતી.

# રાજકોટમાં ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળાએ આત્મહત્યા કરી

## પૂર્વ મંગેતરે દુષ્કર્મની ફરિયાદ નોંધાવ્યાના એક વર્ષ બાદ જીત પાબારીનો આપઘાત, એક જ તારીખનો યોગાનુયોગ

**રાજકોટ, તા.26**

રાજકોટના માલવિયાનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ અમીન માર્ગ પર રહેતા ક્રિકેટર ચેતેશ્વર પૂજારાના સાળા જીત રસિકભાઈ પાબારીએ (ઉં.વ. 28) પોતાના નિવાસ્થાને ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. સવારથી જ જીત ઘરે જ હતો. પરિવારજનો તેના રૂમમાં જોવા ગયા તો તે ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવતાં તાત્કાલિક કાલાવડ રોડ પરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તપાસ કરી તેને મૃત જાહેર કર્યો. જીત પાબારીના મૃતદેહને પોસમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો.

આ બનાવની જાણ થતાં માલવિયાનગર પોલીસનો સ્ટાફ હોસ્પિટલ તેમજ ઘરે પહોંચી તપાસ શરૂ કરી છે. હાલ કોઈ સુસાઈડ



નોટ મળી નથી, પરંતુ પોલીસે ઘરની તપાસ હાથ ધરી છે. પ્રાથમિક પૂછપરછમાં સામે આવ્યું છે કે, જીત છેલ્લા ઘણા સમયથી ડિપ્રેશનમાં હતો. પોલીસે આકસ્મિક મૃત્યુનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

ગત 26 નવેમ્બર 2024ના રોજ માલવિયાનગર પોલીસ સ્ટેશન ખાતે જીત પાબારીની પૂર્વ મંગેતર દ્વારા જીત વિરુદ્ધ દુષ્કર્મની પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આમ, એક વર્ષ બાદ એટલે કે 26 નવેમ્બર, 2025ના રોજ આત્મહત્યા કરી લીધી છે.

જીત પાબારીએ અમીન માર્ગ સ્થિત પોતાના ઘરે જ ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં બેભાન હાલતમાં ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તબીબે મૃત જાહેર કરી માલવિયાનગર પોલીસને જાણ કરી હતી.

એક વર્ષ પહેલાં પૂર્વ મંગેતરે નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે જીત રસિક પાબારીનું નામ આપી જણાવ્યું હતું કે તે તેમનાં માતા-પિતા સાથે રહે છે. વર્ષ 2014માં ફેસબુકમાં જીત પાબારીની ફ્રેન્ડ રિકવેસ્ટ આવી અને વાતચીત ચાલુ કરી હતી. જીત પાબારીએ જણાવ્યું કે મને તું પસંદ છો. બાદમાં બંને પરિવારજનો લગ્ન બાબતે સહમત થયાં હતાં. 8 ઓકટોબર, 2021ના બંનેનાં પરિવારજનોના નક્કી થયા મુજબ ગોળધાણાની વિધિ કરવામાં આવી હતી અને 27 જાન્યુઆરી 22ના રોજ બંનેની સગાઈ કરવામાં આવી હતી.

મૃતક જીતની પૂર્વ મંગેતરે લગ્નની લાલચ આપી જીત પાબારી દ્વારા બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાંધવામાં આવ્યાના આક્ષેપ કર્યા હતા. સગાઈ કરી દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું તેમજ ત્યાર બાદ સગાઈ તોડી નાખવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો.

# રાજકોટમાં પાલતું શ્વાનમાલિકની દાદાગીરી, મહિલાને ફડાકા ઝીંક્યા

## કૂતરાંએ હુમલો કરતાં સામસામે બાખડી પડ્યા, પરિવારની દાદાગીરીનો સ્થાનિકોનો આરોપ

**રાજકોટ, તા.26**

રાજકોટનાં કોઠારિયા વિસ્તારમાં એક પાલતું શ્વાનનાં આતંકને લઈ સ્થાનિકોમાં રોષની લાગણી જોવા મળી હતી. જેમાં સુરભિ પોઝિબલ એપાર્ટમેન્ટ્સમાં પાલતુ શ્વાનને લઈને ચાલી રહેલો વિવાદ હિંસક બન્યો છે, આ એપાર્ટમેન્ટનાં શ્વાનધારક મહિલાએ તેની પાડોશમાં રહેતી મહિલાને ફડાકા મારતા રહેવાસીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, શ્વાન સીડીઓ ચડીને મહિલા પર હુમલો કરે છે અને સફેદ ડ્રેસમાં રહેલી મહિલા પોતાના પાડોશી મહિલા સાથે ઝઘડો કરીને ફડાકા ઝીંકે છે. આ ઘટનાએ



એપાર્ટમેન્ટમાં શ્વાનના આતંક અને શ્વાન ધારક પરિવારની દાદાગીરીનો મામલો સપાટી પર લાવી દીધો છે. પાલતું શ્વાન માલિકીના પરિવારની દાદાગીરીનો સ્થાનિકોએ આરોપ લગાવ્યો છે. એપાર્ટમેન્ટમાં રહેતા મહિલા નેહાબેન સોનીએ જણાવ્યું હતું કે, આ શ્વાન ધારક પરિવાર એપાર્ટમેન્ટમાં આવ્યા ત્યારથી જ અન્ય રહેવાસીઓને હેરાન કરવાનું ચાલુ રાખ્યું છે. તેમના શ્વાનના વાળ અન્ય લોકોની ગેલેરીમાં આવે છે. આ ઉપરાંત, આ શ્વાન એપાર્ટમેન્ટના બાળકોને તેમજ અન્ય રહેવાસીઓને રંજાડ કરે છે, જેના કારણે બાળકો લિફ્ટમાં જઈ શકતા નથી અને અગાસી ઉપર કપડાં સૂકવવા જઈએ તો પણ શ્વાન દોડી પાછળ આવે છે. આના કારણે તેઓ ભયના માર્યા ક્યાંય જઈ શકતા નથી અને જીવવું મુશ્કેલ બની ગયું છે. CCTV ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, સાંજે આશરે 05:11 વાગ્યે એક મહિલા અને એક યુવક શ્વાનને લઈને સીડી પરથી ઉપર આવે છે. ત્યાં અન્ય બે મહિલાઓ હાજર હોય છે. વાતચીત દરમિયાન, શ્વાનને લઈને વિવાદ વધે છે અને યુવક દ્વારા શ્વાનનો પટ્ટો પકડવામાં આવે છે, જ્યારે શ્વાન ધારક મહિલા પાડોશી મહિલા પર હાથ ઉગામીને ફડાકા મારે છે. આ ઘટના બાદ અન્ય રહેવાસીઓ પણ એકઠા થઈ જાય છે. સ્થાનિકોએ જણાવ્યું છે કે, આ પરિવાર કોઈ પ્રકારની ફરિયાદ કે રજૂઆતને ગણકારતો નથી. તેમની દાદાગીરી ચાલુ જ છે. આ શ્વાન બાળકો અને અન્ય રહેવાસીઓ માટે સતત ભયનું કારણ બની રહ્યો છે.

ત્યારે સ્થાનિકોએ પોલીસ તંત્રને તાત્કાલિક આ મુદ્દે કડક કાર્યવાહી કરવાની અને એપાર્ટમેન્ટના રહેવાસીઓને ન્યાય અપાવવાની માગ કરી છે. જેથી ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને અને બાળકો તથા અન્ય રહેવાસીઓ સુરક્ષિત રહી શકે. આ વિવાદને પગલે એપાર્ટમેન્ટમાં ભારે તણાવની સ્થિતિ છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### CJI બોલ્યા- કાલે દોઢ કલાક ચાલ્યો, મારી તબિયત બગડી

# દિલ્હીમાં પ્રદૂષણ ચિંતાજનક, ઉકેલ શોધવો પડશે, સુપ્રીમ કોર્ટમાં વર્ચ્યુઅલ સુનાવણી કરવા પર વિચાર

**નવી દિલ્હી, તા.26**

દિલ્હીમાં વધતા પ્રદૂષણને કારણે સુપ્રીમ કોર્ટમાં માત્ર વર્ચ્યુઅલ મોડ પર સુનાવણી કરવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે. જોકે, હાલમાં કાર્યવાહી ફિઝિકલ અને વર્ચ્યુઅલ બંને રીતે થાય છે.

CJI સૂર્યકાંતે બુધવારે જણાવ્યું હતું કે પ્રદૂષણ એટલું વધી ગયું છે કે ગઈકાલે હું સવારે એક કલાક માટે ચાલવા નીકળ્યો ત્યારે મારી તબિયત બગડી ગઈ. આપણે જલ્દીથી તેનો ઉકેલ શોધવો પડશે.

CJI સૂર્યકાંતે વૃદ્ધ વકીલોના પણ સુનાવણી માટે કોર્ટમાં આવવા પર ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે 60 વર્ષ અને તેથી વધુ ઉંમરના વકીલોને ઈન-પર્સન સુનાવણીમાંથી બાકાત રાખવા અંગે વિચારણા કરવામાં આવી છે.

CJIએ આ વાતો તમિલનાડુ, કેરળ, પશ્ચિમ બંગાળ અને અન્ય રાજ્યોમાં SIRને પડકારતી અરજીઓની સુનાવણી દરમિયાન કહી હતી. આ સુનાવણીમાં ચૂંટણી પંચ વતી હાજર રહેલા વરિષ્ઠ વકીલ રાકેશ દ્વિવેદીએ વ્યક્તિગત હાજરીમાંથી મુક્તિ માંગી હતી.

એડવોકેટ દ્વિવેદી: માય લોર્ડ, મોર્નિંગ વોક પર ગયા પછી મને કેટલીક મુશ્કેલીઓ થઈ રહી છે. કૃપા કરીને મારા સહયોગીને સુનાવણીમાં સામેલ થવા દો. હું આગામી તારીખે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર રહેવા માંગુ છું.

એડવોકેટ સિબ્બલ: આપણી ઉંમરે આ ખરાબ હવામાં શ્વાસ લેવો ખૂબ મુશ્કેલ છે. જ્યારે એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) 400-500 છે.

CJI સૂર્યકાંત: ગઈકાલે, હું એક કલાક માટે ચાલવા ગયો હતો. મારી તબિયત બગડી ગઈ. અમે 60 વર્ષ અને તેથી વધુ ઉંમરના વકીલોને રૂબરૂ સુનાવણીમાંથી બાકાત રાખવા અંગે વિચાર કરી રહ્યા છીએ. જો હું કોઈ નિર્ણય લઈશ, તો અમે પહેલા બારને વિશ્વાસમાં લઈશું. હું સાંજે ઓફિસના અધિકારીઓને મળીશ અને કેટલાક પગલાં લઈશ.



દિલ્હી-NCRમાં વધતા પ્રદૂષણને ધ્યાનમાં રાખીને વાયુ ગુણવત્તા વ્યવસ્થાપન આયોગ (CAQM) એ GRAP એટલે કે ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાનને વધુ કડક બનાવ્યો છે. હવે ઘણા મોટા પગલાં શરૂઆતમાં જ લાગુ પડશે, જેથી હવા બગડે તે પહેલાં પરિસ્થિતિ સુધરી શકે.

શનિવારે સવારે દિલ્હી-NCRનો સરેરાશ AQI 360 રહ્યો, જે ખૂબ જ ખરાબ શ્રેણી છે. CAQMએ જણાવ્યું કે નવા પગલાં વૈજ્ઞાનિક ડેટા, નિષ્ણાતોના અભિપ્રાય અને પાછલા અનુભવોના આધારે લેવામાં આવ્યા છે. તમામ એજન્સીઓને તેમને તાત્કાલિક લાગુ કરવાના નિર્દેશો મળ્યા છે.

હવે જે નિયમો પહેલા GRAP-2 પર લાગુ પડતા હતા, તે હવે GRAP-1માં જ લાગુ પડશે. GRAP-3ના ઘણા નિયમો GRAP-2માં અને GRAP-4ના નિયમો હવે GRAP-3માં લાગુ પડશે. GRAP-4માં 50% કર્મચારીઓને વર્ક-ફ્રોમ-હોમ આપવાની જોગવાઈ પણ શામેલ છે.

પહેલા જે પગલાં AQI 301-400ની વચ્ચે હોવા પર લાગુ પડતા હતા, તે હવે AQI 201-300માં જ લાગુ પડશે. આમાં દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ, ગાઝિયાબાદ અને નોઈડામાં સરકારી ઓફિસોના સમયમાં ફેરફાર કરવામાં આવે છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર પણ પોતાની ઓફિસોનો સમય બદલવા પર વિચાર કરી શકે છે.

જે નિયમો પહેલા AQI 450+ હોવા પર લાગુ પડતા હતા, તે હવે AQI 401-450ની વચ્ચે હોવા પર જ લાગુ પડશે. આમાં સરકારી, ખાનગી અને નગર નિગમની ઓફિસોમાં ફક્ત 50% સ્ટાફને બોલાવવો, બાકીના કર્મચારીઓ માટે વર્ક-ફ્રોમ-હોમ શામેલ છે. આ ઉપરાંત કેન્દ્ર સરકાર પણ પોતાના કર્મચારીઓ પર આ મોડેલ અપનાવી શકે છે.

એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) એક પ્રકારનું ટૂલ છે, જે માપે છે કે હવા કેટલી સ્વચ્છ અને શુદ્ધ છે. તેની મદદથી આપણે એ વાતનો પણ અંદાજ લગાવી શકીએ છીએ કે તેમાં રહેલા એર પોલ્યુટન્ટ્સથી આપણા સ્વાસ્થ્યને શું નુકસાન થઈ શકે છે.

હવાની ગુણવત્તા ખરાબ થવા પર GRAP લાગુ પડે છે હવાના પ્રદૂષણ સ્તરની તપાસ કરવા માટે તેને 4 શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવ્યું છે. દરેક સ્તર માટે માપદંડ અને ઉપાયો નક્કી કરવામાં આવ્યા છે. તેને ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન (GRAP) કહેવાય છે. તેની 4 શ્રેણીઓ હેઠળ સરકાર પ્રતિબંધો લાદે છે અને પ્રદૂષણ ઘટાડવાના ઉપાયો જાહેર કરે છે.

## રેર અર્થ મુદ્દે ચીનના પ્રતિબંધો એક કૌભાંડ સમાન: યુરોપીયન યુનિયન

### દુર્લભ ખનીજો માટે લાઈસન્સની પ્રક્રિયામાં ચીનને સંવેદનશીલ માહિતી આપવી પડે છે : સેર્જોન

**બ્રસેલ્સ, તા.26**

સમગ્ર દુનિયામાં રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનીજો પર સૌથી વધુ પકડ ચીનની છે. આ જ કારણે ચીન યુરોપીયન યુનિયન અને અમેરિકાને તેનો સપ્લાય અટકાવી દેવાની ધમકી આપતો રહે છે. આવા સંજોગોમાં યુરોપીયન યુનિયને મંગળવારે દુર્લભ ખનીજો પર ચીનના પ્રતિબંધને કૌભાંડ ગણાવ્યું છે.

યુરોપીયન યુનિયનના ઉપાધ્યક્ષ સ્ટીફન સેજોર્ને સાંસદોને સંબોધન કરતા કહ્યું કે, યુરોપીયન દેશોએ દુર્લભ ખનીજો માટે ચીન પર તેમની નિર્ભરતા ઘટાડવાના પ્રયત્નો ઝડપી બનાવવા જોઈએ. ચીનના પ્રતિબંધો એક કૌભાંડ સમાન છે, જે યુરોપ માટે જોખમી છે. યુરોપ માટે હવે સમય આવી ગયો છે કે તે પોતાની રણનીતિમાં ગતિ લાવે અને તેના પ્રયત્નોને બમણા કરવા જોઈએ. તેમણે યુરોપીયન દેશોને સપ્લાય ચેનમાં વિવિધતા લાવવાનો પ્રયત્ન કરવા આહ્વાન



કર્યું હતું. ચીન વૈશ્વિક રેર અર્થ માઈનિંગમાં લગભગ ૭૦ ટકાનું યોગદાન આપે છે, જેનાથી વૈશ્વિક સપ્લાય ચેઈનમાં તેની ભૂમિકા મહત્વપૂર્ણ છે. આ અંગે સ્ટીફન સેજોર્ને કહ્યું કે, તેનાથી લાઈસન્સ ખૂબ જ ઓછા અપાઈ રહ્યા છે, જેનાથી ડિલિવરીમાં વિલંબ થઈ રહ્યો છે.

આ લાઈસન્સ એવી માહિતીના બદલામાં અપાય છે, જેમાં મોટાભાગે વ્યાપારિક રહસ્યો સામેલ હોય છે. આપણે લાઈસન્સ મેળવવા માટે આપણા નિર્માતાઓ પર કરાતી બધી જ માગો પર ધ્યાન આપીએ તો આ નિશ્ચિતરૂપે એક કૌભાંડ સમાન છે. ચીન પર નિર્ભરતા ખતમ કરવાના આયોજન પર કામ કરી રહેલા સ્ટીફન સેજોર્ને કહ્યું કે તેઓ આ મુદ્દે ૩ ડિસેમ્બરે ખુલાસો કરશે.

## કોમેડિયન કુણાલ કામરાની ટી-શર્ટ પર વિવાદ! : કૂતરા સાથે 'RSS'ને જોડી બખેડો ઊભો કર્યો

**મુંબઈ, તા.26**

કોમેડિયન કુણાલ કામરા ફરી એકવાર વિવાદોમાં ઘેરાયા છે. સોશિયલ મીડિયા પર તેમની એક તસવીર વાઈરલ થઈ રહી છે, જેમાં તે એક ટી-શર્ટ પહેરેલો જોવા મળી રહ્યો છે. ટી-શર્ટમાં છપાયેલી તસવીરમાં એક કૂતરાનો ફોટો અને 'RSS' જેવો દેખાતો અક્ષર જોવા મળી રહ્યો છે, જોકે આખો 'R' સ્પષ્ટ દેખાતો નથી, તેથી ઘણા લોકોએ તેને 'PSS' પણ ગણાવી રહ્યા છે.

કોમેડિયન કુણાલ કામરાએ આ તસવીર સોમવારે, એટલે કે 24 નવેમ્બરે સોશિયલ મીડિયા X પર પોસ્ટ કરી હતી. ફોટો હવે વાઈરલ થઈ રહ્યો છે. એને પોસ્ટમાં લખ્યું, 'આ ફોટો કોઈ કોમેડી ક્લબનો નથી.' આ પહેલાં માર્ચમાં કામરાએ એક કોમેડી ક્લબમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી પર પેરોડી ગીત ગાયું હતું. ત્યાર બાદ શિવસેના દ્વારા એ ક્લબમાં તોડફોડ કરવામાં આવી હતી.

આ ટી-શર્ટ પરનું લખાણ અને



ડિઝાઈન પર ભાજપ અને શિવસેનાના નેતાઓએ ખૂબ વાંધો ઉઠાવ્યો. બંને પક્ષોનો આરોપ છે કે કોમેડિયને ટી-શર્ટ દ્વારા RSSની મજાક ઉડાવવાનો પ્રયાસ કર્યો છે. જ્યારે પોલીસનું કહેવું છે કે મામલાની તપાસ ચાલી રહી છે અને જરૂર પડશે તો કાર્યવાહી પણ કરવામાં આવશે. શિવસેના (શિંદે જૂથ)ના મંત્રી સંજય શિરસાટે કહ્યું હતું કે RSSએ આના પર કડક જવાબ આપવો જોઈએ. કોમેડિયને પહેલાં પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી એકનાથ શિંદે પર ઘણી વખત તીખી ટિપ્પણીઓ કરી ચૂક્યો છે. 36 વર્ષીય સ્ટેન્ડ-અપ કોમેડિયને તેના શોમાં શિંદેની રાજકીય કારકિર્દી પર કટાક્ષ કર્યો હતો. કામરાએ ફિલ્મ 'દિલ તો પાગલ હૈ'ના એક ગીતની પેરોડી કરી હતી, જેમાં શિંદેને ગદ્દાર કહેવામાં આવ્યા હતા. તેણે ગીત દ્વારા શિવસેના અને એનસીપી વચ્ચેના વિભાજન પર રમૂજી ટિપ્પણી પણ કરી.

કામરાનો વીડિયો સામે આવ્યા પછી 22 માર્ચની રાત્રે શિવસેના શિંદે જૂથના સમર્થકોએ મુંબઈના ખાર વિસ્તારમાં હેબિટેટ કોમેડી ક્લબમાં તોડફોડ કરી હતી. શિંદેએ કહ્યું, 'આ જ વ્યક્તિ (કામરા)એ સુપ્રીમ કોર્ટ, વડાપ્રધાન, અર્ણબ ગોસ્વામી અને કેટલાક ઉદ્યોગપતિઓ પર ટિપ્પણી કરી હતી. આ અભિવ્યક્તિની સ્વતંત્રતા નથી. આ કોઈ માટે કામ કરવા જેવું છે.'

દરમિયાન કુણાલ કામરાએ કહ્યું હતું કે તે શિંદે વિશેની તેની વિવાદાસ્પદ ટિપ્પણી બદલ માફી માગશે નહીં અને મુંબઈમાં જ્યાં કોમેડી શો રેકોર્ડ કરવામાં આવ્યો હતો ત્યાં થયેલી તોડફોડની ટીકા કરી.

## જેલમાં કેદ ઈમરાન ખાન અંગે શંકાના વાદળ ઘેરાયાં, પરિજનોને 3 અઠવાડિયાથી મળવા ન દીધા

**ઈસ્લામાબાદ, તા.26**

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અંગે પાકિસ્તાનમાં અનેક અફવાઓ ચાલી રહી છે. પાકિસ્તાનમાં એવી અફવાઓએ વેગ પકડ્યો છે કે, જેલમાં તેમનું સ્વાસ્થ્ય ઠીક નથી. તો બીજી તરફ પાકિસ્તાનના રાવલપિંડી જેલમાં કેદ ઈમરાન ખાનની હત્યા અંગેની ચર્ચાઓ ઈસ્લામાબાદથી કાબુલ સુધી તેજ બની છે. ઈમરાન ખાનની ત્રણ બહેનોને 3 અઠવાડિયાથી અદિયાલા જેલમાં ઈમરાન ખાનને મળવા નથી દીધી. ઈમરાન ખાનની બહેનોએ પાકિસ્તાનના પંજાબ પ્રાંતના IGને ફરિયાદ કરી છે.

કોર્ટની પરવાનગી હોવા છતાં રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ ઈમરાન ખાનને તેની ત્રણ બહેનો અને વકીલોને મળવા નથી દેતા. તેમની બહેનો તેમને છેલ્લે મળી હતી તેના ત્રણ અઠવાડિયા વીતી ગયા છે. બહેનોનો આરોપ છે કે ઈમરાન ખાનનું ઠેકાણું અને તેમના સ્વાસ્થ્ય વિશે કોઈ ઓફિશિયલ જાણકારી નથી. ઈમરાનની બહેન નૌરીને અદિયાલા જેલની બહાર પ્રદર્શનકારીઓ પર 'ક્રૂર હુમલા' અંગે પંજાબ પ્રાંતના IGને ઔપચારિક ફરિયાદ આપી છે. અફઘાનિસ્તાની મીડિયામાં ઈમરાન ખાન અંગે અનેક વાતો કહેવામાં આવી રહી છે અને પાકિસ્તાન સરકાર પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે.

પીટીઆઈના સમર્થકોનું કહેવું છે કે, જો ઈમરાન ખાન સ્વસ્થ છે તો તેમની બહેનોને કેમ તેમની સાથે મળવા નથી દેતા. જ્યારે ઈમરાન ખાન સાથે મુલાકાતનો આદેશ કોર્ટે આપ્યો છે. એક અહેવાલ પ્રમાણે કોર્ટમાંથી નીકળતી વખતે ઈમરાન ખાનની બહેન અલીમા ખાનને કસ્ટડીમાં લેવામાં આવી હતી.

પીટીઆઈના ફાઉન્ડર ઈમરાન ખાનની બહેન નૌરીન નિયાઝીએ ગત અઠવાડિયે રાવલપિંડીની આદિયાલા જેલની બહાર પીટીઆઈના પ્રદર્શનકારીઓ પર



થયેલા 'ક્રૂર હુમલા' વિરુદ્ધ પંજાબ પોલીસ ઈન્સ્પેક્ટર જનરલ ડૉ. ઉસ્માન અનવરને ઔપચારિક ફરિયાદ આપી છે.

ગત અઠવાડિયે ઈમરાનની બહેનોએ દિયાલા જેલની બહાર ધામા નાખ્યા હતા, જ્યાં કથિત રીતે પીટીઆઈના ફાઉન્ડર હાલમાં બંધ છે. પીટીઆઈના અન્ય સભ્યોને પણ તેમની સાથે મુલાકાત નહોતી કરવા દીધી. અહેવાલ પ્રમાણે ઈમરાન ખાનની બહેનો અલીમા ખાન, ડૉ. ઉઝમા ખાન અને નૌરીન જેલની બહાર શાંતિથી બેઠા હતા, ત્યારે પોલીસે તેમની સાથે ગેરવર્તન કર્યું હતું અને તેમની હિંસક રીતે અટકાયત કરી. આ દરમિયાન ઈમરાનની એક બહેનને રસ્તા પર ઢસેડવામાં આવી હતી.

પાર્ટી દ્વારા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર શેર કરવામાં આવેલા વીડિયોમાં અલીમા અને ઉઝમા અન્ય કાર્યકર્તાઓ સાથે નૌરીનની ચારેય બાજુ એકઠા થયેલા દેખાઈ રહ્યા હતા. પોલીસના ગેરવર્તન બાદ નોરીન ગભરાયેલી લાગી રહી હતી. તેના હાથ ધ્રૂજી રહ્યા હતા. અલીમાએ કહ્યું હતું કે મહિલા પોલીસ તેને રસ્તા પર ઢસેડી રહી હતી. 26 નવેમ્બર 2025ના રોજ સમગ્ર પાકિસ્તાનમાં પીટીઆઈના કાર્યકરો 'બ્લેક ડે' મનાવી રહ્યા છે. આ દિવસ 26 નવેમ્બર, 2024ના રોજ થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોની પ્રથમ વર્ષગાંઠ તરીકે પસંદ કરવામાં આવ્યો છે. આ દિવસે ઈમરાન ખાનની મુક્તિ અને રાજકીય ન્યાયની માગમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા હતા. PTIએ દેશભરમાં જિલ્લા સ્તરીય પ્રદર્શનો, રેલીઓ અને સભાઓનું આયોજન કર્યું છે. PTIના કાર્યકર્તાઓ કથિત સરકારી અન્યાય, રાજકીય દમન અને માનવાધિકાર ઉલ્લંઘન સામે અવાજ ઉઠાવી રહ્યા છે.

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાન ઓગસ્ટ 2023થી રાવલપિંડીની અદિયાલા જેલમાં બંધ છે. અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં કથિત ભ્રષ્ટાચારના કેસમાં નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યૂરો દ્વારા તેમની ધરપકડ કરવામાં આવી હતી. આરોપ છે કે ઈમરાન ખાને તેમની પત્ની બુશરા બીબી સાથે મળીને આ કેસમાં ભ્રષ્ટાચાર કર્યો હતો.

ક્રિકેટરમાંથી રાજનેતા બનેલા ઈમરાન ખાન પર ટ્રસ્ટના નામે રિયલ એસ્ટેટ ટાયકૂન મલિક રિયાઝ હુસૈન પાસેથી 60 એકર જમીનનું દાન લેવાનો આરોપ છે, જેના કારણે રાજ્યને કરોડોનું નુકસાન થયું હતું.

જાન્યુઆરી 2025માં કોર્ટે ઈમરાન ખાનને 14 વર્ષની જેલની સજા ફટકારી હતી, જ્યારે બુશરાને 7 વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી. આ ઉપરાંત ઈમરાન ખાન પર અન્ય કેસ પણ ચાલી રહ્યા છે.

## રાહુલે રાહ જોવા કહ્યું તો સોનિયાની શરણે થયા ડી.કે શિવકુમાર, સિક્રેટ ડીલની યાદ અપાવી

**નવી દિલ્હી, તા.26**

કર્ણાટક કોંગ્રેસમાં નેતૃત્વ સંઘર્ષ વચ્ચે પહેલી ડિસેમ્બરે શરૂ થનારા સંસદ સત્ર પહેલાં મુખ્યમંત્રી બદલવા કે નહીં તે અંગે નિર્ણય લેવાય શકે છે. સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, ઉપમુખ્યમંત્રી ડી.કે શિવકુમારે સોનિયા ગાંધીને મળવા માટેનો સમય માંગ્યો છે અને 29 નવેમ્બરે તેઓ દિલ્હી મુલાકાત લઈ શકે છે. શિવકુમાર છેલ્લાં એક અઠવાડિયાથી રાહુલ ગાંધીનો સંપર્ક કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા. રાહુલ ગાંધીએ તેમને વોટ્સએપ પર 'કૃપયા રાહ જુઓ, હું તમને કૉલ કરીશ' એવો જવાબ આપ્યો. નોંધનીય છે કે, ડી.કે





શિવકુમાર અને પીડબ્લ્યૂડી મંત્રી સતીશ જરકીહોલી વચ્ચે મંગળવારે (25 નવેમ્બર) મોડી રાત્રે અજ્ઞાત સ્થળે ગુપ્ત બેઠક થઈ હતી. બંને નેતાઓએ આ મુલાકાત માટે પોતાના તમામ નક્કી કાર્યક્રમો રદ કરી દીધા હતા. મુખ્યમંત્રીના નજીકના ગણાતા જરકીહોલી, શિવકુમાર સાથેના મતભેદો દૂર કરવાના પ્રયાસ કરી રહ્યા છે.

ડી.કે શિવકુમારના સમર્થક ધારાસભ્યોએ દિલ્હી જઈને કોંગ્રેસ હાઈકમાન્ડ પર મુખ્યમંત્રી પદના રોટેશન માટે 2023ના 'સત્તા હસ્તાંતરણ'ના વચનને લાગુ કરવાનો આગ્રહ કર્યો છે. જેને લઈને શિવકુમાર અને જરકીહોલી વચ્ચે બેઠક થઈ હતી, જેનું કેન્દ્ર બંને વચ્ચેના મતભેદો દૂર કરવાનું હતું. શિવકુમારના જૂથના સૂત્રોએ જણાવ્યું કે, બંને વચ્ચે મોડી રાત સુધી વાતચીત ચાલી હતી.

આ દરમિયાન, કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે બુધવારે (26 નવેમ્બર) સાંજે બેંગલુરૂ જશે અને ગુરૂવારે દિલ્હી પરત ફરવા માટેની ઉડાન ભરશે. ડી. કે શિવકુમાર પણ 29 નવેમ્બરે દિલ્હી જવાની તૈયારીમાં છે અને તેમણે તે જ દિવસે રાજધાની પરત ફરી રહેલા સોનિયા ગાંધીને મળવાનો સમય માંગ્યો છે.

સૂત્રોનું કહેવું છે કે, ડી.કે શિવકુમારે સતીશ જરકીહોલીને જણાવ્યું કે, તેમના અને મુખ્યમંત્રી સિદ્ધારમૈયા વચ્ચે 5-6 સિનિયર નેતાઓની હાજરીમાં 2.5 વર્ષ બાદ સત્તા સોંપવાની સમજૂતી થઈ હતી. પરંતુ, આ વચનનું પાલન કરવામાં નથી આવ્યું. જોકે, સતીશનો પહેલો ખાસ અધિકાર આ સંકટ દરમિયાન મુખ્યમંત્રી સાથે મજબૂતીથી ઊભું રહેવું છે. તેમની બીજી સ્થિતિ એ છે કે, જો હાઈ કમાન્ડ સિદ્ધારમૈયાને પદ છોડવાનો નિર્દેશ આપે છે, તો તે નિર્દેશનું પાલન કરશે. આ સિવાય સૂત્રોનું એવું પણ કહેવું છે કે, સિદ્ધારમૈયા રાહુલ ગાંધીની વાત સાંભળવા તૈયાર છે, જેમણે તેમને બે વાર મુખ્યમંત્રી પદ પર બેસાડ્યા. જો રાહુલ બદલાવનો નિર્દેશ આપે છે.

## 'ભાજપના ઉમેદવારને ચૂંટો અને તાત્કાલિક 10 લાખ મેળવો...', કેન્દ્રીય મંત્રીનો ગામના લોકોને વાયદો....!

**નવી દિલ્હી, તા.26**

કેન્દ્રીય મંત્રી અને કરીમનગરના સાંસદ બંદી સંજય કુમારે ગ્રામ પંચાયત ચૂંટણીમાં તેમના સંસદીય મતવિસ્તાર હેઠળ આવતા ગામોમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને જીતાડવા માટે અપીલ કરી છે. આ સાથે જ તેમણે કહ્યું કે, 'આ ગામોને 10 લાખ રૂપિયાનું ભંડોળ ફાળવવામાં આવશે.' હવે કેન્દ્રીય મંત્રીનું આ નિવેદન ચર્ચામાં છે. તેલંગાણામાં ડિસેમ્બરમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓ યોજાશે.

મંત્રીએ આરોપ લગાવ્યો કે, ભારત રાષ્ટ્ર સમિતિ (BRS) અને કોંગ્રેસની પૂર્વ સરકારોએ સર્વાનુમતે



અધિકારીઓની પસંદગી કરતી પંચાયતોને પૈસા આપવાનો વાયદો કર્યો હતો, પરંતુ કોઈ પૈસા નહોતા મળ્યા. તેમણે મંગળવારે મોડી રાત્રે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં મતદારોને આ વખતે આવી ચાલમાં ન ફસાવા વિનંતી કરી છે. પોતાની પોસ્ટમાં તેમણે કહ્યું કે, 'કરીમનગર ગામો: ભાજપ સમર્થિત ઉમેદવારને સર્વસંમતિથી ચૂંટો અને વિકાસ માટે તાત્કાલિક 10 લાખ મેળવો. જો કરીમનગર લોકસભા મતવિસ્તારમાં તમારું ગામ સર્વસંમતિથી ભાજપ સમર્થિત સરપંચને ચૂંટે છે, તો હું વિલંબ કર્યા વિના અને કોઈ પણ બહાના કર્યા વિના તે ગામના વિકાસ માટે સીધા 10 લાખ આપીશ.' કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી સંજય કુમારે કહ્યું કે સાંસદ હોવાથી મારી પાસે સાંસદ સ્થાનિક વિસ્તાર વિકાસ યોજના (MPLADS) હેઠળ ભંડોળ ઉપલબ્ધ છે. સંજય કુમારે કરીમનગરના લોકોને BRS અને કોંગ્રેસના ઝાંસામાં ન આવવા અપીલ કરી અને કહ્યું કે, માત્ર ભાજપ જ પૈસા આપશે.

## કમલા પસંદ કંપનીના માલિકની પુત્રવધૂએ આત્મહત્યા કરી: દિલ્હીના ઘરમાંથી મૃતદેહ મળ્યો

**નવી દિલ્હી, તા.26**

દેશની જાણીતી પાન મસાલા કંપની કમલા પસંદ અને રાજશ્રીના માલિક કમલ કિશોર ચૌરસિયાની પુત્રવધૂ દીપ્તિ ચૌરસિયા (40)એ દિલ્હીના વસંત વિહાર સ્થિત પોતાના ઘરમાં મંગળવારે સાંજે આત્મહત્યા કરી લીધી. પોલીસના જણાવ્યા અનુસાર, દીપ્તિનો મૃતદેહ પંખા સાથે લટકતો મલ્યો હતો.

દીપ્તિનો મૃતદેહ સૌથી પહેલા તેના પતિ હરપ્રીત ચૌરસિયાએ જોયો હતો. હરપ્રીત તેને હોસ્પિટલ લઈ ગયો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવી. ન્યૂઝ એજન્સી ANI અનુસાર, પોલીસને એક ડાયરી મળી છે, જેમાં દીપ્તિએ પોતાના પતિ સાથેના વિવાદનો ઉલ્લેખ કર્યો છે.

દીપ્તિએ ડાયરીમાં લખ્યું છે કે જો કોઈ સંબંધમાં પ્રેમ અને વિશ્વાસ ન હોય તો પછી એ સંબંધમાં રહેવાનું અને જીવવાનો અર્થ શું છે. પોલીસના જણાવ્યા અનુસાર, દીપ્તિ અને તેના પતિ અલગ-અલગ ઘરમાં રહેતાં હતાં.

દીપ્તિના લગ્ન 2010માં હરપ્રીત ચૌરસિયા સાથે થયા હતા. બંનેને બે બાળકો છે. એવું કહેવાય છે કે હરપ્રીતે બે લગ્ન કર્યાં છે. બીજી પત્ની સાઉથ ફિલ્મોની અભિનેત્રી છે. દીપ્તિનાં પરિવારજનોએ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો આરોપ લગાવ્યો છે.

દીપ્તિ ચૌરસિયાના ભાઈ ઋષભે ન્યૂઝ એજન્સી ANI ને જણાવ્યું કે મારા બનેવી (હરપ્રીત) ના ઘણા ગેરકાયદેસર સંબંધો હતા. લગ્ન પછીથી જ બંનેના સારા સંબંધો નહોતા. 2011માં ભાણેજની ડિલિવરી પછી અમને ખબર પડી કે બનેવી અને સાસુ મારી બહેન સાથે મારપીટ કરે છે. અમે અમારી બહેનને ઘરે લઈ આવ્યા હતા, પરંતુ તેની સાસુ બહેનને પાછી લઈ ગઈ હતી.

ઋષભે કહ્યું- તે પછી પણ તેણે બહેન સાથે મારપીટ ચાલુ રાખી. મારી બહેન મને ફોન કરીને કહેતી હતી કે તેને ત્રાસ આપવામાં આવી રહ્યો છે. બહેનનો પતિ તેની સાથે મારપીટ કરતો હતો. મને ખબર નથી કે મારી બહેનની હત્યા થઈ કે



તેણે આત્મહત્યા કરી. મેં 2-3 દિવસ પહેલા તેની સાથે વાત કરી હતી. મને ફક્ત ન્યાય જોઈએ છે.

કમલા પસંદના માલિકના ફેમિલી એડવોકેટ રાજેન્દ્ર સિંહે તમામ આરોપોને ખોટા ગણાવ્યા છે. તેમણે કહ્યું- મીડિયામાં જે કંઈ કહેવામાં આવી રહ્યું છે તે સંપૂર્ણપણે ખોટું છે. સુસાઈડ નોટમાં કોઈ આરોપ નથી. તેમણે કોઈનું નામ લીધું નથી. અમને ખબર નથી કે આત્મહત્યાનું કારણ શું છે.

કમલા પસંદ પાન મસાલાના સ્થાપક કમલાકાંત ચૌરસિયા અને કમલ કિશોર ચૌરસિયા છે. કંપની 1973માં રજિસ્ટર થઈ હતી, જોકે, પાન મસાલા અને ગુટકા બનાવવાનો અને વેચવાનો વાસ્તવિક વેપાર 1980ના દાયકામાં શરૂ થયો હતો.

કંપનીની શરૂઆત યુપીના કાનપુરમાં ફીલખાના મહોલ્લામાં એક નાની દુકાનથી થઈ હતી. આજે કંપનીનું અબજો રૂપિયાનું ટર્નઓવર છે. સમય જતાં કંપનીએ પાન મસાલા ઉપરાંત તમાકુ, ગુટકા, એલચી અને અન્ય FMCG ઉત્પાદનો સાથે રિયલ એસ્ટેટ, લોખંડના વેપારમાં પણ એન્ટ્રી કરી. કમલા પસંદ પાન મસાલાની માલિકી કમલા પસંદ (KP) ગ્રુપ અને કમલાકાંત કંપની પાસે છે.

બજાર વિશ્લેષક કંપની અનુસાર, દેશમાં પાન મસાલાનો કારોબાર આશરે 46,882 કરોડ રૂપિયાનો છે. એમાં કમલા પસંદનો બજાર 3 હજાર કરોડ રૂપિયાથી વધુ છે. સરોગેટ જાહેરાત વિવાદ (2021)- કમલા પસંદે એલચી બ્રાન્ડના નામે જાહેરાતો ચલાવી, જ્યારે કંપનીનો વ્યવસાય પાન મસાલા અને ગુટકા સાથે સંકળાયેલો છે. સરોગેટ જાહેરાતને લઈને અમિતાભ બચ્ચને કંપની સાથેનો પોતાનો કરાર રદ કરી દીધો હતો અને પૂરી ફી પરત કરી દીધી હતી.

GST અને કરચોરીના આરોપો- કંપની પર 1,568 કરોડ રૂપિયાના GST કૌભાંડની તપાસ ચાલી રહી છે. ઘણી વખત GST વિભાગ અને DGGI કંપનીનાં કારખાનાં અને ડિસ્ટ્રિબ્યુટરો પર દરોડા પાડી ચૂક્યા છે.

નકલી કમલા પસંદ ગુટકા કેસ- અલગ-અલગ રાજ્યોમાં નકલી કમલા પસંદ ગુટકા ફેક્ટરીઓ પર દરોડા પાડવામાં આવ્યા. નકલી ઉત્પાદનોને કારણે કંપનીની બ્રાન્ડ-ઈમેજ પ્રભાવિત થઈ.

## તંત્રી લેખ

# હજારો નોકરી અને વર્લ્ડક્લાસ સુવિધા:અમદાવાદને બખ્ખાં, ગેમ વિલેજમાં રોજ 45,000 થાળી ભોજન બનશે

જો તમે એવું વિચારતા હોવ કે 2030માં અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સ યોજાય તો સામાન્ય અમદાવાદી તરીકે તમને શું ફાયદો? તો જવાબ એ છે કે આ માત્ર રમતનો ઉત્સવ નથી, પણ શહેરના વિકાસનો બૂસ્ટર ડોઝ છે. 2030માં સાબરમતીના કિનારે 56 દેશના ઝંડા લહેરાશે અને 6,000થી વધુ ખેલાડીઓ ગુજરાતી મહેમાનગતિ માણશે. ઓસ્ટ્રેલિયા અને કેનેડા જેવા દેશો આયોજનથી પાછા હટ્યા છે ત્યારે અમદાવાદનું નામ જાહેર થવાની હવે માત્ર ઔપચારિકતા રહી છે. આ આયોજનથી તમને ઘરઆંગણે વર્લ્ડ ક્લાસ રસ્તા, મેટ્રો કનેક્ટિવિટી અને અંદાજે 20,000 જેટલી નવી રોજગારીની તકો મળશે. બીજા દેશો ભાગ્યા તો અમદાવાદ કેમ આગળ આવ્યું? વર્ષ 1930માં કેનેડાના હેમિલ્ટનથી શરૂ થયેલી કોમનવેલ્થ ગેમ્સને 2030માં 100 વર્ષ પૂરાં થઈ રહ્યાં છે. ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયાએ 2026ની અને કેનેડાએ 2030ની યજમાની આર્થિક કારણોસર પાછી ખેંચી લીધી છે. ત્યારે ભારતે હિંમત બતાવી છે. અમદાવાદ 2036 ઓલિમ્પિકની દાવેદારી કરી રહ્યું છે, એના માટે કોમનવેલ્થ ગેમ્સ એક પર્ફેક્ટ 'ટેસ્ટ રન' સાબિત થશે. આ 56 દેશોનું શક્તિપ્રદર્શન હશે, જેમાં ભારત ગ્લોબલ લીડર તરીકે ઊભરી શકે છે. કોમનવેલ્થ ગેમ્સનો ઈતિહાસઃ આ ગેમ્સને 'ફ્રેન્ડલી ગેમ્સ' પણ કહેવાય છે. સમયાંતરે એનાં ચાર નામ બદલાયાં છે: 1930: બ્રિટિશ એમ્પાયર ગેમ્સ (માત્ર બ્રિટિશ શાસન હેઠળના દેશો માટે). 1954-66: બ્રિટિશ એમ્પાયર એન્ડ કોમનવેલ્થ ગેમ્સ. 1970: બ્રિટિશ કોમનવેલ્થ ગેમ્સ. 1978થી: કોમનવેલ્થ ગેમ્સ. દેશ 56 તો ટીમ કેમ 70થી વધુ? ભલે સભ્યદેશો 56 છે, પણ ટીમો 70થી વધુ હોય છે, કારણ કે UK એક નહીં, પણ ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્ધર્ન આયર્લેન્ડ અલગ-અલગ ટીમ મોકલે છે. બરમુડા અને કેમેન આઈલેન્ડ્સ જેવા નાના પ્રદેશો પણ ભાગ લે છે. તમારાં ખિસ્સાં પર શું અસર? આ ઈવેન્ટ માત્ર ખર્ચ નથી, પણ રોકાણ છે. 2022ની બર્મિંગહામ ગેમ્સમાં 7,800 કરોડનો ખર્ચ થયો હતો, પરંતુ સામે અર્થવ્યવસ્થામાં 12,000 કરોડ પરત આવ્યા હતા. રોજગારી: આયોજન માટે 20,000થી વધુ સ્વયંસેવકો (વોલન્ટિયર્સ) જોઈશે. હોટલ્સ, ટ્રાન્સપોર્ટ અને બાંધકામક્ષેત્રે હજારો નોકરીઓ ઊભી થશે. ઈન્ફ્રાસ્ટ્રક્ચર: સરદાર પટેલ સ્પોર્ટ્સ એન્ક્લેવ અને નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ જેવી વર્લ્ડ ક્લાસ ભેટ મળશે. નવા બ્રિજ, પહોળા રસ્તા અને મેટ્રોની કનેક્ટિવિટી સ્ટેડિયમ સુધી પહોંચશે, જે ગેમ્સ બાદ અમદાવાદીઓનાં જ કામ આવશે. ગેમ્સના રસોડાનું ગજબ મેનેજમેન્ટ, અમદાવાદમાં 6,000 ખેલાડી માટે બનનારું 'ગેમ્સ વિલેજ' એક હાઈટેક નાનું ગામડું હશે, જેમાં 24 કલાક મિની-હોસ્પિટલ, જિમ, સ્વિમિંગ પૂલ અને એન્ટરટેઈનમેન્ટ ઝોન હશે. રસોડું: બર્મિંગહામમાં 200+ રસોઈયા સાથે 24x7 રસોડું ધમધમતું રહ્યું હતું. રોજની 45,000 થાળી બનતી હતી. ખોરાકનો જથ્થોઃ બર્મિંગહામના આંકડા મુજબ 2 અઠવાડિયાંમાં 2 લાખ કેળાં, 1 લાખ લિટર દૂધ અને હજારો કિલો પાસ્તાં ખવાયાં હતાં.

# એક નરસિંહ જ છે જેની સાથે ત્રણ ત્રણ જયંતી જોડાયેલ છે, અને આજે પણ ઉજવાય છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)



આજે માગશર સુદ સાતમ છે, અને એટલે નરસિંહ હારમાળા જયંતિ! આજસુધીમાં આપણે ત્યાં ઘણાં બુદ્ધ પુરુષ અથવા તો સાધુ સંતો થઈ ગયા! પણ નરસિંહ એક વિરલા છે! અને એટલે જ એના નામ સાથે ત્રણ જયંતિ બોલે છે. સૌ પ્રથમ તો વૈશાખ સુદ પૂનમ એ એમની જન્મ જયંતી, માગશર સુદ સાતમ એ હારમાળા જયંતિ, અને ચૈત્ર સુદ સાતમ એ, તપ પ્રયાણ જયંતિ! અને પાછી ત્રણે ત્રણ જયંતિ આજ પર્યન્ત ઉજવાય છે! એટલે કે પૂર્ણ શ્રદ્ધાથી નાના મોટા કાર્યક્રમનું આયોજન કરીને એ મહાપુરુષને વંદન કરવામાં આવે છે, અને એ રીતે સમાજ એ મહાપુરુષનું ઋણ ચૂકવવાની ચેષ્ઠા કરે છે. કેવો યોગાનુયોગ છે કે

જન્મ જયંતી અને તપ પ્રયાણ તો શબ્દ પરથી સમજાય જાય ! તળાજા માં જન્મ! અને ગોપનાથ માં તપ કર્યું! ભગવાન શિવ પ્રસન્ન થતાં એમને મહારાસના દર્શન થયા હતાં, પછીથી એ આવીને જૂનાગઢમાં વસ્યાં હતાં! અને ત્યાં આજે પણ નરસિંહનો ચોરો , દામોદર કુંડ અને ગિરનારની તળેટીમાં નરસિંહની ચેતનાનો અનુભવ થાય છે. પણ ઘણાં જે નરસિંહથી પરિચિત નથી, એમને આ હારમાળા જયંતી શું કામ ઉજવવામાં આવે છે? એ વિશે ઘણાં નહીં પણ જાણતા હોય, તો પ્રથમ એને વિશે થોડી વાત કરીએ.

આ વાત આજથી 570 વર્ષ પહેલાંની છે, કે જ્યારે નરસિંહ મહેતા નો ભક્તિ કાળ ચાલતો હતો અને એમ કહોને સમાજના દરેક વર્ગ અને એમાં પણ ખાસ કરીને નાગર જ્ઞાતિ જ એને કોઈને કોઈ કારણોસર સતાવી રહી હતી! પણ ભક્ત નો ભગવાન હોય એમ! દરેક સમસ્યા માંથી નરસિંહ હેમખેમ બહાર નીકળી જતા હતાં. એ સમયે જૂનાગઢમાં રા' માંડલિક નું રાજ હતું અને એ ભક્તિ કે ભગવાનમાં માનતા નહોતા , એટલે એમણે નરસિંહ ને ઉપરકોટ ખાતે એક કોટડીમાં પૂરી નજર કેદ કરી દીધા અને કહ્યું કે જો તારા ભગવાન તારું સાંભળતા હોય તો એને કહે તને એનાં પોતાનાં ગળામાં હાર પહેરાવે તો. આટલું ઓછું હોય એમ દામોદર રાયજી નાં મંદિરે પણ ચોંકી પહેરો ગોઠવી દીધો.નરસિંહ મહેતા જાણતાં હતાં કે પોતે કેદારો ગાય તો હરિ હાજરા હજૂર આવશે, પણ એમણે કોઈ કારણસર પોતાનો કેદારો કોઈ શેઠને ત્યાં ગીરવે મુક્યો હતો. ભગવાન દામોદર એ નરસિંહનું રુપ લઈ શેઠને ત્યાં જઈને કેદારો છોડાવ્યો અને પછી શેઠનું રુપ લઈ નરસિંહ સુધી કેદારો પહોંચાડ્યો. પોતે તો નજર કેદ છે! છતાં કેદારો આવ્યો એટલે નરસિંહ સમજી ગયા કે મારો હરિ આવી ગયો છે અને એમણે પૂર્ણ ભક્તિભાવથી હરિનું ભજન શરૂ કર્યું! દામોદર રાયના મંદિરના દ્વાર આપોઆપ ખુલી ગયા અને બધાની નજર સામે ભગવાન ના ગળાનો હાર ઉડતાં ઉડતાં નરસિંહ ના ગળામાં આવીને પડે છે. રા'માંડલિક પોતાની નજર સામે જોયેલી આ ઘટનાથી અચંબિત થઈ જાય છે અને પછી એમને નરસિંહની ભક્તિ નું પ્રમાણ મળી જતા એ નરસિંહના પગમાં પડે છે. બસ ત્યારથી આ ઐતિહાસિક પ્રસંગ ને હારમાળા જયંતિ તરીકે ઓળખવામાં આવે છે, અને જે આજ સુધી ઉજવવામાં આવે છે.

આપણે સૌ જાણીએ છીએ કે વિષ્ણુના પૂર્ણ પ્રેમ અવતાર તરીકે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ ભગવાન શ્રીકૃષ્ણ દ્વાપર યુગમાં થઈ ગયા! અને નરસિંહ તો સોળમી સદીમાં એટલે કે હમણાં જ.. છતાં એની ભક્તિ કેવી રહી હશે કે સ્વયં એનું કાર્ય કરવા માટે ઈશ્વર બાધક બન્યા! પોતે પોતાને દાસ કહાવે છે, એટલે કે લગભગ દરેક પદ ને અંતે મહેતા નરસિંહના સ્વામી એવું સ્પષ્ટ લખ્યું છે! એ બતાવે છે કે આટલી શરણાગતિ અથવા તો આપણાં ઈષ્ટ પ્રત્યે આટલો ભરોસો રાખીએ તો નરસિંહની જેમ આપણાં કાર્ય કરવા પણ ઈશ્વર અવશ્ય આવે! પરંતુ એ થતું નથી. ઈશ્વર તો એક જ છે! પરંતુ આપણી નિષ્ઠા ડગુમગુ થાય છે અને એટલે ઘડીક આ દ્વાર કે પેલું! એમ સંપ્રદાય બદલાતા રહે છે, એને કારણે આપણને ઈશ્વરની ઝાંખી થતી નથી. બાકી આપણે પણ કહી શકીએ કે 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રુપે અનંત ભાસે.. જે ગમે જગત ગુરુ જગદીશ ને તે તણો ખરખરો ફોક કરવો.. પણ આપણે તો હું કરું! હું કરું! માંથી જ ઉંચા આવતા નથી અને એટલે હરિનો આભાર માનવાની બદલે ફરિયાદ કર્યા કરીએ છીએ કે આ આપ્યું નહીં!

નાગર હોવાને કારણે અને નાનપણથી મમ્મી ઘરમાં એના પદ ગાતી એટલે નરસિંહ ક્યારે રોમરોમ માં સમાઈને અત્યંત પ્રિય થઈ ગયા એ ખબર જ ન પડી! વૈશ્નવ જન તો તેને રે કહીએ એ પદ એ આ મહાપુરુષ ને વૈશ્વિક સ્તરે પ્રખ્યાત કરી દીધાં! અને મને નથી લાગતું કે વૈશ્નવ એટલે કે સજ્જનની આટલી સચોટ વ્યાખ્યા કોઈ બીજા એ આપી હોય! જોકે એનાં વેદ વેદાંતના સારને સિદ્ધ કરતા પદ હોય કે વ્રજ વનિતા બનીને કૃષ્ણ સંગેના શ્રૃંગાર રસના પદ હોય કે પછી મારી હુંડી સ્વીકારો મહારાજ રે જેવા શરણાગતિની પરાકાષ્ઠા દર્શાવતા પદ હોય બધાં બધાંમાં શબ્દોની એટલી ઉચ્ચ વરણી જોવા મળે છે, અને સ્વર અનુસ્વાર કે વ્યજંનોની ગોઠવણી જોતાં એવું લાગે છે પ્રખર ભાષાકાર કે વ્યાકરણ ના જાણકાર હશે! તો મલ્હાર, કેદારો, આશાવરી ભોપાલી કે પછી દરબારી રાગ કે લય જોતાં એવું લાગે છે કે સંગીતકાર હશે! અને આમ જુવો તો ઈશ્વર નામક એક ધારણાનું કેટલું સચોટ પ્રતિબિંબ એમની આંખોએ ઝીલ્યું અને શબ્દોના માધ્યમથી આપણને પીરસ્યું !

નરસિંહના સમયમાં કે ત્યારના સમાજમાં અસ્પૃશ્યતા હદ બહારની હતી, અને એને કારણે સમાજમાં નીચલો વર્ગ અને વર્ણ બંનેની બહુ સતામણી થતી! કણકણમાં જેને હરિ દર્શન થતાં હોય એ નરસિંહને આ વર્ણમાં કેમ હરિ દર્શન ન થાય? અને એ સમયમાં એ લોકોનો સ્વીકાર કરનાર પ્રથમ નાગર એટલે નરસિંહ હતાં! પણ આજે એ પરિસ્થિતિ નથી , એમાં ઘણો સુધારો છે! પણ સૌ વૈષ્ણવ જન તો તેને રે કહીએ.. એનો સાર ભૂલી ગયા હોઈએ એમ ઈર્ષા, નીંદા, વાણીનો દૂર ઉપયોગ કરે છે. કોઈ પોતાની જીવનશૈલી પર ધ્યાન કેન્દ્રિત કરતું જ નથી! અને એણે આમ કર્યું, કે કહ્યું, તો અમે શું કામ ચૂપ રહીએ ! બસ આટલી જ સમજ આજનાં શિક્ષિત સમાજની છે. આવી ઉચ્ચ વૈશ્વિક નરની વ્યાખ્યા કરનારાં આ દેશના આપણે નાગરિક છીએ, અને એટલે નરસિંહ કહે છે, એવાં સાચાં વૈષ્ણવ બની માત્ર ભારતમાં નહીં, પૂરા વિશ્વમાં શાંતિ બની રહે, એ માટે આપણાથી જે થાય, એવું આપણે કરીશું, એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

નરસિંહના સમયમાં કે ત્યારના સમાજમાં અસ્પૃશ્યતા હદ બહારની હતી, અને એને કારણે સમાજમાં નીચલો વર્ગ અને વર્ણ બંનેની બહુ સતામણી થતી! કણકણમાં જેને હરિ દર્શન થતાં હોય એ નરસિંહને આ વર્ણમાં કેમ હરિ દર્શન ન થાય? અને એ સમયમાં એ લોકોનો સ્વીકાર કરનાર પ્રથમ નાગર એટલે નરસિંહ હતાં! પણ આજે એ પરિસ્થિતિ નથી , એમાં ઘણો સુધારો છે! પણ સૌ વૈષ્ણવ જન તો તેને રે કહીએ.. એનો સાર ભૂલી ગયા હોઈએ એમ ઈર્ષા, નીંદા, વાણીનો દૂર ઉપયોગ કરે છે. કોઈ પોતાની જીવનશૈલી પર ધ્યાન કેન્દ્રિત કરતું જ નથી! અને એણે આમ કર્યું, કે કહ્યું, તો અમે શું કામ ચૂપ રહીએ ! બસ આટલી જ સમજ આજનાં શિક્ષિત સમાજની છે. આવી ઉચ્ચ વૈશ્વિક નરની વ્યાખ્યા કરનારાં આ દેશના આપણે નાગરિક છીએ, અને એટલે નરસિંહ કહે છે, એવાં સાચાં વૈષ્ણવ બની માત્ર ભારતમાં નહીં, પૂરા વિશ્વમાં શાંતિ બની રહે, એ માટે આપણાથી જે થાય, એવું આપણે કરીશું, એવી એક અનન્ય પ્રાર્થનાં ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# કેબિનેટે મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોના 4 જિલ્લાઓને આવરી લેતા બે મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને મંજૂરી આપી, જેનાથી ભારતીય રેલવેના હાલના નેટવર્કમાં લગભગ 224 કિમીનો વધારો થશે

## આ પ્રોજેક્ટ્સની કુલ અંદાજિત કિંમત રૂ. 2,781 કરોડ છે




**રાજકોટ, તા. 26**

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ આજે રેલવે મંત્રાલયના બે પ્રો જેક્ટ્સને મંજૂરી આપી છે, જેની કુલ કિંમત આશરે રૂ. 2,78 1 કરોડ છે. આ પ્રોજેક્ટ્સમાં નીચેનાનો સમાવેશ થાય છે:

દેવભૂમિ દ્વારકા (ઓખા) - કાનાલુસ ડબલિંગ - 141 કિમી

બદલાપુર - કારજત ત્રીજી અને ચોથી લાઈન - 32 કિમી

વધે લી લાઈન ક્ષમતા ગતિશીલતામાં નોંધપાત્ર વધારો કરશે, જેના પરિણામે ભારતીય રેલ્વે માટે સુધારેલી ઓપરેશનલ કાર્ય ક્ષમતા અને સેવા વિ શ્વસનીયતા મળશે. આ મલ્ટિ-ટ્રેકિંગ દરખાસ્તો કામગીરીને સુવ્યવસ્થિત કરવા અને ભીડ ઘટાડવા માટે તૈયાર છે. આ પ્રોજેક્ટ્સ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના 'નવા ભારત'ના વિઝન સાથે સુસંગત છે, જે આ વિસ્તારમાં વ્યાપક વિકાસ દ્વારા પ્રદેશના લોકોને 'આત્મનિર્ભર' બનાવશે, જેનાથી તેમની રોજગાર/સ્વ-રોજગારની તકોમાં વધારો થશે.

આ પ્રોજેક્ટ્સ PM-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન પર આયોજનબદ્ધ છે, જે સંકલિત આયોજન અને હિતધારકોની સલાહ-સૂચનો દ્વારા મલ્ટિ-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક કાર્યક્ષમતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ પ્રોજેક્ટ્સ લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે. મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્યોના 4 જિલ્લાઓને આવરી લેતા આ બે પ્રોજેક્ટ્સ ભારતીય રેલ્વેના હાલના નેટવર્કમાં લગભગ 224 કિમીનો વધારો કરશે. મંજૂર થયેલ મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ આશરે 585 ગામોને કનેક્ટિવિટી વધારશે, જેની વસ્તી લગભગ 32 લાખ છે. કાનાલુસથી ઓખા (દેવભૂમિ દ્વારકા) સુધીનું મંજૂર કરાયેલ ડબલિંગ દ્વારકાધીશ મંદિરને ઉન્નત કનેક્ટિવિટી પ્રદાન કરશે, મુખ્ય તીર્થસ્થળ સુધીની પહોંચને સરળ બનાવશે અને સૌરાષ્ટ્ર પ્રદેશના સર્વાંગી વિકાસ તરફ દોરી જશે. બદલાપુર - કારજત વિભાગ મુંબઈ ઉપનગરીય કોરિડોરનો એક ભાગ છે. ત્રીજી અને ચોથી લાઈનનો પ્રોજેક્ટ મુંબઈ ઉપનગરીય વિસ્તારમાં કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને મુસાફરોની ભાવિ માંગને પૂર્ણ કરશે, સાથે સાથે દક્ષિણ ભારત સાથે કનેક્ટિવિટી પણ પ્રદાન કરશે. આ કોલસો, મીઠું, કન્ટેનર, સિમેન્ટ, POL વગેરે જેવી ચીજવસ્તુઓના પરિવહન માટે એક આવશ્યક માર્ગ છે. ક્ષમતા વૃદ્ધિના કામોના પરિણામે 18 MTPA (મિલિયન ટન પ્રતિ વર્ષ) ના સ્તરનો વધારાનો માલ પરિવહન ટ્રાફિક થશે. પર્યાવરણને અનુકૂળ અને ઊર્જા-કાર્યક્ષમ પરિવહન માધ્યમ હોવાને કારણે, રેલ્વે આબોહવા લક્ષ્યો હાંસલ કરવામાં અને દેશના લોજિસ્ટિક્સ ખર્ચને ઘટાડવામાં, ઓઇલની આયાત (3 કરોડ લિટર) ઘટાડવામાં અને CO2 ઉત્સર્જન (16 કરોડ કિલો) ઘટાડવામાં મદદ કરશે, જે 64 (ચોસઠ) લાખ વૃક્ષોના વાવેતરની સમકક્ષ છે.

# વણાંક આવે તો વળવું પડે એને રસ્તો બદલ્યો ના કહેવાય, સમય સાથે બદલવું પડે એને સ્વભાવ બદલ્યો ના કહેવાય



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)



ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે જોઈએ તો ભગવાન કહે છે કે,જગતમાં એક આંખથી જુઓ.આ મારો અનેઆ પારકો એવી દૃષ્ટિથી જુઓ.આ સર્વ ભગવાનનાં અંશ સ્વરૂપો છે એમ માનો. એક આંખથી જુઓ એ સમતા અને બે આંખથી જુએ એ વિષમતા.એક આંખની દૃષ્ટિ એટલે સમદૃષ્ટિ.ગીતામાં કહ્યું છે કે,સર્વમાં સમતા રાખવી એનું નામ જ યોગ બધામાં એક તત્ત્વને જુઓએ જ યોગ. શુક્રાચાર્ય ચેતી ગયા.તેઓ નાળચામાંથી નીકળી ગયા. સંકલ્પ જળ પડ્યું.સંકલ્પ પરિપૂર્ણ થયો એટલે વામનજીએ વિરાટ સ્વરૂપ ધારણ કર્યું. વિરાટ સ્વરૂપે વામન મહારાજે આખા જગતને વ્યાપી લીધું. જગતમાં સર્વ ઠેકાણે વામન ભગવાનનું સ્વ રૂપ દેખાય છે. જગતનીબહાર દશ આંગળી છે.ભગવાન શંકરાચાર્યે એનો એવો અર્થ કર્યો છે કે, દસ આંગળી વંદન કરે છે. ભગવાન વંદનીય છે,ચિંતનીય છે.

ભગવાનના એક ચરણમાં પૃથ્વીનું રાજ્ય આવી ગયું.બીજા ચરણ માં બ્રહ્મલોક આવી ગયો અને ત્રીજો પગ મૂકવાની જગ્યા રહી નથી.તે સમયે દૈત્યો વામનજી સાથે યુદ્ધ કરવા તૈયાર થયા. તેમણે બૂમાબૂમ કરી મૂકી કે,આ બ્રાહ્મણો અમારા ધણીને છેતરે છે મારો મારો! બલિરાજાએ કહ્યું,હું પ્રતિજ્ઞાબદ્ધ છું. શાંત રહો!હવે વામનજી કહે છે,બલિ,તેં સંકલ્પ ત્રણ પગ પૃથ્વીનું દાન કરવાનો કર્યો છે, બોલ ત્રીજું પગલું મારે ક્યાં મૂકવું?રાજા, તારું વચન પાળ!

બલિરાજા તે વિરાટ રૂપ જોઈ ગભરાયા હતા.પણ રાણી વિંધ્યા વલિ વિરાટ સ્વરૂપને વંદન કરી કહે છે કે,આ સર્વ તમારી ક્રિયા ભૂમિ છે. આ શરીર ઉપર પણ જીવની સત્તા નથી, હક્ક નથી. તે સંપત્તિ,સંતતિ ઉપર ક્યાંથીહોય? શરીર પણ મારું નહીં, તો સંપત્તિ મારી ક્યાંથી હોય?ગીતાજીનો આરંભ ધર્મ શબ્દ મમછે.બે વચ્ચે મધ્યમાં ગીતા છે. 'મમ' એટલે મારું! શું મારું! ધર્મ એ જ મારો. ધર્મ એટલે સત્કર્મ.મારે હાથે જેટલું સત્કર્મ થાય એટલું મારું. બાકી મારું શરીર પણ મારું નથી. જીવ ના હાથે જેટલું સત્કર્મ થયું હોય તેટલું જ તેની સાથે આવે છે. ધૃતરાષ્ટ્ર આ મારાને આ પારકા એમ કરે છે, તેથી એના માટે બધા મરે છે અને અર્જુન ભગવાનને શરણે આવે છે તેથી તે બચે છે.ભગવાને પોતે એના સારથિ બની એને રક્ષે છેને દોરેછે

મારું શુંછે?એની આપણને ખબર નથી.એની જ જગતમાં મારામારી મારું શું છે એ મનુષ્ય સમજે તો તેના ઘરમાં મારામારી થાય નહીં. 'મારું'માંથી છૂટે તો એને 'મારું શું છે'એ જાણવા મળે ને એ સુખી થાય.જીવ કોઈ ધન-સંપત્તિ કે સ્ત્રી-પુત્રના માલિક નથી માત્ર સત્કર્મનો જ એ માલિક છે. એના હાથે જેટલું સત્કાર્ય કરે એટલું જ એનું. આ જીવ કશાનો માલિક નથી. માલિક પ્રભુ છે.જીવ તો માત્ર મુનિમ છે.આ શરીર ઉપર પણ જીવની સત્તા નથી,તો બીજા પદાર્થો ઉપર તો સત્તા ક્યાંથી હોય?માલિક ભગવાન છે છતાં જીવ કહે મારું મારું! મારું કહે છે તેને ભગવાન મારે છે.તારું કહે છે તેને ભગવાન તારે છે.

વિંધ્યાવલિ કહે છે,પ્રભુ,આ તમારી લીલા છે.તમને કોઈ આપી શકે નહીં.મારા પતિ અભિમાનથી બોલ્યા કે, મેં દાન આપ્યું છે પણ તમને કોઈ દાન આપી શકે નહીં. આપ સર્વસ્વના માલિક છો.જે તમારું છે તે તમને આપવાની ચેષ્ટા કરવી એ પણ મૂર્ખાઈ છે.પછી વિંધ્યાવલિ પોતાના પતિ દેવને કહે છે કે, આ શરીર હજુ બાકી છે કે,શરીર પણ ભગવાનનું દીધેલું છે.તે એમને અર્પણ કરી દો. ભગવાનને કહો કે,ત્રીજો પગ મારે માથે પધરાવો!મસ્તક બુદ્ધિ પ્રધાનછે.બુદ્ધિમાં ગર્વ-દંભ રહેલો છે. ભગવાનનો ચરણ માથે આવે તો દંભનો નાશ થાય.ગર્વનો નાશ થાય તન,ધન અને મન ભગવાનને અર્પણ કરે તેને માથે ભગવાન ચરણ પધરાવે છે. મસ્તકમાં સૂક્ષ્મ રીતે કામ રહેલો છે. પરમાત્માનાં ચરણ અથવા હાથ આ મસ્તક ઉપર આવે તો સૂક્ષ્મ કામનો નાશ થાય છે. એટલે ગોપીઓ શ્રીકૃષ્ણને કહે છે કે, અમારાં મસ્તક ઉપર તમારો પગ મૂકો!ગોપી એટલે કોઈ અમુક વ્યક્તિ નહીં, પણ ઈન્દ્રિયો દ્વારા ભગવદ્ રસનું પાન કરે તેને ગોપી કહી છે. ગોપી સ્ત્રી નથી, પુરુષ નથી. ગોપી એક કાળે થઈ ગયું એવું પણ નથી. એ સર્વત્ર છે ને સર્વકાળે છે.એ ગોપીભાવ ધારણ કરી ભગવાનને કહ્યું કે,મારા મસ્તક પર તમારાં ચરણ પધરાવો. એવી પ્રાર્થના કરવાનું વિંધ્યાવલિ બલિરાજાને કહે છે. બલિરાજા પરમ વૈષ્ણવ છે. સમર્પણનું રહસ્ય એ સમજે છે. તે હવે કહે છે,હે પ્રભુ,મારા મસ્તક ઉપર આપનો ત્રીજો પગ પધરાવો! બલિ કહે છે,મને બોલતાં આવડ્યું નહીં ક્ષમા કરો! મારું કાંઈ નથી. તમારું જ છે તે હું તમને અર્પણ કરું છું.હું કશું દાન કરતો નથી.મારા ગર્વનો આપે નાશ કર્યો છે,ને મારી આંખોખોલી છે.હું આપને વંદન કરુંછું.એવામાં બલિરાજાના પિતામહ પ્રહલાદજી ત્યાં આવી પહોંચ્યા. પ્રહલાદજી ભગવાનને કહે છે,મારા પૌત્ર આ બલિને આપે ઈન્દ્રપદ આપેલું અને તે પાછું લઈ લીધું અને તેને સંપત્તિથી પણ ભ્રષ્ટ કર્યો તે આપે એના ઉપર મહાન અનુગ્રહ કર્યો છે એમ હું માનું છું.દાન આપનાર માં અભિમાન ન આવવું જોઈએ. જે વંદન કરે છેએ પ્રભુને બંધનમાં રાખે છે.જે વિશ્વમાં વસુમાત્રના માલિક છે તેને દાન આપવાની ચેષ્ટા એ ખોટું અભિમાન છે.જે વિશ્વમાં વસુમાત્રના માલિક છે તેને દાન આપવાની ચેષ્ટા એ ખોટું અભિમાન છે. બલિરાજા શરીર અર્પણ કરે છે. શરીર અર્પણ કરે એટલે અહંકાર-હુંપણું-અભિમાન અર્પણ કરે છે. દાન આપનારો દીન ન બને, તો તે દાન સફળ થતું નથી. આમ જ્યારે બલિરાજામાં દૈન્ય આવ્યું ત્યારે પરમાત્માનું હૃદય પીગળ્યું. બલિરાજાને ભગવાને કહ્યું કે, તેં મને સર્વસ્વનું દાન આપ્યું એટલે હું તારો ઋણી થયો છું. દૈન્યઆવ્યું એટલે પરમાત્મા ઋણી થયા છે. દૈન્યનો મહિમા ચિત્તમાં ઊતારવાનો છે.

પ્રભુ કહે છે,સ્વર્ગનું રાજ્ય મેં ઈન્દ્રાદિકને આપ્યું,પણ પાતાળનું રાજ્ય હું તને આપું છું. આજથી હું તારા પ્રત્યેક દ્વારે પહેરો ભરીશ બલિરાજા કહે છે,સ્વર્ગના રાજ્ય કરતાં આ પાતાળનું રાજ્ય સારું છે અહીંભગવાનનું સતતસાન્નિધ્ય છે. અહીં ભગવાનનો દ્વારે દ્વારે પહેરો છે, ચોકી છે.ભગવાન કહે છેકે,હું જેના પર કૃપા કરું છું તેનું ધન હરી લઉં છું અને તેને નિર્ધન કરી મૂકું છું. કારણકે ધનને લીધે મનુષ્ય મદાંધ બને છે, અભિમાની બને છે અને મદમાં મારું પણ અપમાન કરે છે અને લોકનું પણ અપમાન કરે છે.ધન ખૂંચવી લીધા સિવાય એના પર કૃપા કરવાનો બીજો કોઈ ઉપાય નથી.બલિએ જીવાત્મા છે વામનએ પરમાત્મા છે.જે સંયમી છે,જે બ્રહ્મચર્ય પાળે છે,તેને કોઈ મારી શકતું નથી,તેથી વામન ભગવાન પણ બલિરાજાને મારતા નથી. બલિ નિષ્પાપ છે, સદાચારી છે,ભક્ત છે તેથી બળવાન છે. તેથી ભગવાન તેને આંગણે આવે છે. બળવાન જ ભગવાનને માર્ગે જઈ શકે છે. આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આપણે અહીં અટકી અસ્તુ.

## ઝાલોદ રાજપુર ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનો રીબન કટિંગ - આપ નેતા ચૈતર વસાવાની હાજરીમાં કોંગ્રેસ-ભાજપના કાર્યકર્તાઓ જોડાયા

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 26**

બિરસા મુંડા ક્રિકેટ ગ્રાઉન્ડ પર ટુર્નામેન્ટનો શુભારંભ - યુવાઓને શિક્ષણ અને રોજગાર પર ભાર, ભાજપ સરકાર પર આક્ષેપો સાથે આપ સંગઠન મજબૂત બનાવવા પર ભાર મુકાયો, ઝાલોદ નગરપાલિકા વિસ્તારના રાજપુર મુકામે આવેલ બિરસા મુંડા ક્રિકેટ ગ્રાઉન્ડ પર પ્લાસ્ટિક ક્રિકેટ ટુર્નામેન્ટનું ઉદ્ઘાટન આમ આદમી પાર્ટીના પ્રખ્યાત નેતા અને દેડિયાપાડા વિધાનસભાના ધારાસભ્ય ચૈતર વસાવાના હસ્તે રીબન કાપી કરવામાં આવ્યું હતું. ટુર્નામેન્ટમાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રોત્સાહન મળે તે હેતુથી ગ્રાઉન્ડના દ્વાર લોકાર્પિત કરતી ક્ષણે ખેલપ્રેમીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. છેલ્લા એક મહિનાથી ચૈતર વસાવા દાહોદ જિલ્લા ના વિવિધ વિસ્તારોમાં સભાઓ સંબોધી રહ્યા છે અને આપ સંગઠનને જમાવટ આપવા સક્રિયપણે કાર્ય કરી રહ્યા છે. તેમની હાજરી દરમિયાન કોંગ્રેસ અને ભાજપના અનેક કાર્યકર્તાઓએ આપ પાર્ટીમાં જોડાઈ નવા રાજકીય ઉમંગને વેગ આપ્યો હતો. આવનારી તાલુકા-જિલ્લા પંચાયત ચુંટણીને ધ્યાનમાં લઈ આપ દ્વારા મજબૂત ઉમેદવારો ઉભા કરવા પ્રયત્નો ચાલી રહ્યા છે. સભામાં સંબોધન દરમિયાન ચૈતર વસાવાએ યુવાઓને ખાસ સંદેશ આપતા કહ્યું કે શિક્ષણ અને કુશળતા એ રોજગારનું સૌથી મોટું હથિયાર છે, દરેક યુવાને પોતાનો ભવિષ્ય ઘડવા પ્રયત્નશીલ રહેવું જોઈએ. સાથે સાથે તેમણે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું કે સત્તાધારી પક્ષ દ્વારા સંવિધાનનો દુરૂપયોગ થઈ રહ્યો છે આદિવાસી-ગરીબોની જમીનો કબજે લઈ તેમને બેરોજગાર બનાવવામાં આવી રહ્યા છે. તેમણે ઉલ્લેખ કર્યો કે ગુજરાતમાં અમુક અધિકારીઓની છત્રછાયામાં દારૂ-ડ્રગ્સનું આમ વેચાણ ચાલતું હોવાનું જોવા મળે છે તથા કેટલાક સરકારી બાબુઓ ગેરલાભ લઈ રાતોરાત ધનિક બની રહ્યા છે.

આગળ અવાજ ઉઠાવતા તેમણે કહ્યું કે પોલીસ જ લોકોની શાંતિ અને સુરક્ષા માટે છે, પરંતુ કેટલાક પ્રભાવશાળી નેતા તેનો અંગત સ્વાર્થ માટે ઉપયોગ કરી રહ્યા છે તથા ખોટા કેસ કરી વિરોધી અવાજોને દબાવવામાં આવે છે. વિસ્તારની જમીન અર્વાચીન રીતે કબજે લેવાઈ હોવા છતાં અનેક પરિવારોને આજદિન સુધી વળતર મળ્યું નથી એવો ગંભીર મુદ્દો પણ સભામાં ઉઠાવ્યો હતો. ચૈતર વસાવાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આપ પાર્ટી સડકથી સદન સુધી આ મુદ્દા લડશે અને પીડિતોને ન્યાય અપાવશે. સંવિધાન દિવસ એ આમ આદમી પાર્ટીનો સ્થાપના દિવસ હોવાને કારણે ઉપસ્થિત કાર્યકર્તાઓને શુભકામનાઓ પાઠવવામાં આવી. સાથે તેમણે જણાવ્યું કે સંવિધાનમાં આદિવાસી સમાજ માટે ધરાયેલા અધિકારોનો અમલ થવો જોઈએ અને તે દિશામાં આપ સંગઠન સંપૂર્ણ બળ સાથે લડે છે.રાજપુર મુકામે યોજાયેલી આ જાહેરસભામાં બહુસંખ્યા કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાતા રાજકીય હલચલ સર્જાઈ હતી. કાર્યક્રમ દરમિયાન યુવાઓ, કાર્યકર્તાઓ અને ક્રિકેટ ખેલાડીઓનો ઊત્સાહી માહોલ રહ્યો. સાથે તેમણે જણાવ્યું કે સંવિધાનમાં આદિવાસી સમાજ માટે ધરાયેલા અધિકારોનો અમલ થવો જોઈએ અને તે દિશામાં આપ સંગઠન સંપૂર્ણ બળ સાથે લડે છે.રાજપુર મુકામે યોજાયેલી આ જાહેરસભામાં બહુસંખ્યા કોંગ્રેસ અને ભાજપના કાર્યકર્તાઓ આપમાં જોડાતા રાજકીય હલચલ સર્જાઈ હતી. કાર્યક્રમ દરમિયાન યુવાઓ, કાર્યકર્તાઓ અને ક્રિકેટ ખેલાડીઓનો ઊત્સાહી માહોલ રહ્યો.

## ગુજરાતભરમાં SIRની પુરજોર કામગીરી
## 29-30 નવેમ્બરે 182 વિધાનસભા મતવિસ્તારમાં તાલુકા સ્તરે કેમ્પ યોજાશે

**નડિયાદ, તા. 26**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4 ડિસેમ્બર 2025 સુધી ચાલવાનો છે. હાલમાં આ ઝુંબેશમાં જોડાયેલા જિલ્લા ચૂંટણી અધિકારીઓથી માંડીને ચૂંટણીતંત્રના સૈનિકો સમાન BLO સુધીનું સમગ્ર ચૂંટણીતંત્ર સુમેળ અને સહકારની ભાવના સાથે નાગરિકોને મદદરૂપ બનવા માટે પ્રયાસરત છે. રાજ્યભરના BLO ગણતરી ફોર્મના વિતરણ, ફોર્મ ભરવા તથા 2002ની યાદીમાંથી નામ શોધવામાં મદદ કરીને ફોર્મમાં ભરવાની થતી વિગતો બાબતે નાગરિકોને માર્ગદર્શન આપી રહ્યા છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશમાં નાગરિકોને મદદરૂપ થવા માટે ખાસ કેમ્પનું પણ આયોજન કરવા પણ મુખ્ય નિર્વાચન અધિકારી શ્રી હારીત શુક્લાએ સુચના આપી છે. જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં 15 અને 16 નવેમ્બર તથા 22 અને 23 નવેમ્બર, 2025ના રોજ ખાસ કેમ્પો યોજવામાં આવ્યા હતા. આ જ શૃંખલામાં હવે તા. 29 અને 30 નવેમ્બર 2025 એમ બે દિવસ માટે રાજ્યના તમામ 182 વિધાનસભા મતવિસ્તારોમાં તાલુકા સ્તરે કેમ્પ યોજવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓને સુચના આપી છે. આવા કેમ્પમાં મામલતદાર, પ્રાંત કચેરીનો સ્ટાફ ઉપસ્થિત રહીને મતદારોને મદદ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યના મતદારો પોતાના વિધાનસભા મતવિસ્તારની કચેરીએ ગણતરી ફોર્મ જમા કરાવી શકશે તથા 2002ની મતદાર યાદીમાં તેમના નામો શોધવા માટે મદદ પણ મળી રહેશે. મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીએ આ કેમ્પોમાં મહત્તમ લાભ મેળવીને ગણતરી ફોર્મ ભરીને સુપરત કરવા પણ નાગરિકોને અપીલ કરી છે. જેથી સમયમર્યાદામાં ગણતરી ફોર્મ જમા કરાવી નાગરિકો આગામી તા. 9 ડિસેમ્બર 2025ના રોજ જાહેર થનારી ડ્રાફ્ટ મતદાર યાદીમાં તેમનું નામ સુનિશ્ચિત કરાવી શકે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતો મતદાર સામેલ ન થાય"

## દેવગઢ બારીઆ નગર તથા ગ્રામ્ય વિસ્તારની માંગ સાળંગપુર બસ સેવા ચાલુ કરવા

**દેવગઢ બારીઆ, તા. 26**

પ્રાપ્ત માહિતી અનુસાર દેવગઢ બારીઆ તથા ગ્રામ્ય વિસ્તાર ના લોકો ની લાગણી અને માંગ છે કે દેવગઢ બારીઆ થી રામ ભક્ત હનુમાન દાદા ના પવિત્ર ધામ સાળંગપુર બસ સેવા ચાલુ કરવા નગર તથા ગ્રામ્ય વિસ્તાર ના લોકો ની માંગ છે આ બસ સેવા ચાલુ કરવા મા આવે તો દેવગઢ બારીઆ તથા આસપાસ ના વિસ્તાર ના લોકો ને કષ્ટભંજન હનુમાન દાદા ના દર્શન નો લાહવો દર પૂનમ ભરતા શ્રદ્ધાળુઓ તથા ભક્તજનો ને લાભ મળે અને આ બસ સેવા થી આસપાસ ના ગ્રામ્ય વિસ્તાર ના બાળકો પણ સાળંગપૂર ખાતે હોસ્ટેલ માં રહી અભ્યાસ કરે છે આ બસ સેવા ચાલુ કરવા મા આવે તો દેવગઢ બારીઆ તથા આસપાસ ના વિસ્તાર ના લોકો ને કષ્ટભંજન હનુમાન દાદા ના દર્શન નો લાહવો દર પૂનમ ભરતા શ્રદ્ધાળુઓ તથા ભક્તજનો ને લાભ મળે અને આ બસ સેવા થી આસપાસ ના ગ્રામ્ય વિસ્તાર ના બાળકો પણ સાળંગપૂર ખાતે હોસ્ટેલ માં રહી અભ્યાસ કરે છે જેથી બાળકો તથા વાલીઓ ને પણ આ સુવિધા નો લાભ મળે અને આ બસ સેવા દેવગઢ બારીઆ થી વાયા સાગટાળા. ફાંગીયા. સેવનીયા. કંજેટા. થઈ ધાનપુર બારીઆ પીપલોદ થઈ સાળંગપુર કરવા મા આવે તો તમામ આસપાસ ગ્રામ્ય વિસ્તાર ની પ્રજા ને s બસ સાળંગપુર બસ સેવા નો લાભ મળી રહે તેથી આ બસ સેવા શરૂ કરવા લોક માંગ છે.

## ઝાલોદ ભાજપ દ્વારા સંવિધાન ગૌરવ યાત્રા યોજવામાં આવી

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 26**

ભારત દેશમાં આઝાદી પછી 26 નવેમ્બરના રોજ બંધારણ ઘડવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી તેને લઈ દર વર્ષે 26 નવેમ્બરના રોજ બંધારણ દિવસની ઉજવણી કરવામાં આવે છે. 26 નવેમ્બર રોજ દરેક ભારતીય લોકો માટે મહત્વપૂર્ણ દિવસ છે કેમકે આ દિવસે બંધારણ દ્વારા દરેક ભારતીયોને સમાનતાનો અધિકાર, જીવવાનો અધિકાર અને પોતાના નિર્ણય લેવાનો અધિકાર પ્રાપ્ત થયો હતો 26 નવેમ્બર 1949 ના રોજ ઔપચારિક રીતે દેશના બંધારણને અપનાવ્યું હતું અને બંધારણ દિવસની સૌ પ્રથમ



ઉજવણી 2015 મા કરવામાં આવ્યું હતું. ભારત દેશનું બંધારણ વિશ્વનો સૌથી મોટો લેખિત બંધારણ છે. ઝાલોદ ભાજપ પરિવાર દ્વારા આંબેડકર ચોક ખાતે ભીમરાવ આંબેડકરની પ્રતિમાને માલ્યાર્પણ કરવામાં આવેલ હતું. ત્યારબાદ ઉપસ્થિત લોકોને બાબા સાહેબ આંબેડકરના જીવન પરિચય અને સંવિધાન વિશે માહિતી આપવામાં આવી હતી. બાબા સાહેબ આંબેડકરન અમર રહોના નારા સાથે વાતાવરણ ગુંજી ઉઠયું હતું. ત્યારબાદ આંબેડકર ચોક થી સરદાર પટેલ ચોક સુધી દેશભક્તિના ગીતો સાથે હાથમાં સંવિધાન સાથે સંવિધાન ગૌરવ યાત્રા યોજાઈ હતી. આજની સંવિધાન ગૌરવ યાત્રામાં ભાજપ ઝાલોદ નગર પ્રભારી પંકજ અગ્રવાલ, શહેર પ્રમુખ મયુર પંચાલ, તાલુકા પ્રમુખ સુરેશ ભાભોર, ભરત શ્રીમાળી,ટપુ વસૈયા, બટુલ ડામોર ,નગરપાલિકા કાઉન્સિલરો તેમજ ભાજપ સંગઠનના હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા.

## લીમડી પોલીસ દ્વારા જુના વાહન લે વેચ કરનાર વેપારી વિરુદ્ધ ગુનો નોંધાયો — રજીસ્ટર ન રાખવાના કારણે કાર્યવાહી શરૂ

**ઝાલોદ, પ્રતિનિધિ દ્વારા, તા. 26**

લીમડી પોલીસ મથક વિસ્તારમા પેટ્રોલિંગ દરમિયાન કાયદા અમલવારી ટીમને ઝાલોદ રોડ પર સ્થિત સપના હોટલ સામે 'લીલાવતી મોટર્સ' નામની દુકાને જુના બે-વ્હીલર વાહનો (સાયકલ, સ્કૂટર, મોટરસાયકલ) લે-વેચનો વ્યવસાય ચાલુ હોવાની માહિતી મળતાં સ્થળ પર તપાસ હાથ ધરાઈ. પોલીસ દળ દ્વારા વેપારી પાસે જુના વાહન લે-વેચ અંગેનું ફરજીયાત રજીસ્ટર રજૂ કરવા માંગવામાં આવ્યું હતું. પરંતુ વેપારી પાસે કોઈપણ પ્રકારનું ટ્રાન્ઝેક્શન, રેકોર્ડ, વેરીફિકેશન અથવા આઈડેન્ટિફિકેશન રજીસ્ટર ઉપલબ્ધ ન હોવાથી પોલીસ સમક્ષ હકીકત સ્પષ્ટ થઈ કે વ્યવહાર નોંધપોથી વિના ચાલે છે. કાયદેસર વ્યવહારો તથા વાહન માલિકીના હસ્તાંતરણમાં પારદર્શિતા રહે તે માટે સરકાર તથા જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામા અનુસાર જુના વાહન ખરીદી-વેચાણની વિગતો રજીસ્ટરમાં જાળવવી ફરજિયાત છે.

જાહેરનામાનો ભંગ સાબિત થતા કાયદેસર કાર્યવાહી : રજીસ્ટર ન રાખવાની કબૂલાત સાથે પોલીસ દ્વારા સ્થળપરથી મહિતી એકત્રિત કરી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરવા બદલ વેપારી વિરુદ્ધ ગુનો IPC તથા મોટર વાહન અધિનિયમ મુજબ નોંધાયો. આગળ કાયદાકીય પ્રક્રિયા હાથ ધરવા મથક ખાતે વધુ પૂછપરછ, દસ્તાવેજ ચકાસણી અને પુરાવા સ્થાપવા માટે પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

પોલીસની ચેતવણી : પોલીસ દ્વારા અન્ય વેપારીઓને પણ ચેતવણી આપવામાં આવી કે – વાહન લે-વેચ રજીસ્ટર વિના ચલાવવામાં આવતા વેપાર કાનૂની ગુનામાં ગણાશે દરેક ડીલિંગનું રેકોર્ડ, માલિકીની પુષ્ટિ અને ઓળખ પ્રમાણપત્ર ફરજીયાત થશે નિયમભંગ કરનાર વિરુદ્ધ સમાન કાયદાકીય પગલા ભરીને કાર્યવાહી કરાશે

નિષ્કર્ષ : લીમડી પોલીસની ઝડપી કાર્યવાહીથી કાયદો અને વ્યવસ્થા અમલમાં સક્રિયતા જોવા મળી છે. વાહન ખરીદ-વેચાણમાં નિયમોનું પાલન ન થાય તો ભવિષ્યમાં પણ કડક પગલાં લેવાશે, એમ પોલીસ દ્વારા સ્પષ્ટ કરવામાંઆવ્યુંછે.

## અમદાવાદ સિવિલ હોસ્પિટલની ઐતિહાસિક સિદ્ધિ : ૨૨૨ અંગદાતાઓના અંગદાન થકી ૭૧૩ વ્યક્તિઓને મળ્યું નવજીવન

**અમદાવાદ, તા. 26**

અમદાવાદ સિવિલ હોસ્પિટલે અંગદાનના ક્ષેત્રમાં એક નવો માઈલસ્ટોન હાંસલ કર્યો છે. હોસ્પિટલમાં તાજેતરમાં ગુપ્તદાન સ્વરૂપે ૨૨૨મું અંગદાન થયું, જેના થકી એક લીવર અને બે કિડનીનું દાન મળ્યું છે. આ અવિરત સેવા દ્વારા હોસ્પિટલે કુલ ૭૩૫ અંગોનું દાન મેળવીને ૭૧૩ જરૂરિયાતમંદ દર્દીઓને નવું જીવન પ્રદાન કર્યું છે.

ગુપ્તદાન સ્વરૂપે થયેલું ૨૨૨મું અંગદાન

સિવિલ હોસ્પિટલમાં ગુપ્તદાન સ્વરૂપે થયેલા ૨૨૨મા અંગદાનની વિગતો જોઈએ તો, સિવિલના આઈસીયુમાં દાખલ મધ્યપ્રદેશના ૪૪ વર્ષીય પુરુષ દર્દી સારવાર દરમિયાન ૨૫ નવેમ્બરના રોજ બ્રેઈનડેડ જાહેર થયા હતા. હોસ્પિટલની અંગદાન ટીમના ડૉ. મોહિત ચંપાવત દ્વારા દર્દીના સગાઓને સમજાવતા તેઓએ અંગદાનની સંમતિ આપી હતી. આ અંગદાનથી મળેલ બે કિડની અને એક લીવરને સિવિલ મેડિસિટી કેમ્પસની જ કિડની હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓમાં પ્રત્યારોપણ કરવામાં આવશે.



ચક્ષુદાન થકી પરિવારે દીકરીને અન્યોની દ્રષ્ટિમાં જીવંત રાખી

ચક્ષુદાન સ્વરૂપે થયેલા અંગદાનના બીજા એક કિસ્સામાં અમદાવાદના અમરાઈવાડીના ૨૩ વર્ષીય શ્વેતાબેન પ્રજાપતિ નામના દર્દી મૃત્યુ પામતા સ્ટાફ દ્વારા આઈ ડોનેશન માટે સમજાવતા પરિવારજનોએ તેમની આંખોનું દાન કર્યું હતું. આ મળેલ બે આંખોનું દાન સિવિલ મેડિસિટી કેમ્પસની જ એમ. એન. જે. આઈ. હોસ્પિટલ દ્વારા સ્વીકારવામાં આવ્યું હતું.

અંગદાનની શરૂઆતથી અંત સુધીની મેરેથોન પ્રક્રિયા

સિવિલ હોસ્પિટલના મેડીકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડૉ. રાકેશ જોશીએ અંગદાનની સમગ્ર પ્રક્રિયા વિશે માહિતી આપતાં જણાવ્યું કે એક અંગદાન પાછળ ૪૮ થી ૭૨ કલાકની જટિલ પ્રક્રિયા હોય છે. દર્દી બ્રેઈન ડેડ માલૂમ પડે ત્યારથી તેના મેનેજમેન્ટ, એપનીઆ ટેસ્ટ કરી બ્રેઈન ડેડ પ્રમાણિત કરવું, ત્યારબાદ દર્દીના પરિવારજનોનું કાઉન્સેલીંગ કરી અંગદાન માટે સંમતિ લેવી તથા સોટો(SOTTO) સાથે અને અંગો જે હોસ્પિટલોના દર્દીઓને પ્રત્યારોપણ માટે ફાળવવામાં આવે તેમની સાથે સંકલન કરી ઓપરેશનનો સમય નક્કી કરવો. અંગો જે તે હોસ્પિટલમાં સમયસર પહોંચતા કરવા જરૂરી ગ્રીન કોરીડોર માટે પોલીસ સાથે તેમજ ડેડ બોડીના પોસ્ટમોર્ટમ માટે પોલીસ અને પોસ્ટમોર્ટમના ડોક્ટર સાથે સંકલન કરવું - એમ આ આખી એક જટિલ પ્રક્રિયા છે.

સિવિલ હોસ્પિટલ દ્વારા આજદિન સુધીમાં કુલ ૯૨૨ અંગો તેમજ પેશીઓનું દાન મેળવવામાં આવ્યું છે.

મેટર: સિવિલ હોસ્પિટલ દ્વારા આજદિન સુધીમાં અંગદાનમાં મેળવેલ અંગો અને પેશીઓની આંકડાકીય વિગતો

કુલ અંગદાતાઓ: ૨૨૨

કુલ અંગોનું દાન: ૭૩૫ (જેમાં ૧૯૬ લીવર, ૪૦૮ કિડની, ૭૧ હૃદય, ૧૮ સ્વાદુપિંડ, ૩૪ ફેફસાં, ૬ હાથ, ૨ નાનાં આંતરડાંનો સમાવેશ થાય છે.)

કુલ પેશીઓનું દાન: ૧૮૭ (જેમાં ૧૬૦ ચક્ષુ અને ૨૭ ચામડીનો સમાવેશ થાય છે.)

અંગો અને પેશીઓનું કુલ દાન: ૯૨૨

આ ૭૩૫ અંગો થકી અત્યાર સુધી ૭૧૩ વ્યક્તિઓને નવું જીવન પ્રદાન થયું છે.

## ભારતીય ડાક વિભાગે 'બંધારણ દિવસ' ઊજવ્યો; બંધારણ સ્વીકાર્યાની 76મી વર્ષગાંઠે કરાયો પ્રસ્તાવના-પાઠ અને વાચન

**અમદાવાદ, તા. 26**

ભારતીય ડાક વિભાગ દ્વારા ઉત્તર ગુજરાત પરીક્ષેત્રની તમામ પોસ્ટ ઓફિસો અને વહીવટી કચેરીઓમાં 26 નવેમ્બર, 2025 ના રોજ 'બંધારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી. પ્રાદેશિક કચેરી અમદાવાદ ખાતે પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે, બંધારણ સ્વીકાર્યાની 76મી વર્ષગાંઠ નિમિત્તે તમામ અધિકારીઓ અને કર્મચારીઓ સાથે બંધારણની પ્રસ્તાવનાનું પઠન અને વાંચન કર્યું. હાજર તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ પ્રસ્તાવના પુનરાવર્તન કરીને બંધારણમાં સમાવિષ્ટ આદર્શો અને મૂલ્યો પ્રત્યે પોતાની નિષ્ઠા વ્યક્ત કરી. આ પ્રસંગે પોતાના સંબોધનમાં પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, બંધારણ માત્ર એક પુસ્તક નથી, તે રાષ્ટ્ર માટે માર્ગદર્શક છે. આજનો દિવસ આપણને અધિકારોની સાથે ફરજોનું પણ સ્મરણ કરાવે છે. ડૉ.ભીમરાવ અંબેડકર અને બંધારણ નિર્માતાઓએ આપણને સમાનતા, ન્યાય અને સ્વતંત્રતાનું એવો અદ્ભૂત દસ્તાવેજ આપ્યો છે, જેના કારણે ભારત વિશ્વના સૌથી મોટા લોકતંત્ર તરીકે સ્થાપિત થયું. આજે આપણે એ સંકલ્પ લઈએ કે બંધારણની મર્યાદા, નાગરિક ફરજો અને રાષ્ટ્રીય એકતાને હંમેશાં સર્વોપરી રાખીશું. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે, બંધારણ સભામાં 26 નવેમ્બર 1949ના રોજ ભારતના બંધારણને અંગીકારિત, અધિનિયમિત અને આત્મસંપૂર્ણ કરવામાં આવ્યું હતું. લગભગ 2 વર્ષ 11 મહિના 17 દિવસની કઠોર મહેનત બાદ બંધારણને અંતિમ સ્વરૂપ મળ્યું. તેના મૂળ સ્વરૂપમાં 395 કલમો, 8 અનુસૂચિઓ અને લગભગ 1,45,000 શબ્દો સમાવિષ્ટ હતા, જેના કારણે તે આજ સુધીનું સૌથી વિગતવાર રાષ્ટ્રીય બંધારણ બની શક્યું. પછીથી, 19 નવેમ્બર 2015ના રોજ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલયના જાહેરનામા દ્વારા 26 નવેમ્બરને દર વર્ષે 'બંધારણ દિવસ' તરીકે ઉજવવાનો નિર્ણય લેવાયો. આ પ્રસંગે સહાયક નિર્દેશક શ્રી વી. એમ. વહોરા, શ્રી રિતુલ ગાંધી, વરિષ્ઠ લેખાધિકારી શ્રીમતી પૂજા રાઠોડ, શ્રી ચેતન સૈન, સહાયક અધિક્ષક શ્રી જીનેશ પટેલ, શ્રી રમેશ પટેલ, શ્રી રોનક શાહ, ડાક નિરીક્ષક શ્રીમતી પાયલ પટેલ, શ્રી આશીષ પટેલ, શ્રી ગૌરીશંકર કુમાવત સહિત અનેક અધિકારીઓ-કર્મચારીઓએ બંધારણ દિવસે પ્રતિજ્ઞા લીધી.

### દેશવ્યાપી સ્વચ્છતા અભિયાન થકી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌને સફાઈ કર્મીઓની કામગીરીનું મહત્વ સમજાવીને તેમનું સન્માન વધાર્યું :- શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા

# અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળ દ્વારા શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રી દર્શનાબેન વાઘેલાનો સન્માન સમારોહ અને મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

**ગાંધીનગર, તા. 26**

અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળ દ્વારા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ રાજ્યમંત્રી શ્રી દર્શનાબેન વાઘેલાનો સન્માન સમારોહ અને મંડળનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. રાજ્યમંત્રી શ્રી દર્શનાબેન વાઘેલાએ સ્નેહમિલન કાર્યક્રમમાં પોતાના ઉદબોધનમાં જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ હંમેશા સૌ સમાજને સાથે લઈને ચાલે છે. વિકાસની રાજનીતિ થકી તેમણે 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ, સૌનો વિશ્વાસ' મંત્ર સાર્થક કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવ્યાપી સ્વચ્છતા અભિયાન થકી સૌને સફાઈકર્મીઓની કામગીરીનું મહત્વ સમજાવીને તેમનું સન્માન કર્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના સફાઈ કર્મીઓની ઉત્કૃષ્ટ કામગીરીને પગલે અમદાવાદ શહેરને તાજેતરમાં સ્વચ્છ શહેરનું બહુમાન પ્રાપ્ત થયું છે એમ તેમણે ઉમેર્યું હતું.

શહેરી વિકાસ રાજ્યમંત્રીશ્રીએ ગાંધીજી, સરદાર પટેલ, સંવિધાનના ઘડવૈયા શ્રી બાબાસાહેબ આંબેડકરના જીવનપ્રસંગોનું આ તકે સ્મરણ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે રામાયણની રચના બદલ શ્રી વાલ્મિકીજીને મહર્ષિનું બિરુદ પ્રાપ્ત થયું હતું. તેમના હાથમાં રહેલી પેનનો સંદર્ભ આપીને મંત્રીશ્રીએ વાલ્મિકી સમાજના બાળકોને ફરજિયાત શિક્ષણ





અપાવીને આગળ વધારવા ઉપસ્થિત સૌને અનુરોધ કર્યો હતો.

સફાઈ કામદાર વિકાસ નિગમના ચેરમેન તરીકેના પોતાના કાર્યકાળના સંસ્મરણો વાગોળતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આ નિગમ અંતર્ગત સફાઈ કામદારોના પરિવારોને સહાયરૂપ યોજનાઓની શરૂઆત કરાવી હતી. આ યોજનાકીય સહાયો ઘણા પરિવારોના જીવનમાં ખુશહાલી લાવી હતી.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર સમાજના સૌ વર્ગોના ઉત્થાન અને ઉત્કર્ષ માટે કામગીરી કરી રહી છે. સફાઈકર્મીઓ સહિત નોકર મંડળની રજૂઆતો અને પ્રશ્નો



પ્રત્યે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના હોદ્દેદારો તથા રાજ્ય સરકાર હંમેશા હકારાત્મક રહી છે એમ તેમણે ઉમેર્યું હતું.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગભાઈ દાણીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે અમદાવાદ શહેરને 'ક્લિનેસ્ટ સિટી'નું સન્માન પ્રાપ્ત થયું તેમાં આપણા સફાઈકર્મી ભાઈઓ બહેનોનો મહામૂલો ફાળો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં અયોધ્યામાં રામમંદિરનું નિર્માણ થયું અને આજરોજ મંદિર પર ધજા પણ લહેરાતી થઈ ગઈ. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં આપણા વારસા અને વિરાસતના સંવર્ધન પ્રત્યે કેન્દ્ર અને રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અમદાવાદ સહિત રાજ્ય વિકાસના માર્ગે તેજ ગતિથી આગળ વધી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

નવા મંત્રીમંડળમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી તરીકે વરણી પામીને વાલ્મિકી સમાજનું ગૌરવ વધારવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળ દ્વારા શ્રી દર્શનાબેન વાઘેલાનું સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળનો સ્નેહમિલન કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, શાસકપક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળના જનરલ સેક્રેટરી શ્રી કલ્પેશ મકવાણા, નોકર મંડળના શ્રી ચંદ્રકાંતભાઈ સહિત મંડળના સભ્યો, પ્રતિનિધિઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાહતા. નવા મંત્રીમંડળમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી તરીકે વરણી પામીને વાલ્મિકી સમાજનું ગૌરવ વધારવા બદલ અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળ દ્વારા શ્રી દર્શનાબેન વાઘેલાનું સન્માન કરવામાં આવ્યું હતું. અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળનો સ્નેહમિલન કાર્યક્રમમાં ડેપ્યુટી મેયર શ્રી જતીનભાઈ પટેલ, શાસકપક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, અમદાવાદ મ્યુનિસિપલ નોકર મંડળના જનરલ સેક્રેટરી શ્રી કલ્પેશ મકવાણા, નોકર મંડળના શ્રી ચંદ્રકાંતભાઈ સહિત મંડળના સભ્યો, પ્રતિનિધિઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગંભીરનો અંદાજ પસંદ નથી આવી રહ્યો; 93 વર્ષમાં પહેલીવાર 400થી વધુ રનથી હાર મળી

## ટીમ ઈન્ડિયાની હાલત પાકિસ્તાન કરતાં પણ ખરાબ થઈ



**મુબઈ, તા. 26**

સાઉથ આફ્રિકાએ બે ટેસ્ટ મેચની સિરીઝમાં ભારતનો 2-0થી સફાયો કરી દીધો છે. ગુવાહાટી ટેસ્ટના પાંચમા દિવસે 549 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ભારતીય ટીમ તેની બીજી ઈનિંગ્સમાં 140 રન પર ઓલઆઉટ થઈ ગઈ. સાઉથ આફ્રિકાએ મેચ 408 રનથી જીતી લીધી. ભારત તેના 93 વર્ષના ટેસ્ટ ઈતિહાસમાં પહેલીવાર 400 રનથી વધુના અંતરથી હાર્યું છે. આ છેલ્લા એક વર્ષમાં ભારતીય ટીમની ઘરઆંગણે 7 ટેસ્ટમાં પાંચમી હાર છે. આ દરમિયાન બે વાર ભારતને ઘરમાં ક્લીન સ્વીપ થવું પડ્યું છે. ઓક્ટોબર-નવેમ્બર 2024માં ન્યૂઝીલેન્ડે ભારતને ત્રણ ટેસ્ટ મેચની સિરીઝમાં 3-0થી હરાવ્યું હતું. એક વર્ષ પહેલાં સુધી ઘરઆંગણાના મેદાન પર અજેય મનાતી ભારતીય ટીમ આ સમયે પોતાના ઘર પર જ દુનિયાની સૌથી નબળી ટીમમાં સામેલ થઈ ગઈ છે. છેલ્લા 13 મહિનામાં પાકિસ્તાને પણ ભારત કરતાં સારો દેખાવ કર્યો છે. આ સમયગાળામાં ઘરના મેદાન પર ભારત કરતાં વધુ મેચ માત્ર ઝિમ્બાબ્વેની ટીમ જ હારી છે. માત્ર વેસ્ટ ઈન્ડીઝને હરાવી શક્યા ઓક્ટોબર 2024થી અત્યારસુધી ભારતીય ટીમે ઘરઆંગણે ત્રણ સિરીઝ રમી છે. ન્યૂઝીલેન્ડે 3-0થી અને સાઉથ આફ્રિકાએ 2-0થી હરાવ્યા. આ બંને સિરીઝ વચ્ચે ભારતે વેસ્ટ ઈન્ડીઝ સામે બે મેચ જીતી, એટલે કે 7માંથી 5 ઘરઆંગણાની ટેસ્ટમાં ભારતને હારનો સામનો કરવો પડ્યો. ભારત કરતાં પાકિસ્તાનનું પ્રદર્શન સારું રહ્યું પાકિસ્તાનની ટીમ દરેક ફોર્મેટમાં ટીમ ઈન્ડિયા કરતાં નબળી માનવામાં આવે છે, પરંતુ છેલ્લા 13 મહિનામાં પાકિસ્તાને પણ પોતાના ઘરઆંગણે ભારત કરતાં સારો દેખાવ કર્યો છે. પાકિસ્તાને આ સમયગાળામાં પોતાના ઘરમાં 7 ટેસ્ટ મેચ રમી. એમાંથી 4માં તેને જીત મળી અને 3માં જ હારનો સામનો કરવો પડ્યો. પાકિસ્તાને આ જ સાઉથ આફ્રિકા સામે સિરીઝ ડ્રો કરાવી હતી.

# ઘરઆંગણે ઈન્ડિયન ટીમની સૌથી શરમજનક હાર, સા. આફ્રિકાએ 25 વર્ષ પછી વ્હાઈટ વોશ કર્યો

**મુબઈ, તા. 26**

સાઉથ આફ્રિકાએ ગુવાહાટી ટેસ્ટમાં ભારતને 408 રનથી હરાવી દીધું છે. ટીમે ભારતને કોલકાતા ટેસ્ટમાં પણ 30 રનથી હરાવ્યું હતું. સાઉથ આફ્રિકાએ 25 વર્ષ પછી ભારતને તેના ઘરમાં ક્લીન સ્વીપ કર્યું છે. આ પહેલાં વર્ષ 2000માં બે ટેસ્ટ મેચની સિરીઝમાં 2-0થી હરાવ્યું હતું.

બરસાપારા સ્ટેડિયમમાં બુધવારે 549 રનના ટાર્ગેટને ચેઝ કરી રહેલી ભારતીય ટીમ 140 રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ. ભારત તરફથી બીજી ઈનિંગ્સમાં રવીન્દ્ર જાડેજાએ સૌથી વધુ 54 રન બનાવ્યા. સાઉથ આફ્રિકા તરફથી સાયમન હાર્મરે સૌથી વધુ 6 વિકેટ લીધી. સાઉથ આફ્રિકાએ ચોથા દિવસે મંગળવારે પોતાની બીજી ઈનિંગ્સ 260/5ના સ્કોર પર ડિક્લેર કરી દીધી હતી. સાઉથ આફ્રિકાએ ટૉસ જીતીને પહેલી ઈનિંગ્સમાં 489 રન બનાવ્યા હતા. જવાબમાં ભારતની પહેલી ઈનિંગ્સ 201 રન પર સમેટાઈ ગઈ હતી. આ રીતે ભારતને ટેસ્ટ જીતવા માટે 549 રનનો ટાર્ગેટ મળ્યો હતો.



■ ગંભીરે હારની જવાબદારી લીધી, કહ્યું- ભવિષ્યનો નિર્ણય BCCIના હાથમાં

ગંભીરે કહ્યું- મારા ભવિષ્યનો નિર્ણય BCCI કરશે, હારની જવાબદારી સ્વિકારી ઈન્ડિયન કોચ ગૌતમ ગંભીરે સાઉથ આફ્રિકા સામે ગુવાહાટી ટેસ્ટમાં હારની જવાબદારી લીધી છે. તેણે બુધવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે ટીમની હારની જવાબદારી સૌથી પહેલા તેના પર આવે છે.

ગંભીરે કહ્યું- કોઈ એક ખેલાડી કે કોઈ એક શોટને દોષ આપી શકાય નહીં. જવાબદારી બધાની છે અને શરૂઆત મારાથી થાય છે. મેં ક્યારેય કોઈ ખેલાડીને દોષ આપ્યો નથી અને આગળ પણ નહીં આપું.

ગંભીરને જ્યારે તેની ભવિષ્યની કોચિંગ વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું- મારા ભવિષ્યનો નિર્ણય BCCI કરશે. પરંતુ, એ ભૂલશો નહીં કે મેં જ તમને ઈંગ્લેન્ડમાં પરિણામો અપાવ્યા છે. હું જ ચેમ્પિયન ટ્રોફી જીતનાર કોચ હતો. ભારતને ગુવાહાટી ટેસ્ટમાં સાઉથ આફ્રિકા સામે 408 રનની કારમી હારનો સામનો કરવો પડ્યો છે. રનના હિસાબે આ ભારતની અત્યાર સુધીની સૌથી મોટી હાર છે. આ સાથે ટીમ છેલ્લા 13 મહિનામાં બીજી વખત ક્લીન સ્વીપ પણ થઈ ગઈ છે. ગુવાહાટી ટેસ્ટના પાંચમા દિવસનો પહેલો સેશન સંપૂર્ણપણે સાઉથ આફ્રિકાના નામે રહ્યો. આ સેશનમાં મહેમાન ટીમે ભારતની ત્રણ વિકેટ ઝડપી. સૌથી પહેલા નાઈટ વૉચમેન કુલદીપ યાદવ આઉટ થયો, પછી ધ્રુવ જુરેલ પેવેલિયન પરત ફર્યો અને ત્યારબાદ કેપ્ટન રિષભ પંત પણ હાર્મરના બોલ પર આઉટ થયો. આ ત્રણેય વિકેટ સ્પિનર સાયમન હાર્મરે લીધી.

પહેલા સેશનના અંત સુધીમાં ભારત 90 રન પર 5 વિકેટ ગુમાવીને સંઘર્ષ કરી રહ્યું છે અને ટીમ પર હારનું જોખમ હજુ પણ યથાવત્ છે. ટીમ હજી પણ સાઉથ આફ્રિકાથી 459 રન પાછળ છે. એડન માર્કરમે બીજી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં અત્યાર સુધી 7 કેચ પકડ્યા છે. આની સાથે જ માર્કરમ એક ટેસ્ટમાં સૌથી વધુ કેચ પકડનારા સાઉથ આફ્રિકન ખેલાડી બની ગયા છે.

# અમદાવાદમાં કોમનવેલ્થ-2030ની યજમાનીનો આજે નિર્ણય



**મુબઈ, તા. 26**

ગુજરાત માટે આજનો દિવસ ખૂબ ઐતિહાસિક બનવા જઈ રહ્યો છે. એક રીતે મિની ઓલિમ્પિક તરીકે ગણાતી કોમનવેલ્થ ગેમ્સની 2030ની યજમાની અમદાવાદને આપવાનો આજે નિર્ણય આવી શકે છે. સ્કોટલેન્ડના ગ્લાસગો શહેરમાં આજે મહત્ત્વની મિટિંગ છે, જેમાં ભાગ લેવા માટે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની આગેવાનીમાં ભારત તરફથી એક ડેલિગેશન ત્યાં પહોંચી ચૂક્યું છે. અમદાવાદને ઈન્ટરનેશનલ ગેમ્સની યજમાની મળવાની પૂરેપૂરી સંભાવના છે. કોમનવેલ્થ સ્પોર્ટ એ એવી સંસ્થા છે, જે કોઈ દેશને યજમાની આપવાનો નિર્ણય લે છે. કોઈપણ દેશ માટે કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કરવું એ માત્ર રમતગમતના દૃષ્ટિકોણથી જ નહીં, આંતરરાષ્ટ્રીય સ્તરે એની સમૃદ્ધિ, વિઝન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરની રીતે પણ મહત્ત્વનું માનવામાં આવે છે. અત્યારસુધી ઓસ્ટ્રેલિયા, કેનેડા, ઈંગ્લેન્ડ, ભારત, ન્યૂઝીલેન્ડ વગેરે સહિત નવ અલગ-અલગ દેશો કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરી ચૂક્યા છે. એમાં ઓસ્ટ્રેલિયાએ 5 વખત કોમનવેલ્થ ગેમ્સનું આયોજન કર્યું છે. ભારતે અત્યારસુધીમાં 3 મલ્ટીસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન કર્યું છે, જેમાં 1951 અને 1982 એશિયન ગેમ્સ અને 2010ની કોમનવેલ્થ ગેમ્સનો સમાવેશ થાય છે. આ ત્રણેય રમતોનું આયોજન દિલ્હીમાં જ થયું હતું. જો અમદાવાદને યજમાની મળે છે તો પહેલીવાર એવું બનશે કે કોઈ ઈન્ટરનેશનલ લેવલની મલ્ટીસ્પોર્ટ્સ ગેમ્સનું આયોજન દિલ્હી બહાર થાય. એટલું જ નહીં, 2030 માટે અમદાવાદને યજમાની મળે તો એક સંયોગ એવો પણ છે કે ત્યારે કોમનવેલ્થ ગેમ્સના આયોજનની 100મી વર્ષગાંઠ પણ હશે.



# 'રોહિત-વિરાટે ક્રિકેટ છોડી નથી, તેમને હટાવાયા : વિકાસ કોહલી

**મુંબઈ, તા. 26**

ભારતીય ટીમ સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ સિરીઝ હારી ગઈ છે. ગુવાહાટીના બરસાપારા સ્ટેડિયમ પર ભારતને જીત માટે 549 રનનો ટાર્ગેટ મળ્યો હતો, પણ ટીમ 140 રનમાં જ ખખડી ગઈ અને 408 રનના વિશાળ માર્જિનથી હારી. આ સાથે જ સા. આફ્રિકાએ ભારતને તેના જ ઘરમાં 25 વર્ષ પછી ક્લીન સ્વીપ કરી. ટીમ સિરીઝની પહેલી મેચમાં પણ હારી હતી, એટલે કે, આ મેચ હારતાં જ સાઉથ આફ્રિકાએ સિરીઝને 2-0થી વ્હાઈટ વોશ કર્યો છે. આ બધા વચ્ચે વિરાટ કોહલીના મોટા ભાઈ વિકાસ કોહલીએ થ્રેડ એપ પર ગંભીરને આડે હાથ લેતાં પોસ્ટ કરી હતી. તેમણે ભારતની ટેસ્ટ ક્રિકેટમાં ચાલી રહેલી મુશ્કેલીઓ પર કમેન્ટ્સ કરી. વિરાટ કોહલીના મોટા ભાઈ વિકાસ કોહલીએ મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને અજિત અગરકરની આગેવાની હેઠળની પસંદગી સમિતિ પર આકરો હુમલો કર્યો. તેમણે ટીમની કથળતી હાલત માટે આ જ લોકોને જવાબદાર ઠેરવ્યા. તેમની પોસ્ટ થોડીવાર પછી ડિલિટ કરી દેવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં એ વાઈરલ થઈ ચૂકી હતી. આ પોસ્ટ ત્યારે આવી જ્યારે ભારત ગુવાહાટી ટેસ્ટમાં 548 રનના ટાર્ગેટને ચેઝ કરતાં ચોથા દિવસે બે આંચકા ખાઈને ઊંડી મુશ્કેલીમાં હતું. વિકાસ કોહલીનો મોટો દાવો, રોહિત અને કોહલીને ટેસ્ટ ટીમમાંથી 'હટાવાયા' થ્રેડ એપ પર એક પોસ્ટમાં વિકાસે મોટો દાવો કર્યો કે રોહિત અને કોહલીએ ટેસ્ટ ક્રિકેટ છોડી નથી, પરંતુ તેમને ' હટાવાયા' છે.

# સેલિના જેટલીએ પતિ વિરુદ્ધ ઘરેલું હિંસાનો કેસ કર્યો



**મુંબઈ, તા. 26**

બોલિવૂડ એક્ટ્રેસ સેલિના જેટલીએ તેના પતિ પીટર હાગ વિરુદ્ધ મુંબઈની એક સ્થાનિક કોર્ટમાં ઘરેલું હિંસાનો કેસ દાખલ કર્યો છે. સેલિનાએ તેના પતિ પર ભાવનાત્મક (ઈમોશનલ), શારીરિક (ફિઝિકલ), જાતીય દુર્વ્યવહાર (સેક્શુઅલ અબ્યૂઝ) જેવા ગંભીર આરોપો લગાવ્યા છે. સાથે જ તેણે 50 કરોડ રૂપિયાના વળતર સાથે દર મહિને 10 લાખ રૂપિયાનું ભરણપોષણ માંગ્યું છે. 'મારા પતિને મારી કે મારા બાળકોની કોઈ ચિંતા નથી' 21 નવેમ્બરે મુંબઈની અદાલતમાં અરજી દાખલ કરવામાં આવી હતી. અરજી પર 24 નવેમ્બરે જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એસ.સી. તાડ્યેએ સુનાવણી હાથ ધરી, જે બાદ ઓસ્ટ્રિયન બિઝનેસમેન અને હોટેલિયર પીટરને નોટિસ જારી કરવામાં આવી હતી. પોતાની અરજીમાં સેલિનાએ જણાવ્યું કે, તેના 48 વર્ષીય પતિ એક સેલ્ફ-ઓબ્ઝેસ્ડ વ્યક્તિ છે, જેને તેના કે તેના બાળકો પ્રત્યે કોઈ સહાનુભૂતિ નથી. કાનૂની ફર્મ કરંજવાલા એન્ડ કંપની દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં એક્ટ્રેસ માટે 10 લાખ રૂપિયા માસિક ભરણપોષણની માંગ કરવામાં આવી છે. આ સાથે કોર્ટ પાસે પીટરને તેના મુંબઈ સ્થિત ઘરમાં પ્રવેશતા રોકવાની પણ માંગ કરવામાં આવી છે.

# 'બિગ બોસ 19'માં ફિનાલે પહેલા ધડબડાટી, નોમિનેશન ટાસ્કમાં માલતી ચહરે તાન્યા મિત્તલને લાફો ઝિંક્યો

**મુંબઈ, તા. 26**

ટેલિવિઝનના લોકપ્રિય રિયાલિટી શો 'બિગ બોસ 19'માંથી ફિનાલે પહેલા એક્ટ્રેસ કુનિકા સદાનંદ બહાર થઈ ગઈ છે. 'વીકેન્ડ કા વાર' એપિસોડમાં સલમાન ખાને તેના એવિક્શનની જાહેરાત કરતા તેની સફરના વખાણ કર્યા છે. આ પછી હવે આજે શોમાં નોમિનેશન ટાસ્ક થશે. આ ટાસ્કનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં માલતી ચાહર, તાન્યા મિત્તલ પર હાથ ઉઠાવતી જોવા મળી રહી છે. 'કલર્સ' ચેનલ દ્વારા 'બિગ બોસ 19'ના નોમિનેશન ટાસ્કનો એક પ્રોમો વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. ટાસ્ક અનુસાર, બધાં સ્પર્ધકોએ એક પછી એક એવી વ્યક્તિના ચહેરા પર નોમિનેશન સ્ટેમ્પ લગાવવાનો હતો, જેને તેઓ નોમિનેટ કરવા માંગે છે. કોમેડિયન પ્રણિત મોરેએ અમાલને નોમિનેટ કર્યો, જ્યારે શહેબાઝે તાન્યાને નકલી કહીને તેના ચહેરા પર સ્ટેમ્પ લગાવ્યો. અમાલે ગૌરવ ખન્નાને નોમિનેટ કર્યો, ત્યારબાદ તાન્યાએ માલતીને નોમિનેટ કરતા કહ્યું કે, તે ફિનાલે માટે લાયક લાગતી નથી. જેવી તાન્યાએ સ્ટેમ્પ ઉઠાવ્યો, માલતીએ પોતાનો ચહેરો આગળ કર્યો, પરંતુ તાન્યાએ માલતીના ગાલ કે કપાળને બદલે તેના મોં પર સ્ટેમ્પ લગાવ્યો, જેનાથી તે ગુસ્સે થઈ ગઈ. આ પછી માલતી, તાન્યાને થપ્પડ મારતી જોવા મળી.






# 'બાગી 4' ફેમ સોનમ બાજવા મસ્જિદમાં શૂટિંગ કરી વિવાદમાં ફસાઈ

## પંજાબના શાહી ઈમામની એક્ટ્રેસ અને 'પિટ સિયાપા' ફિલ્મના મેકર્સ વિરુદ્ધ FIR નોંધવા માંગ

**મુંબઈ, તા. 26**

'બાગી 4' ફેમ એક્ટર સોનમ બાજવા મસ્જિદમાં શૂટિંગ કરીને વિવાદોમાં ફસાઈ ગઈ છે. પંજાબના શાહી ઈમામ મોહમ્મદ ઉસ્માન લુધિયાનવીએ તેના પર સરહિંદની મસ્જિદમાં 'પિટ સિયાપા' ફિલ્મનું શૂટિંગ કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે તેને અપમાન ગણાવીને ફિલ્મના કલાકારોનો સખત વિરોધ કર્યો. 'પિટ સિયાપા' ફિલ્મ 1 મે 2026ના રોજ રિલીઝ થશે. સોમવારે પ્રેસ કોન્ફરન્સ કરીને શાહી ઈમામે કહ્યું કે, 'મસ્જિદમાં શૂટિંગ કરીને અનાદરની બધી હદો પાર કરી દીધી છે. ત્યાં જ ખાવા-પીવાનું કરવામાં આવ્યું. આ ઉદ્દંડતા છે. મસ્જિદમાં મર્યાદા વિરુદ્ધના દ્રશ્યો ફિલ્માવવામાં આવ્યા છે.' શાહી ઈમામે જણાવ્યું કે, 'ફતેહગઢ સાહિબના SSP ને સોનમ બાજવા, ફિલ્મના ડિરેક્ટર અને પ્રોડ્યુસર વિરુદ્ધ FIR કરવા માટે કહેવામાં આવ્યું છે. મસ્જિદ પુરાતત્વ વિભાગ હેઠળ આવે છે, તેમ છતાં ત્યાં શૂટિંગ કરવામાં આવ્યું. પરવાનગી આપનાર અધિકારી વિરુદ્ધ પણ કાર્યવાહી કરવામાં આવે.' પંજાબના શાહી ઈમામ મૌલાના મોહમ્મદ ઉસ્માન લુધિયાનવીએ સોમવારે આ મામલે પ્રેસ કોન્ફરન્સ કરતા જણાવ્યું કે, સોનમ બાજવાની ટીમે ફતેહગઢ સાહિબના સરહિંદની મસ્જિદમાં ફિલ્મ 'પિટ સિયાપા'નું શૂટિંગ કર્યું.



# 10 વર્ષ પછી શિલ્પા શિંદેનું 'અંગૂરી ભાભી' તરીકે કમબેક

**મુંબઈ, તા. 26**

ટીવીની લોકપ્રિય સિરિયલ 'ભાભીજી ઘર પર હૈ'માં 10 વર્ષ પછી મોટો ફેરફાર થવા જઈ રહ્યો છે. શોમાં 10 વર્ષથી 'અંગૂરી ભાભી'નો રોલ ભજવતી શુભાંગી અત્રેએ શોને અલવિદા કહી દીધું છે. આ પહેલા એક્ટ્રેસ શિલ્પા શિંદે 'અંગૂરી ભાભી'નું પાત્ર ભજવતી હતી પરંતુ 10 વર્ષ પહેલા શુભાંગીએ તેને રિપ્લેસ કરી હતી. હવે સમાચાર મુજબ, ફરીથી આ રોલમાં શિલ્પા શિંદેની વાપસી થઈ રહી છે. 'ટાઈમ્સ ઓફ ઈન્ડિયા'ને આપેલા ઈન્ટરવ્યૂમાં શુભાંગીએ પોતાની સફર વિશે વાત કરતા કહ્યું, 'મેં હંમેશા મિસિસ કોહલી (શોની પ્રોડ્યૂસર બિનૈફર કોહલી)ને કહ્યું હતું કે, શોમાં મારી સફર આન, બાન અને શાનથી શરૂ થશે અને તેવી જ રીતે સમાપ્ત થશે.' 'હું આનાથી સારી વિદાયની અપેક્ષા રાખી શકતી ન હતી. મને શા માટે રિપ્લેસ કરવામાં આવી રહી છે, તેમાં ગૂંચવાવાનો કોઈ અર્થ નથી. હું તેને એક આશીર્વાદ તરીકે જોઉં છું. કારણ કે એક કલાકાર તરીકે હું નવા પાત્રોને શોધવા માંગુ છું. અહીંથી નીકળ્યા પછી ફરીથી કામની શોધ કરીશ. જીવનમાં આટલું બધું જોયા પછી, હવે હું સંપૂર્ણપણે તૈયાર છું અને ફક્ત મારી દીકરી અને કામ પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છું.' શુભાંગીએ આગળ કહ્યું, '10 વર્ષ સુધી જે શોનો ભાગ રહી છું, તેને છોડવો ભાવુક કરી રહ્યું છે. શો છોડવો ઘર છોડવા જેવું છે. શૂટના છેલ્લા દિવસોમાં હું ખૂબ ભાવુક થઈ ગઈ હતી.

# 8મું પગારપંચ લાગુ ન થાય ત્યાં સુધીમાં DA વધશે? : તેનાથી સંબંધિત વિગતો જાણો, નવું આયોગ 1 જાન્યુઆરી 2026 થી લાગુ થઈ શકે છે

**નવી દિલ્હી, તા.26**

આઠમા પગાર પંચના અમલની સમયરેખાની જાહેરાત હજુ થઈ નથી. અટકળો લગાવવામાં આવી રહી છે કે તે 1 જાન્યુઆરી 2026 થી લાગુ થઈ શકે છે. પરંતુ તેને સંપૂર્ણપણે અમલમાં આવતા 2028 સુધી રાહ જોવી પડી શકે છે.

આ કારણે ઘણા લોકોના મનમાં સવાલ છે કે શું સરકાર આગામી પગાર પંચના અમલ સુધી મોંઘવારી ભથ્થા (DA)માં સુધારો કરતી રહેશે, કે પછી કર્મચારીઓને પગાર વધારા માટે આગામી પગાર પંચ સુધી રાહ જોવી પડશે.

8મા પગાર પંચના અમલ સુધી DA નું શું થશે? નવા પગાર પંચના અમલ સુધી મોંઘવારી ભથ્થું મૂળ પગારના ટકાવારી તરીકે જ ગણવામાં આવતું રહેશે. તેને દર 6 મહિને જાન્યુઆરી અને જુલાઈમાં સુધારવામાં આવે છે.

એટલે કે, 8મા પગાર પંચના અમલ સુધી મોંઘવારી ભથ્થું મળતું રહેશે. પંચ આવ્યા પછી હાલના DAને મૂળ પગારમાં ભેળવી દેવામાં આવશે. એટલે કે, અત્યારે જે 58% DA મળી રહ્યું છે તે શૂન્ય થઈ જશે.


પગાર-પેન્શન અને ભથ્થાં સુધારવામાં આવશે 8મા સેન્ટ્રલ પે કમિશનનો હેતુ સેન્ટ્રલ ગવર્નમેન્ટ એમ્પ્લોઈની સેલરી, પેન્શન અને અલાઉન્સને રિવાઈઝ કરવાનો છે. આમાં મોંઘવારી, એમ્પ્લોઈની જરૂરિયાતો અને ગવર્નમેન્ટની અફોર્ડેબિલિટીને ધ્યાનમાં રાખવામાં આવશે. કેન્દ્રએ 28 ઓક્ટોબરે 8મા પગાર પંચના ટર્મ્સ ઓફ રેફરન્સ એટલે કે શરતોને મંજૂરી આપી હતી. હવે કમિશનની રચના પછી તે પોતાની ભલામણો 18 મહિનાની અંદર આપશે.

સમજો 8મા પગાર ધોરણનું સેલરી કેલ્ક્યુલેશન બેઝિક સેલરીમાં કેટલો વધારો થશે, તે ફિટમેન્ટ ફેક્ટર અને DA મર્જર પર નિર્ભર કરે છે. 7મા પગાર પંચમાં ફિટમેન્ટ ફેક્ટર 2.57 હતો. 8મામાં તે 2.46 હોઈ શકે છે.

દરેક પગાર પંચમાં DA શૂન્યથી શરૂ થાય છે. આ એટલા માટે કારણ કે નવો મૂળ પગાર પહેલેથી જ મોંઘવારીને ધ્યાનમાં રાખીને વધારવામાં આવે છે. આ પછી DA ફરીથી ધીમે ધીમે વધે છે.

હાલમાં DA મૂળ પગારના 58% છે. DA દૂર થવાથી કુલ પગાર (મૂળ + DA + HRA)માં વધારો થોડો ઓછો દેખાઈ શકે છે, કારણ કે 58% DAનો હિસ્સો દૂર થઈ જશે.

ફિટમેન્ટ ફેક્ટર શું છે? આ એક મલ્ટિપ્લાયર નંબર છે, જેને હાલની મૂળભૂત સેલરી સાથે ગુણીને નવી મૂળભૂત સેલરી કાઢવામાં આવે છે. પગાર પંચ તેને મોંઘવારી અને જીવન નિર્વાહ ખર્ચને ધ્યાનમાં રાખીને નક્કી કરે છે.



લાભ મળશે: કેન્દ્રીય સરકારી કર્મચારીઓ, સંરક્ષણ કર્મચારીઓ, રેલવે કર્મચારીઓ, કેન્દ્રીય સંસ્થાઓના શિક્ષકો, 100% સરકારી માલિકીના PSU, પેન્શનરો

લાભ નહીં: રાજ્ય સરકારના કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના બેંક કર્મચારીઓ, RBI અને અન્ય નિયમનકારી સંસ્થાઓના કર્મચારીઓ, બેંક પેન્શનરો

રાજ્યો પોતાના અલગ પગાર પંચની રચના કરે છે, જે સુધારા પછી કેન્દ્રીય ભલામણોને અપનાવે છે. જ્યારે જાહેર ક્ષેત્રની બેંકોના કર્મચારીઓને પગાર પંચનો લાભ મળતો નથી કારણ કે તેઓ ભારતીય બેંક સંઘ (IBA) સાથેના દ્વિપક્ષીય કરારો પર આધાર રાખે છે.

5મું પગાર પંચ: તે એપ્રિલ 1994માં ગઠિત થયું હતું. રિપોર્ટ જાન્યુઆરી 1997માં સરકારને સોંપવામાં આવ્યો હતો, પરંતુ ભલામણો 1 જાન્યુઆરી 1996થી જ લાગુ પડી ગઈ હતી. પહેલા 51 પે સ્કેલ હતા, તેમને ઘટાડીને 34 કરી દેવામાં આવ્યા.

છઠ્ઠું પગાર પંચ: તે 20 ઓક્ટોબર 2006ના રોજ સ્થાપિત થયું. રિપોર્ટ માર્ચ 2008માં તૈયાર થઈને સરકાર પાસે પહોંચ્યો. ઓગસ્ટ 2008માં રિપોર્ટને મંજૂરી મળી અને ભલામણો 1 જાન્યુઆરી 2006થી લાગુ પડી.

7મું પગાર પંચ: ફેબ્રુઆરી 2014માં તે બન્યું અને માર્ચ 2014 સુધીમાં ટર્મ્સ ઓફ રેફરન્સ ફાઈનલ થઈ ગયા. રિપોર્ટ નવેમ્બર 2015માં સોંપવામાં આવ્યો. જૂન 2016માં સરકારે મંજૂર કર્યો અને ભલામણો 1 જાન્યુઆરી 2016થી લાગુ પડી ગઈ.

કેન્દ્રીય મંત્રી બોલ્યા- વચગાળાના રિપોર્ટમાં લાગુ થવાની તારીખ આવશે કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે પે કમિશનના અમલીકરણના નિયમો પહેલાથી જ લગભગ નક્કી હોય છે, પરંતુ ઔપચારિક રીત એ છે કે વચગાળાનો રિપોર્ટ આવશે, જેમાં વેતનમાન લાગુ થવાની માહિતી હશે. પૂરી આશા છે કે આ 1 જાન્યુઆરી 2026થી જ લાગુ થશે.

આ કમિશન તેની ભલામણો રચનાની તારીખથી 18 મહિનાની અંદર આપશે. જરૂર પડ્યે, તે કોઈપણ મુદ્દા પર ભલામણો અંતિમ થતાં જ વચગાળાના રિપોર્ટ્સ મોકલવા પર વિચાર કરી શકે છે.

કમિશન જોશે કે દેશનું અર્થતંત્ર કેવું ચાલી રહ્યું છે. મોંઘવારી કેટલી છે, જીડીપી વૃદ્ધિ શું છે. એટલો જ પગાર વધારશે કે સરકારનો ખર્ચ નિયંત્રણમાં રહે, નહીં તો દેવું વધશે.

પગાર વધારવાથી સરકાર પાસે વિકાસ માટે પૈસા ઓછા ન થઈ જાય. જેમ કે રસ્તાઓ, શાળાઓ, હોસ્પિટલો બનાવવી અથવા ગરીબો માટેની યોજનાઓ ચલાવવી.

આ એવી પેન્શન યોજનાઓને ધ્યાનમાં રાખવું પડશે, જ્યાં કર્મચારીઓ પૈસા કપાતા નથી (નોન-કોન્ટ્રીબ્યુટરી). એટલે કે, જૂની પેન્શન યોજનાઓથી સરકાર પર બોજ ન વધે.

કેન્દ્રની ભલામણો મોટાભાગની રાજ્ય સરકારો થોડો ફેરફાર કરીને અપનાવે છે. કમિશન રાજ્યોના બજેટને ધ્યાનમાં રાખીને જ પગાર વધારશે.

સરકારી કંપનીઓ અને ખાનગી કંપનીઓમાં કર્મચારીઓને શું પગાર માળખું, બોનસ અને કામની શરતો મળી રહી છે. જેથી સરકારી પગાર આની સાથે મેળ ખાય.

પગાર પ્રણાલી, પેન્શન જેવા મુદ્દાઓ પર કમિશન વિચારણા કરે છે સેન્ટ્રલ પે કમિશન દર થોડા વર્ષોમાં બનાવવામાં આવે છે, જેથી પગાર પ્રણાલી, પેન્શન જેવા મુદ્દાઓ પર વિચારણા કરી શકાય. આ કમિશન જુએ છે કે કયા ફેરફારો જરૂરી છે અને પછી ભલામણો આપે છે. સામાન્ય રીતે, આ ભલામણો દર દસ વર્ષે લાગુ કરવામાં આવે છે. આ જ પેટર્ન મુજબ, 8મા સેન્ટ્રલ પે કમિશનની ભલામણો પણ 1 જાન્યુઆરી 2026 થી લાગુ થવાની અપેક્ષા છે.

આઠમું પગાર પંચ 1 જાન્યુઆરી 2026 થી લાગુ થઈ શકે છે, પરંતુ તેને સંપૂર્ણપણે અમલમાં આવતા 2028 સુધી રાહ જોવી પડી શકે છે. એટલે કે, કર્મચારીઓને 17-18 મહિનાનો એરિયર્સ એકસાથે અથવા હપ્તામાં મળશે. આનાથી 50 લાખ કર્મચારીઓ અને 69 લાખ પેન્શનરોને ફાયદો થશે.

# સેન્સેક્સ 1023 અંક વધીને 85,610 પર બંધ : નિફ્ટી પણ 321 અંક વધ્યો, IT, મેટલ અને ઓટો સહિત તમામ સેક્ટરમાં તેજી

**મુંબઈ, તા.26**

અઠવાડિયાના ત્રીજા કારોબારી દિવસે બુધવાર 26 નવેમ્બરના રોજ મોટો ઉછાળો જોવા મળ્યો. સેન્સેક્સ 1023 અંક (1.21%) વધીને 85,610 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 321 અંકનો વધારો રહ્યો, તે 26,205 પર બંધ થયો.

સેન્સેક્સના 30માંથી 28 શેર્સ વધીને બંધ થયા. બજાજ ફિનસર્વ, બજાજ ફાઈનાન્સ અને રિલાયન્સ સહિત કુલ 22 શેરોમાં 1% થી વધુનો વધારો રહ્યો.

નિફ્ટીના 50માંથી 44 શેરોમાં તેજી રહી. NSEના તમામ સેક્ટરોમાં તેજી રહી. IT, મેટલ, મીડિયા, બેન્કિંગ અને ઓટો શેર્સ 1% થી વધુ વધીને બંધ થયા.




બજારમાં આવેલી આ તેજીથી રોકાણકારોની સંપત્તિ લગભગ 5 લાખ કરોડ વધી ગઈ. BSEમાં લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ વેલ્યુ ગઈકાલના 469 લાખ કરોડની સરખામણીમાં વધીને 474 લાખ કરોડ પહોંચી ગયું છે.

સ્વાસ્તિકા ઈન્વેસ્ટમાર્ટના સિનિયર ટેકનિકલ એનાલિસ્ટ પ્રવીશ ગૌરે જણાવ્યું હતું કે આજની તેજીનું એક કારણ વૈશ્વિક બજારોમાં મજબૂતી છે. એશિયન ઈન્ડેક્સ મજબૂતી સાથે ઉપર ટ્રેડ થઈ રહ્યા છે, જ્યારે વોલ સ્ટ્રીટે ગઈકાલે રાત્રે પોઝિટિવ નોટ પર કારોબાર સમાપ્ત કર્યો હતો.

આ સુધરેલા ગ્લોબલ રિસ્ક સેન્ટિમેન્ટે ભારતીય ઈક્વિટીને ટેકો આપ્યો અને નીચલા સ્તરે નવી ખરીદીને પ્રોત્સાહન આપ્યું. એક અન્ય મહત્વપૂર્ણ સકારાત્મક ટ્રિગર યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા સંભવિત વ્યાજ દરમાં ઘટાડા અંગેનો નવો ઉત્સાહ છે.

બજારમાં તેજીનું બીજું કારણ શોર્ટ કવરિંગ માનવામાં આવે છે. છેલ્લા ત્રણ સેશનમાં શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો હતો. નિષ્ણાતોનું માનવું છે કે આ જ કારણોસર શોર્ટ કવરિંગ આવ્યું છે.

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 1.62% વધીને 3,920 પર, હોંગકોંગનો હેંગસેંગ 0.25% વધીને 25,958 પર અને જાપાનનો નિક્કેઈ 1.94% ઉપર છે. અમેરિકન બજારો: 25 નવેમ્બરે ડાઉ જોન્સ 1.43% વધીને 47,112 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.67% અને S&Pમાં 0.91% નો વધારો જોવા મળ્યો. 25 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ 917 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs- આપણા દેશના મોટા ફંડ) એ 3,423 કરોડની ખરીદી કરી.

આ મહિને અત્યાર સુધી- FIIs એ 17,227 કરોડના શેર વેચ્યા છે. જ્યારે, DIIs એ 62,746 કરોડના શેર ખરીદ્યા. આમ, જાણવા મળે છે કે બજારને સ્થાનિક રોકાણકારોનો વધુ ટેકો છે.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની ફ્રેક્ટલ એનાલિટિક્સને 4,900 કરોડના IPO માટે સેબી તરફથી મંજૂરી મળી ગઈ છે. આ દેશની પ્રથમ AI-કેન્દ્રિત લિસ્ટિંગ હશે. આનાથી રોકાણકારોને વધતા AI સેક્ટરમાં ભાગીદારી કરવાની તક મળશે. કંપની IPO માંથી એકત્ર કરાયેલી રકમનો ઉપયોગ દેવું ચૂકવવા, નવી ઓફિસો બનાવવા અને રિસર્ચ અને ડેવલપમેન્ટમાં કરશે.

એક્સેલસોફ્ટ ટેક્નોલોજીસનો શેર NSE અને BSE પર 12.50% ઉપર 135 રૂપિયા પર લિસ્ટ થયો. તેનો ઈશ્યૂ પ્રાઈસ 120 રૂપિયા હતો. તેનો IPO 19 નવેમ્બરથી 21 નવેમ્બર સુધી ઓપન હતો.

25 નવેમ્બરે શેરબજારમાં ઘટાડો રહ્યો હતો. સેન્સેક્સ 314 પોઈન્ટ ઘટીને 84,587 પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટીમાં 75 પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો, તે 25,885 પર બંધ થયો હતો.

**સોનું 885 રૂપિયા મોંઘું થઈને ₹1.26 લાખ પર પહોંચ્યું**

# ચાંદીમાં ₹1,536નો ઉછાળો, આ વર્ષે સોનાના ₹50 હજાર તો ચાંદીમાં ₹72 હજારનો ઉછાળો જોવા મળ્યો

**નવી દિલ્હી, તા.26**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે બુધવાર, 26 નવેમ્બરના રોજ તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર 10 ગ્રામ સોનું 885 રૂપિયા મોંઘું થઈને 1,26,004 રૂપિયા પર પહોંચી ગયું છે. ગઈકાલે 10 ગ્રામ સોનું 1,25,119 રૂપિયાનું હતું.

જ્યારે, ચાંદી 1,536 રૂપિયા મોંઘી થઈને 1,57,856 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા ચાંદીની કિંમત 1,56,320 રૂપિયા પ્રતિ 10 ગ્રામ હતી. 17 ઓક્ટોબરે સોનાએ 1,30,874 રૂપિયા અને 14 ઓક્ટોબરે ચાંદીએ 1,78,100 રૂપિયાનો ઓલ ટાઈમ હાઈ બનાવ્યો હતો.



IBJA ના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન શામેલ હોતા નથી, તેથી અલગ-અલગ શહેરોના રેટ્સ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 49,842 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024 ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,26,004 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 71,839 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,57,856 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.


સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક ધરાવતું સર્ટિફાઇડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ મુજબ અલગ-અલગ હોય છે.

# 3 વર્ષમાં 5-10 લાખ આવકવાળા 3 ગણા વધ્યા : આ વખતે રેકોર્ડ 10 કરોડ લોકો રિટર્ન ભરશે

## કરદાતાઓ આવકની સાચી માહિતી આપી રહ્યા છે

**નવી દિલ્હી, તા.26**




કેન્દ્ર સરકાર દ્વારા આવકવેરા મુક્તિ વધારવાથી રિવર્સ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે. ઈનકમ ટેક્સમાં છૂટ વધ્યા પછી આશંકા હતી કે ટેક્સ રિટર્ન કરનારાઓની સંખ્યા અને કુલ રિટર્ન ઓછું થઈ જશે. પરંતુ છેલ્લા 3 વર્ષમાં 5 થી 10 લાખ આવક ધરાવતા રિટર્ન દાતાઓની ભાગીદારી 2.8 ગણી વધી છે. નાણાકીય વર્ષ 2023-24માં 5 લાખથી 10 લાખની આવક બ્રેકેટમાં 16.39% લોકોએ રિટર્ન ભર્યું હતું. આ જ ક્રમમાં 2024-25માં 37% લોકોએ રિટર્ન ભર્યું, જ્યારે 2025-26માં આ 46% થઈ ગયું છે.

જણાવી દઈએ કે 2025-26થી નવી ટેક્સ રિજીમ હેઠળ હવે 12 લાખ સુધીની કમાણી પર કોઈ ટેક્સ લાગશે નહીં. નોકરિયાત વર્ગ માટે 75 હજારના સ્ટાન્ડર્ડ ડિડક્શન સાથે આ છૂટ 12.75 લાખ રૂપિયા થઈ જશે.

નોટિસનો ડર ખતમ: ICAIના પૂર્વ ચેરમેન (ડાયરેક્ટ ટેક્સ કમિટી) ચંદ્રશેખર ચિતલેના મતે, છૂટ મર્યાદા વધારવી એ કરદાતા સુરક્ષાનું પ્રતીક છે. અગાઉ, નાના વેપારીઓ નોટિસના ડરથી ટેક્સ ભરવાનું ટાળતા હતા. આવક છુપાવતા નથી: આવકનો મોટો ભાગ કરમુક્ત થતાં કરદાતા સંપૂર્ણ આવક જાહેર કરે છે. આ માનસિક શાંતિ આપે છે. જો પ્રામાણિકતા મફત હોય, તો લોકો પ્રામાણિકતા પસંદ કરે છે. ડિજિટલ ટ્રેકિંગ: UPI, GST અને AIS જેવી ડિજિટલ સિસ્ટમ્સથી લેણદેણને ટ્રેસ કરવું સરળ બન્યું છે. કરદાતાઓ આના કારણે ટેક્સ નિયમોનું પાલન કરી રહ્યા છે. ઉચ્ચ છૂટની મર્યાદા: એવા લોકોને 'પોતાને સુધારવાની' તક આપે છે, જેમણે ભૂતકાળમાં ડરથી ઓછી આવક જાહેર કરી હતી.

આવક પણ વધી: એક ભાગ દેશની વાસ્તવિક સમૃદ્ધિને પણ દર્શાવે છે. ઔપચારિક પગાર, ગીગ ઈકોનોમી અને નાના વ્યવસાયોમાં વૃદ્ધિને કારણે મોટી વસ્તીની આવક પહેલાથી વધી છે. પ્રથમ વખત આવકવેરા સંગ્રહ 25 લાખ કરોડ રૂપિયા વટાવશે સંસદમાં કેન્દ્રએ જણાવ્યું હતું કે 5 વર્ષમાં કોર્પોરેટ, HUF અને વ્યક્તિગત આવકવેરા દાતાઓને 13.23 લાખ કરોડ રૂપિયાની છૂટ આપવામાં આવી, પરંતુ ટેક્સ કલેક્શનમાં ઘટાડો થયો નથી. આ વર્ષે પ્રથમ વખત કુલ 25.2 લાખ કરોડના ટેક્સ સંગ્રહનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે.

# નેનો-બનાના પ્રોથી હવે નકલી આધાર અને પાન-કાર્ડ બની રહ્યા છે

**નવી દિલ્હી, તા.26**

ગૂગલનું નવું AI મોડેલ નેનો બનાના પ્રો ઝડપથી લોકપ્રિય થઈ રહ્યું છે, પરંતુ તેનાથી હવે નકલી આધાર અને પાન કાર્ડ પણ જનરેટ કરવામાં આવી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, એ વાત સામે આવી છે કે આ મોડેલ યુઝર્સના પ્રોમ્પ્ટ પર કોઈપણ ચેતવણી વિના વાસ્તવિક દેખાતા દસ્તાવેજો બનાવે છે. તેમાં યુઝરનો ફોટો, નકલી નામ અને ID નંબર બધું જ અસલ IDની જેમ ઉમેરાઈ જાય છે. આ ગોપનીયતા અને છેતરપિંડીનો મોટો ખતરો ઉભો કરી રહ્યું છે. નેનો બનાના પ્રો શું છે, કેવી રીતે કામ કરે છે નેનો બનાના પ્રો ગૂગલના જેમિની નેનો મોડેલનું અપગ્રેડેડ વર્ઝન છે, જે ગયા અઠવાડિયે લોન્ચ થયું છે. આ કેરેક્ટર કન્સિસ્ટન્સીમાં વધુ સારું છે. આ ઉપરાંત, તે 4K ઈમેજ જનરેટ અને એડિટ કરી શકે છે અને ગૂગલ સર્ચ સાથે ઈન્ટિગ્રેટેડ છે. સોશિયલ મીડિયા પર નેનો બનાના પ્રો લોકપ્રિય પણ બન્યું છે. કારણ કે તે સ્ટાઈલિશ પોટ્રેટ બનાવી શકે છે, લિંક્ડઈન પ્રોફાઈલને AI ઈન્ફોગ્રાફિક્સમાં બદલી શકે છે અને જટિલ ટેક્સ્ટને વ્હાઈટબોર્ડ સમરીમાં રૂપાંતરિત કરી શકે છે. પરંતુ સમસ્યા એ છે કે તે સંવેદનશીલ કન્ટેન્ટ પર કોઈ સુરક્ષા તપાસ કરતું નથી. પ્રોમ્પ્ટથી નકલી આધાર અને પાન કાર્ડ બનાવ્યું તપાસમાં જ્યારે નકલી આધાર અને પાન કાર્ડ બનાવવા માટે પ્રોમ્પ્ટ આપવામાં આવ્યો, ત્યારે મોડેલે કોઈ પ્રશ્ન કર્યા વિના ઈમેજ જનરેટ કરી દીધી. આમાં જેમિની વોટરમાર્ક દેખાય છે અને ઈનવિઝિબલ સિન્થઆઈડી વોટરમાર્કિંગ પણ ઉમેરાઈ જાય છે જેથી તે અસલથી અલગ લાગે. પરંતુ વોટરમાર્ક સરળતાથી દૂર કરી શકાય છે. પ્રિન્ટ કરીને અથવા ઝડપથી બતાવવા પર તે અસલી દસ્તાવેજ જેવું લાગી શકે છે. જ્યારે એક યુઝરે પોતાનો ફોટો અને નકલી વિગતો દાખલ કરી, ત્યારે બધું જ સંપૂર્ણપણે ઉમેરાઈ ગયું. સુરક્ષાના કારણોસર પ્રોમ્પ્ટ્સ શેર કરવામાં આવ્યા નથી. બેંગલુરુના એક યુઝરે ગૂગલના નેનો બનાના પ્રોનો ઉપયોગ કરીને અસલી જેવા દેખાતા પાન અને આધાર કાર્ડ બનાવ્યા. જેને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા છે. બેંગલુરુના એક યુઝરે ગૂગલના નેનો બનાના પ્રોનો ઉપયોગ કરીને અસલી જેવા દેખાતા પાન અને આધાર કાર્ડ બનાવ્યા. જેને સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવ્યા છે. તપાસમાં શું-શું મળ્યું, જૂના મોડલ્સ સાથે સરખામણી તપાસમાં જાણવા મળ્યું કે નેનો બનાના પ્રોએ નકલી આધાર કાર્ડ પર જેમિની વોટરમાર્ક સાથે ઈમેજ બનાવી, જ્યાં યુઝરનો ફોટો, નામ, જન્મ તારીખ અને 12-અંકનો આધાર નંબર બધું જ ફિટ થઈ ગયું. તેવી જ રીતે, પાન કાર્ડ પર પણ AI જનરેટેડ માર્કિંગ હતું, પરંતુ નકલી નામ, પિતાનું નામ અને 10-અંકનો PAN નંબર વાસ્તવિક લાગી રહ્યા હતા. મોડેલે જાતીય સૂચક સામગ્રી અથવા હિંસા સંબંધિત પ્રોમ્પ્ટ્સને બ્લોક કર્યા, પરંતુ ID પ્રૂફ્સ પર કોઈ પ્રતિબંધ લગાવ્યો નહીં. આ પહેલીવાર નથી કે AI મોડેલ્સે નકલી ID પ્રૂફ્સ બનાવ્યા હોય. અગાઉ ChatGPTના GPT-4o મોડેલે પણ 'ગિબલી મોમેન્ટ' દરમિયાન આવું કર્યું હતું, પરંતુ નેનો બનાના પ્રો તેના કરતાં ઘણી સારી ઈમેજ ક્વોલિટી આપે છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, 'આ ChatGPT કરતાં અનેક ગણી સારી વાસ્તવિક ઈમેજ બનાવે છે.' આનાથી ગૂગલની સેફ્ટી ટીમ પર સવાલો ઉભા થયા છે કે મૂળભૂત દુરુપયોગને કેમ રોકવામાં આવ્યો નથી, જ્યારે કંપની કડક માર્ગદર્શિકા માટે જાણીતી છે. જોખમો શું છે, પ્રાઈવસી પર શું અસર નકલી આધાર અને પાન કાર્ડ બનવાથી પ્રાઈવસીનો મોટો ખતરો છે.

**અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન**
**બગીચા ખાતુ**
**ઈ-ટેન્ડર નોટીસ નં.31/2025-26 (ઓનલાઈન)**

બગીચા ખાતામાં જુદા જુદા કામ માટે ઈ-ટેન્ડર નોટીસ નં.૩૧/૨૦૨૫-૨૬ (ઓનલાઈન) થી ઈ-ટેન્ડરો મંગાવવામાં આવે છે. આવા કામનાં અનુભવી કોન્ટ્રાક્ટરોએ ઈ-ટેન્ડરની વિગતો www.ahmedabadcity.gov.in અને https://tender.nprocure.com ઉપરથી મેળવી શકાશે. ભરેલ ઈ-ટેન્ડરો તારીખ ૦૫-૧૨-૨૦૨૫ નાં રોજ ૧૪.૦૦ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

ડે.મ્યુનિસિપલ કમિશનર
(પાર્કસ એન્ડ ગાર્ડન્સ)

**પશ્ચિમ રેલવે - રાજકોટ મંડળ**

**વિવિધ ઈલેક્ટ્રિકલ કાર્યો**

**ટેન્ડર સૂચના ક્રમાંક: DRM/RJT/E-Tender/2025-2026/37 અને 38 (EL)તારીખ: 25.11.2025**

| ક્ર. સં | ટેન્ડર નં | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | અર્નેસ્ટ મની (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM/RJT/EL/ 2025-2026/37 | (a) રાજકોટ મંડળ: રાજકોટ મંડળના ઈલેક્ટ્રિકલ પાવર અર્થિંગનું નવીનીકરણ અને (b) રાજકોટ મંડળ - રાજકોટના ઈલેક્ટ્રિકલ જનરલ એસેટ્સનું અપગ્રેડેશન | ૮૩,૭૩,૨૦૫.૫/- | ૧,૬૭,૫૦૦/- |
| 2 | DRM/RJT/EL/ 2025-2026/38 | રાજકોટ મંડળ: - વધુ પડતા જૂના ઈલેક્ટ્રિકલ LT/HT પેનલ અને અન્ય ઈલેક્ટ્રિકલ ઈન્સ્ટોલેશનનું રિપ્લેસમેન્ટ. | ૨,૩૨,૫૮,૧૧૬.૯૦/- | ૨,૬૬,૩૦૦/- |

**ઓનલાઈન અરજી કરવાની તારીખ અને સમય:** ૧૭.૧૨.૨૦૨૫ ના રોજ ૧૫.૦૦ કલાક સુધી **કાર્યાલયનું સરનામું:** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ),પશ્ચિમ રેલ્વે,કોઠી કમ્પાઉન્ડ,રાજકોટ-૩૬૦૦૦૧ **વેબસાઈટ વિગતો: www.ireps.gov.in**
RJT 156

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. ૧૮ વર્ષ ૨૦૨૫-૨૬ તારીખ: ૨૫.૧૧.૨૦૨૫**

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર | કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|---|
| 1 | DRM-ADI-152-2025-26 | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ OH ટાંકીનું બાંધકામ અને પાણીની વ્યવસ્થા અને અન્ય સંલગ્ન કાર્યો. | 2,11,02,575.79 | 2,55,500.00 |
| 2 | DRM-ADI-153-2025-26 | ડિવિઝનલ એન્જિનિયર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળના વિવિધ સંવેદનશીલ સ્થળોએ અતિક્રમણ અટકાવવા માટે આરસીસી બાઉન્ડ્રી વોલનું બાંધકામ. | 4,67,03,789.81 | 3,83,500.00 |
| 3 | DRM-ADI-154-2025-26 | અમદાવાદ મંડળ: વિવિધ માનવ સંચાલિત લેવલ ક્રોસિંગ પર રબરાઈઝ્ડ લેવલ ક્રોસિંગ સપાટી પૂરી પાડવી. | 77,46,184.48 | 1,54,900.00 |
| 4 | DRM-ADI-155-2025-26 | ડિવિઝનલ ઈજનેર (ઉત્તર)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ LHS ની ડ્રેનેજ વ્યવસ્થામાં સુધારો. | 2,23,95,231.99 | 2,62,000.00 |
| 5 | DRM-ADI-156-2025-26 | ગાંધીધામ- એસી લોકોમોટિવ્સના નાના શેડ્યૂલ નિરીક્ષણ માટે ટ્રીપ નિરીક્ષણ/એડવાન્સ નિરીક્ષણ કેન્દ્ર માટેની સુવિધાઓનું અપગ્રેડેશન. | 6,15,09,752.31 | 4,57,600.00 |
| 6 | DRM-ADI-157-2025-26 | સામખ્યાલી- ગાંધીધામ- કંડલા બંદર અને ગાંધીધામ-ભુજ -TFR- ૧૪૦.૪૦૮ TKM, ગાંધીધામ-ન્યૂ ભુજ TRR(P)-૧૪.૬૦૨ Tkm પર કિલોગ્રામ ડી-માર્ક રેલને દૂર કરવા અને ADEN-ગાંધીધામ હેઠળ કેઝ્યુઅલ રેલ નવીકરણ. | 5,72,28,487.97 | 4,36,200.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 23/12/2025, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)-અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ:** www.ireps.gov.in
ADI 213

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ઈસનપુર ડિમોલિશન: 925 દબાણો દૂર કર્યા બાદ પોલીસ કમિશ્નરે ઘટના સ્થળે જઈને કરી સમીક્ષા

**અમદાવાદ, તા.26**

અમદાવાદના ઈસનપુર વિસ્તારમાં બે દિવસ પૂર્વે દબાણ હટાવવાની જે કામગીરી હાથ ધરવામાં આવી હતી, તે સ્થળની આજે અમદાવાદ પોલીસ કમિશ્નર જી. એસ. મલિકે મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમની સાથે અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહત્ત્વનું છે કે, તાજેતરમાં જ ઈસનપુર તળાવ નજીક થયેલા ગેરકાયદે દબાણોને દૂર કરવામાં આવ્યા હતા. પોલીસ કમિશ્નરે આ મુલાકાત ઉપરાંત, ચંડોળા તળાવની પણ મુલાકાત લીધી હતી. ચંડોળા તળાવના વિસ્તારમાં ચાલી રહેલી વિવિધ કામગીરી અને વિકાસ કાર્યોની તેમણે સમીક્ષા કરી હતી.



અમદાવાદના દક્ષિણ ઝોનમાં આવેલા અને શહેરના ત્રીજા નંબરના સૌથી મોટા તળાવ તરીકે ગણાતા ઈસનપુર તળાવના વોટરબોડીની જગ્યામાં થયેલા દબાણો પર મ્યુનિસિપલ કોર્પોરેશને સોમવારથી મેગા ડિમોલિશનની કામગીરી શરુ કરી હતી. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે 925 જેટલા કાચા-પાકા બાંધકામો દૂર કરવામાં આવ્યા હતા. ચોમાસા પહેલાં જ આ રહેણાક મકાનોને કોર્પોરેશન દ્વારા નોટિસ ફટકારવામાં આવી હતી.

ચાર અલગ-અલગ બ્લોકમાં કામગીરી કરીને આશરે 95,640 ચોરસ મીટર જેટલી જમીન ખુલ્લી કરવામાં આવી હતી, જે પૈકી મોટાભાગની કામગીરી સોમવારે મોડી સાંજ સુધીમાં પૂરી કરી લેવાઈ હતી. અગાઉ, તળાવની જગ્યામાં ઊભી કરાયેલી 167 કોમર્શિયલ દુકાનો પણ કોર્પોરેશને તોડી પાડી હતી. આ ડિમોલિશનની કામગીરી શરુ થતાં પહેલાં જ મ્યુનિસિપલ કમિશ્નર બંછાનિધિ પાનીએ એક સપ્તાહ પહેલાં કોર્પોરેશન અને કલેક્ટર હસ્તકના તમામ તળાવોના વોટરબોડીમાં થયેલા બાંધકામો દૂર કરવા અને તળાવોની સફાઈ કરવા માટે તાકીદ કરી હતી.

કોર્પોરેશન દ્વારા ઈસનપુર તળાવની જગ્યામાં કરાયેલા મેગા ડિમોલિશનને પગલે વર્ષોથી રહેતા લોકોની રજૂઆતોને ધ્યાનમાં લેવામાં આવી છે. માનવતાના ધોરણે આવાસ ફાળવવા માટે જરૂરી પુરાવા સાથે અસરગ્રસ્તો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. આ અરજીઓની ચકાસણી કર્યા બાદ કેન્દ્ર સરકારની યોજના હેઠળ યોગ્ય અસરગ્રસ્તોને આવાસની ફાળવણી કરવામાં આવશે. તળાવમાંથી દબાણો હટાવવાની મોટાભાગની કામગીરી પૂરી થઈ ગઈ છે અને હવે માત્ર કાટમાળ દૂર કરવાનું કામ બાકી છે.

આ કાટમાળ હટાવ્યા બાદ તળાવના ડેવલપમેન્ટની કામગીરી હાથ ધરાશે, જેમાં સ્ટ્રોમ વોટર લાઈન મારફતે તળાવને વરસાદી પાણીથી ભરવામાં આવશે. આનાથી આસપાસના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યા હલ થશે. જોકે, દસ વર્ષ અગાઉ તળાવની જગ્યામાં પુરાણ કરીને કેટલીક દુકાનો બની ગઈ હતી. તે સમયે નોટિસ અપાઈ હોવા છતાં, તત્કાલીન ઈસનપુર વૉર્ડના એક કોર્પોરેટર અને વૉર્ડ પ્રમુખની દુકાનોને તોડવાની નોટિસ મળતાં તેમણે રાજકીય વગ વાપરીને આ મામલો રફેદફે કરાવી નાખ્યો હોવાની વિગતો પણ બહાર આવી છે.

# સેક્ટર-24માં આવેલા આદર્શ નગરમાં ગેરકાયદે ઓરડીઓ પર બુલડોઝર ફેરવાયુ

## ગેરકાયદે બાંધકામ કરીને ભાડે આપી દેવાતા સ્થાનિકોના વિરોધને પગલે મ્યુનિ. કોર્પોરેશનની મદદથી કાર્યવાહી

**ગાંધીનગર, તા.26**

સ્થાનિક રહેવાસીઓના લાંબા સમયના વિરોધ અને રજૂઆતો બાદ ગાંધીનગરના સેક્ટર-૨૪ સ્થિત આદર્શ નગરમાં આજે હાઉસિંગ બોર્ડ દ્વારા એક મોટું દબાણ હટાવવાનું ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ગેરકાયદેસર રીતે બાંધવામાં આવેલા ઓરડાઓ અને પાકા બાંધકામને મ્યુનિસિપલ કોર્પોરેશનની મદદથી મશીનરી દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા.



સેક્ટર ૨૪ ના આદર્શ નગરમાં આવેલો પ્લોટ નંબર ૭૧૩ છેલ્લા કેટલાક સમયથી વિવાદનું કેન્દ્ર રહ્યો છે. મૂળભૂત રીતે આ પ્લોટ પર એક હોસ્ટેલ ચાલતી હતી, જેનો સ્થાનિક રહેવાસીઓએ ભારે વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધને પગલે સત્તાધીશો દ્વારા હોસ્ટેલની પ્રવૃત્તિ બંધ કરાવી દેવામાં આવી હતી. જોકે, હોસ્ટેલ બંધ થયા બાદ પણ પ્લોટના માલિકો કે સંચાલકો દ્વારા અન્ય એક ગેરકાયદે પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. હોસ્ટેલ બંધ થયા બાદ અહીં ઉપરના માળ પર ગેરકાયદેસર રીતે અને નિયમોનું ઉલ્લંઘન કરીને પાકા ઓરડાઓનું બાંધકામ કરી દેવાયું હતું. આ ગેરકાયદેસર બાંધકામને આવાસ તરીકે ભાડે આપવાની પ્રવૃત્તિ શરૂ કરવામાં આવી હતી. જેનાં કારણે વિસ્તારમાં વસ્તીનું ભારણ વધ્યું હતું, તેમજ સુરક્ષા અને સુવિધાને લગતા પ્રશ્નો પણ ઉભા થયા હતા. સ્થાનિકોએ આ ગેરકાયદેસર ભાડા પ્રવૃત્તિ અને અનધિકૃત બાંધકામ અંગે હાઉસિંગ બોર્ડમાં વારંવાર અને અસરકારક રજૂઆતો કરી હતી. સ્થાનિકોની રજૂઆતોને ગંભીરતાથી લેતા, હાઉસિંગ બોર્ડ દ્વારા પ્લોટ નંબર ૭૧૩ના માલિકોને આ ગેરકાયદેસર બાંધકામ દૂર કરવા માટે વારંવાર નોટિસો ફટકારવામાં આવી હતી.

# ચાંદખેડામાં છૂટાછેડા બાદ મૈત્રી કરારમાં રહેતી 25 વર્ષીય યુવતીનો આપઘાત, પતિ, દિયર અને સાસુ વિરુદ્ધ ફરિયાદ

**અમદાવાદ, તા.26**

ચાંદખેડામાં છૂટાછેડા લીધા બાદ પોતાના જ પતિ સાથે મૈત્રી કરારમાં રહેતી એક 25 વર્ષીય યુવતીએ આપઘાત કર્યાની ઘટના સામે આવી છે. અહીં યુવતીએ ત્રાસથી કંટાળીને ફ્લેટના ધાબા પરથી કૂદીને આપઘાત કરી લીધો છે. આ મામલે મૃતકના પિતાએ ચાંદખેડા પોલીસ સ્ટેશનમાં તેના પૂર્વ પતિ, દિયર અને સાસુ વિરુદ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે.



મળતી માહિતી મુજબ, મૃતક યુવતીના પિતા તાલુકા હેલ્થ સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. પોલીસ ફરિયાદ મુજબ, તેમની દીકરીએ વર્ષ 2020માં પરિવારની મરજી વિરુદ્ધ જ ચાંદખેડામાં રહેતા ટીપેન્દ્ર પિયજા નામના યુવક સાથે કોર્ટ મેરેજ કર્યા હતા. લગ્ન બાદ જ્યારે તે સાસરીમાં રહેતી હતી, ત્યારે તેના પતિ ટીપેન્દ્ર, સાસુ હિરલ અને દિયર જૈમીન તેને સતત શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. આ ત્રાસથી કંટાળીને મૈત્રીએ લગ્નના માત્ર 10 મહિનામાં જ છૂટાછેડા લઈ લીધા હતા અને તે પોતાના પિતાના ઘરે પરત આવી ગઈ હતી. આ છૂટાછેડાના માત્ર બે મહિના બાદ જ ફરીથી ટીપેન્દ્ર સાથે ભાગી ગઈ હતી. જોકે, કાયદેસર રીતે છૂટાછેડા લીધેલા હોવાથી બંને મૈત્રી કરાર કરીને પતિ-પત્નીની જેમ સાથે રહેતા હતા. આ સંબંધ દરમિયાન તેમને એક બાળક પણ છે. મૃતક યુવતીના પિતાએ પોલીસ ફરિયાદમાં વધુમાં જણાવ્યું કે, દીકરી ફરીથી સાસરીમાં રહેવા લાગ્યા પછી પણ ત્રાસ ઓછો થયો નહોતો. સાસુ હિરલ અને પતિ ટીપેન્દ્ર મૈત્રીને વારંવાર ટોર્ચર કરતા હતા. સાસુ હિરલ તેને ધમકાવતી હતી કે, જો તું અમારા કહ્યા પ્રમાણે નહીં કરે તો અમે તારા દીકરાને તારી પાસેથી છીનવી લઈશું અને તને ઘરમાંથી કાઢી મૂકીશું. આ ઉપરાંત, દીકરીને તેના પિતાના ઘરેથી રૂપિયા લઈ આવવા માટે સતત દબાણ કરતા હતા અને ધાકધમકી આપતા હતા.

આ સતત ત્રાસથી કંટાળીને યુવતી 11 નવેમ્બરના રોજ તેના પિતાના ઘરે રહેવા જતી રહી હતી. તેણે પિતાને જણાવ્યું હતું કે તેના પતિ ટીપેન્દ્ર સિંગાપુર, મલેશિયા અને બેંગકોક ખાતે ગયા છે. જોકે, 21 નવેમ્બરે મૈત્રીએ તેના પિતાને જાણ કરી કે તેના પતિ ઘરે પાછા આવી ગયા છે, અને જો તે નહીં જાય તો તે ઝઘડો કરશે. આથી મૈત્રી 21 નવેમ્બરની રાત્રે સાસરીમાં પરત જતી રહી હતી. બીજા જ દિવસે, એટલે કે 22 નવેમ્બરના રોજ, મૈત્રીએ ફ્લેટના ધાબેથી કૂદીને આત્મહત્યા કરી હતી, જેમાં તેનું સ્થળ પર જ કરુણ મોત નીપજ્યું હતું. મૈત્રીના પરિવારે આ મામલે પતિ ટીપેન્દ્ર, સાસુ હિરલ અને દિયર જૈમીન સામે આત્મહત્યા માટે દુષ્પ્રેરણાની ફરિયાદ નોંધાવી છે. ચાંદખેડા પોલીસે આ ગંભીર કેસમાં વધુ તપાસ હાથ ધરી છે.

# 12 લાખથી વધુ લોકોને ગટરની સમસ્યામાંથી મુક્તિ મળશે

## સરખેજ ફતેવાડી ખાતે 159 કરોડના ખર્ચે નવો STP પ્લાન્ટ બનશે; પશ્ચિમ વિસ્તારમાં ડ્રેનેજની સમસ્યાનો અંત

**અમદાવાદ, તા.26**

અમદાવાદમાં દિન-પ્રતિદિન વધતી જતી વસ્તી અને શહેરી વિકાસને ધ્યાનમાં રાખીને, પશ્ચિમ વિસ્તારના બોપલ, થલતેજ, ભાડજ, હેબતપુર, સરખેજ સહિતના વિસ્તારોમાં રહેતા 12 લાખથી વધુ લોકોને નાગરિકોને ડ્રેનેજની ગંભીર સમસ્યામાંથી મુક્તિ મળે તે માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આવતીકાલે મળનારી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં સરખેજ-ફતેવાડી ખાતે રૂ. 159 કરોડના ખર્ચે નવો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (STP) અને ડ્રેનેજ લાઈન નાખવાની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે. આ દરખાસ્ત કોન્ટ્રાક્ટર ખિલાડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડને 32 % ઓછા ભાવે સોંપવામાં આવશે. બે વર્ષમાં આ કામગીરી પૂર્ણ કરવામાં આવશે.



બોપલ, થલતેજ, ભાડજ, હેબતપુર, સરખેજ વિસ્તારોની જુદી જુદી ટી.પી. સ્કીમોમાં રહેણાંક અને કોમર્શિયલ ડેવલોપમેન્ટ થઈ રહ્યું છે જેના કારણે ડ્રેનેજનો ફ્લો વધશે. આ વિસ્તારમાં ગટરના પાણી બેક મારતા હોવા અંગેની સમસ્યાઓ ઉદભવી રહી છે. નીચાણવાળા વિસ્તારો જેવા કે દક્ષિણ બોપલ, શાંતિપુર સર્કલ પાસે એપલવોડ ટાઉનશીપ સામેનો વિસ્તાર, સરખેજના એસ.પી રીંગ રોડને સમાંતર વિસ્તારોમાં મક્તમપુરા, સનાથલ જેના વિસ્તારોમાં માળખાગત ડ્રેનેજ નેટવર્કની સુવિધાના અભાવે ભારે વરસાદ દરમિયાન આ વિસ્તારોમાં રસ્તા ઉપર પાણીના નિકાલ માટે સ્થાનિકો દ્વારા રજૂઆત આવે છે. જેથી નવી ડ્રેનેજ લાઈન અને સુએજ પંપીંગ સ્ટેશન બનાવવાની જરૂરિયાત ઊભી થતાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નવો STP પ્લાન્ટ બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

શહેરના ફતેવાડી વિસ્તારમાં આગામી વર્ષ 1236 અને 1250ને ધ્યાનમાં રાખીને શાંતિપુરા સર્કલથી સાબરમતી નદી સુધી 2400 MMની પાઈપલાઈન રાખવા સાથે નવું ડ્રેનેજ પંપીંગ સ્ટેશન અને STP બનાવવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં ઓડિટર અને કન્સલ્ટન્ટ દ્વારા ટેન્ડરમાં આવેલી કંપનીઓની ક્વોલિફિકેશન અને ડોક્યુમેન્ટ વગેરે તપાસવામાં આવ્યા હતા. કોન્ટ્રાક્ટર ખિલારી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ દ્વારા અંદાજિત રકમ દ્વારા 32 ટકા ઓછા ભાવ ભરવામાં આવ્યા હતા. જેમાં 134 કરોડના ખર્ચે નવો STP અને 10 વર્ષના ઓપરેશન મેન્ટેનન્સના 35 કરોડ સાથે કુલ 159 કરોડના ખર્ચે STP બનાવવા માટેની દરખાસ્ત રજૂ કરવામાં આવી છે.

# ઈસ્કોન-આંબલી અને આંબાવાડીના બે સ્પામાં દરોડા, બેની ધરપકડ, એક ફરાર

**અમદાવાદ, તા.26**

અમદાવાદ પોલીસે સ્પાની આડમાં ચાલતા દેહવ્યાપારના ગોરખધંધા પર રેડ પાડી છે. પોલીસે ઈસ્કોન-આંબલી રોડ પર આવેલા ધી ઝીરો સ્પામાં અને આંબાવાડી વિસ્તારમાં લેમન આયુર્વેદિક સ્પામાં બાતમીને આધારે રેડ કરી હતી. પોલીસે ધી ઝીરો સ્પામાંથી સંચાલિકા મહિલા અને મેજેનરની ધરપકડ કરી છે. તો લેમન આયુર્વેદિક સ્પાનો સંચાલક રેડ પહેલાં જ ફરાર થઈ જતાં તેની શોધવા તપાસ હાથ ધરી છે.

ઈસ્કોન-આંબલી રોડ ખાતે આવેલા વનવર્લ્ડ વેસ્ટ કોમ્પ્લેક્ષમાં ચાલતા 'ધી ઝીરો સ્પા' પર સરખેજ પોલીસે ગેરકાયદેસર દેહવ્યાપારની બાતમીના આધારે દરોડો પાડી દેહવ્યાપારના ધંધાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે સ્પાના રિસેપ્શન પરથી રોકડ રકમ તેમજ રૂમમાંથી મહિલા સાથે ડમી ગ્રાહક મળી આવતા ગુનો નોંધ્યો છે. આ ઉપરાંત તપાસ દરમિયાન અન્ય રૂમોમાંથી ત્રણ મહિલાઓ મળી આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, સ્પાની મહિલા સંચાલિકા દ્વારા પૈસા લઈ દેહવ્યાપાર કરાવવામાં આવતો હતો અને મેનેજર દ્વારા ગ્રાહક દીઠ રકમ વસૂલાતી હતી. આ મહિલાઓએ ખુલાસો કર્યો કે તેમને માસિક ચુકવણી નક્કી કરાઈ હતી.

# અમદાવાદમાં શિયાળા શરૂ થતાં તસ્કરોનો તરખાટ શરૂ, દરિયાપુર અને નાના ચિલોડામાં ચોરી

**અમદાવાદ, તા.26**

શિયાળાની કાતિલ ઠંડીની શરૂઆત થતાની સાથે જ અમદાવાદમાં તસ્કરોની ટોળકી સક્રિય થઈ ગઈ છે, જેના કારણે ચોરીની ઘટનાઓનો વધી રહી છે. શહેરીજનો મોડી રાત્રે મીઠી નીંદર માણી રહ્યા હોય છે, ત્યારે તસ્કરો ચોરીને અંજામ આપવા મેદાનમાં ઉતરે છે. દરિયાપુર અને નાના ચિલોડા વિસ્તારમાં ચોરીના બે મોટા બનાવો પોલીસ ચોપડે નોંધાયા છે, જેમાં કુલ લાખો રૂપિયાની માલમત્તાની ચોરી થઈ છે. દરિયાપુરના લુણસાવાડ વિસ્તારમાં રહેતા વેપારી નિરવ પ્રજાપતિના ઘરમાંથી 23.10 લાખ રૂપિયાની માલમત્તાની ચોરી થતાં ચકચાર મચી ગઈ છે. નિરવ પ્રજાપતિએ દરિયાપુર પોલીસ સ્ટેશનમાં ચોરીની ફરિયાદ નોંધાવી છે. નિરવ પ્રજાપતિએ જગતપુર ગામ ખાતે નવા ફ્લેટની સ્કીમમાં મકાન ખરીદ્યું હતું, જેનું વાસ્તુપૂજન રવિવાર અને સોમવારના દિવસે રાખવામાં આવ્યું હતું. આ કારણે નિરવ પરિવાર સાથે જૂના દરિયાપુરના ઘરને તાળું મારીને નવા ફ્લેટમાં રહેવા ગયા હતા.

મંગળવારે બપોરે નિરવ જ્યારે દરિયાપુરવાળા ઘરે સામાન લેવા આવ્યા, ત્યારે ઘરની બારી ખુલ્લી જોઈ હતી. તેમની જલ્પાએ તપાસ કરતાં કબાટ ખુલ્લો હતો અને ડ્રોવરમાં રાખેલા રૂપિયા 12 લાખ રોકડા ગાયબ હતા. વધુ તપાસમાં



200 ગ્રામ સોનાની લગડી, સોનાના દાગીના તેમજ ચાંદીની લગડી સહિત કુલ 23.10 લાખની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. દરિયાપુર ઉપરાંત, નાના ચિલોડા વિસ્તારમાં આવેલા પુષ્પક બંગ્લોઝમાં રહેતા પુનમ ઠાકોરના ઘરે પણ ચોરીની ઘટના બની છે. ઘરમાં રાખેલી તિજોરીનું લોક ખુલ્લું જોઈને તપાસ કરતાં પુનમની સોનાની ચેઈન, ચાંદીની પાયલ અને સોનાના ઝુમ્મર ગાયબ હતા. આ મામલે પુનમે નરોડા પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો સામે ચોરીની ફરિયાદ નોંધાવી છે. શિયાળામાં ઠંડીને કારણે સિક્યોરિટી ગાર્ડ્સ અને લોકો વહેલા સુઈ જાય છે, જેનો લાભ તસ્કરો ઉઠાવે છે. ચોરીની ઘટનાઓને રોકવા માટે અમદાવાદ પોલીસ કમિશ્નર જી. એસ. મલિકના માર્ગદર્શન હેઠળ પોલીસ એલર્ટ થઈ છે. પોલીસે શહેરભરમાં કોમ્બિંગ શરૂ કર્યું છે અને કાતિલ ઠંડીમાં મોડી રાત્રે તમામ વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. પોલીસ સીસીટીવી કેમેરા ચેક કરવા ઉપરાંત, જેલમાંથી ચોરીના આરોપમાં છૂટેલા ચોરો પર પણ વોચ રાખી રહી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

